અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક

# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

તારીખ : ૦૨ ઓક્ટોબર ૨૦૨૫, ગુરુવાર | વર્ષ : ૧૭ | તંત્રી : પટેલ સુરેશ રમણલાલ | કિંમત : રૂા. ૨.૦૦
વિક્રમ સંવત ૨૦૮૧, આસો સુદ ૧૦ | અંક : ૯૩ | અમદાવાદ | પાના : ૮

ઓફિસ : ૩૧૫, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫. મો. : ૯૯૯૮૮ ૫૦૯૯૨ e-mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com RNI Reg. No. GUJGUJ/2009/28886

### કેંદ્રીય કર્મચારીઓને મળી દશેરા-દિવાળીની ભેટ

## કેન્દ્રીય કર્મચારીઓ અને પેન્શનરોના મોંઘવારી ભથ્થામાં ૩ ટકાનો વધારો

### આ વધારો સાતમા પગાર પંચ હેઠળ આવરી લેવામાં આવતા તમામ કેન્દ્ર સરકારના કર્મચારીઓ તેમજ પેન્શનરો અને પરિવારના પેન્શનરોને લાગુ પડશે

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧ ।

દિવાળી-દશેરા પહેલા, કેબિનેટે કેન્દ્રીય કર્મચારીઓ માટે મોંઘવારી ભથ્થા (DA Hike) માં ૩ ટકાનો વધારો કરવાની મંજૂરી આપી છે. બુધવારે, કેબિનેટે કેન્દ્રીય કર્મચારીઓ અને પેન્શનરો માટે મોંઘવારી ભથ્થામાં ૩ ટકાનો વધારો કરવાની જાહેરાત કરી. આ સાથે, કર્મચારીઓનું મોંઘવારી ભથ્થું હવે ૫૫ ટકાથી વધીને ૫૮ ટકા થઈ ગયું છે. આ વધારો ૧ જુલાઈ, ૨૦૨૫થી અસરકારક માનવામાં આવશે. દિવાળી પહેલા કર્મચારીઓને ઓક્ટોબરના પગાર સાથે જુલાઈ, ઓગસ્ટ અને સપ્ટેમ્બરના બાકી પગાર પણ મળશે. આનો અર્થ એ છે કે પગારમાં નોંધપાત્ર વધારો થશે. આનાથી કર્મચારીઓ અને પેન્શનરોને તહેવારોની ખરીદીમાં જોડાવા માટે પ્રોત્સાહિત કરવામાં આવશે. આ વધારો સાતમા પગાર પંચ હેઠળ આવરી લેવામાં આવતા તમામ કેન્દ્ર સરકારના કર્મચારીઓ તેમજ પેન્શનરો અને પરિવારના પેન્શનરોને લાગુ પડશે. દિવાળી પહેલા કેન્દ્ર સરકારના કર્મચારીઓ અને પેન્શનરો માટે મોંઘવારી ભથ્થા (DA) અને મોંઘવારી રાહત (DR) માં મોટો વધારો જાહેર કરવામાં આવ્યો છે. આ વર્ષે મોંઘવારી ભથ્થા (DA)માં આ બીજો વધારો છે. સરકાર વર્ષમાં બે વાર મોંઘવારી ભથ્થા (DA)માં સુધારો કરે છે. જો કોઈનો મૂળ પગાર રૂ.૩૦,૦૦૦ છે, તો તેને દર મહિને વધારાના રૂ.૯૦૦ મળશે, જ્યારે રૂ.૪૦,૦૦૦ કમાતા કર્મચારીને વધારાના રૂ.૧,૨૦૦ મળશે. ત્રણ મહિનામાં, બાકી રકમ કુલ રૂ.૨,૭૦૦થી રૂ.૩,૬૦૦ થશે. તહેવારોની મોસમ દરમિયાન આ એક મોટી રાહત હશે. ઔદ્યોગિક કામદારો માટે ઓલ ઈન્ડિયા કન્ઝ્યુમર પ્રાઈસ ઈન્ડેક્સ (CPI-IW) દ્વારા માપવામાં આવતા ફુગાવાના વલણોના આધારે, જાન્યુઆરી અને જુલાઈમાં, વર્ષમાં બે વાર મોંઘવારી ભથ્થું (DA) અને મોંઘવારી રાહત (DR) સુધારવામાં આવે છે. જોકે જાહેરાતો ઘણીવાર વિલંબિત થાય છે, બાકી રકમ આ વિલંબને ભરપાઈ કરે છે. આ સુધારો ૭મા પગાર પંચ હેઠળ છેલ્લો હોવાની અપેક્ષા છે. ૮મા પગાર પંચનો અમલ જાન્યુઆરી ૨૦૨૬થી થઈ શકે છે. દિવાળી પહેલા, કેન્દ્ર સરકારના કર્મચારીઓ અને પેન્શનરો માટે મોંઘવારી ભથ્થા (DA) અને મોંઘવારી રાહત (DR) માં વધારાની મોટી જાહેરાત કરવામાં આવી છે. આ વર્ષે મોંઘવારી ભથ્થા (DA) માં આ બીજો વધારો છે. સરકાર વર્ષમાં બે વાર મોંઘવારી ભથ્થા (DA) માં સુધારો કરે છે.

### સરકાર હવે ૧૯૭૦ના દાયકાના અંતવાળી એક બોર્ડર વિંગ હોમગાર્ડ્સ યોજના ફરીથી શરૂ કરવાનું પ્લાન કરી રહી છે

## લદાખ હિંસા, પહેલગામ હુમલા બાદ મોદી સરકારનું મોટું પગલું

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧ ।

હાલમાં જ લદાખમાં થયેલી અશાંતિ અને આ વર્ષની શરૂઆતમાં થયેલા પહેલગામ આતંકી હુમલાને ધ્યાનમાં રાખીને હવે કેન્દ્ર સરકાર સતર્ક થઈ ગઈ છે અને બોર્ડર વિંગ હોમગાર્ડ્સ (BWHG) ને ફરીથી જીવંત કરવાની યોજના ઘડી રહી છે. કારણ કે ચીન અને પાકિસ્તાનની સરહદો પર સીમા સુરક્ષા દળોની સાથે સક્રિય ભાગીદારી સુનિશ્ચિત થઈ શકે. મીડિયા રિપોર્ટ મુજબ આ ઘટનાક્રમથી માહિતગાર અધિકારીઓએ જણાવ્યું કે હોમગાર્ડ્સમાં સ્થાનિક લોકો સામેલ હશે જે ભારત તિબ્બત સીમા પોલીસ (ITBP) અને સીમા સુરક્ષા બળ(BSF) જેવા સરહદી સુરક્ષા દળોની આંખ અને કાન જેવા કામ કરશે. અધિકારીઓના જણાવ્યાં મુજબ આ યોજના ૧૯૭૦ના દાયકાના અંતમાં અસ્તિત્વમાં હતી પરંતુ રાજ્ય પોલીસ અને સીમા સુરક્ષા દળો વચ્ચે નાણાકીય મુદ્દાઓના કારણે તેને બંધ કરાઈ હતી. અધિકારીઓએ જણાવ્યું કે ગૃહ મંત્રાલય રાજ્ય અને કેન્દ્રીય દળો વચ્ચે નોડલ બિંદુ તરીકે કામ કરી શકે છે. અધિકારીઓએ જણાવ્યું કે નેપાળ અને બાંગ્લાદેશ સહિત પાડોશી દેશોમાં હાલના ઘટનાક્રમો બાદ એવું સૂચન આપવામાં આવ્યું છે કે સ્થાનિક લોકોને અસ્થાયી આધાર પર નિયુક્ત કરવામાં આવે. જો કે તેમને થતી ચૂકવણી કેન્દ્રીય દળો અને રાજ્ય પોલીસ વચ્ચે એક વિવાદાસ્પદ મુદ્દો બન્યો છે. ભારત ચીન સાથે અરુણાચલ પ્રદેશ, સિક્કિમ, ઉત્તરાખંડ, હિમાચલ પ્રદેશ અને લદાખમાં ૩૪૮૮ કિલોમીટર લાંબી સરહદ શેર કરે છે. પાકિસ્તાન સાથે ગુજરાત, રાજસ્થાન, પંજાબ, જમ્મુ કાશ્મીર અને લદાખમાં ૩૩૨૩ કિમી લાંબી સરહદ જોડાયેલી છે.

## કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગેની અચાનક લથડી તબિયત

। (એજન્સી) બેંગલુરુ, તા.૧ ।

કોંગ્રેસ પાર્ટીના અધ્યક્ષ કરજુન ખડગેની તબિયત અચાનક લથડી હતી અને બુધવારે તેમને બેંગલુરુની એક હોસ્પિટલમાં સારવાર માટે દાખલ કરવામાં આવ્યા હતા. ૨૪ સપ્ટેમ્બરના રોજ તેમણે બિહારના પટનામાં કોંગ્રેસ કાર્યકારી સમિતિ (CWC)ની વિસ્તૃત બેઠકમાં હાજરી આપી હતી. બાદમાં ૨૯ સપ્ટેમ્બરના રોજ જાહેરાત કરવામાં આવી હતી કે તેઓ ૭ ઓક્ટોબરના રોજ નાગાલેન્ડના કોહિમામાં એક જાહેર રેલીને સંબોધિત કરશે. અહેવાલ છે કે કોંગ્રેસ પાર્ટીના અધ્યક્ષ ખડગેને મંગળવારે તાવ અને પગમાં દુખાવાની ફરિયાદ બાદ બેંગલુરુની એક હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યા હતા.

## ફિલિપાઈન્સમાં ભૂકંપથી ભારે તબાહી, અનેક ઈમારતો ધરાશાયી થતાં ૬૦ના મોત

। (એજન્સી) ફિલિપાઇન્સ, તા.૧ ।

ફિલિપાઈન્સમાં ૬.૯ ની તીવ્રતાનો શક્તિશાળી ભૂકંપ આવ્યો હતો, જેના કારણે દેશના ઘણા ભાગોમાં વિનાશ સર્જાયો હતો. એક વરિષ્ઠ અધિકારીએ જણાવ્યું હતું કે કુદરતી આફતમાં ઘણી ઈમારતો ધરાશાયી થઈ હતી જેમાં ઓછામાં ઓછા ૬૦લોકો માર્યા ગયા હતા. ભૂકંપના કેન્દ્ર અને અસરગ્રસ્ત વિસ્તારોની વિગતો હજુ પણ અસ્પષ્ટ છે, પરંતુ પ્રારંભિક અહેવાલો નોંધપાત્ર નુકસાન અને જાનહાનિની પુષ્ટિ થઈ છે. અધિકારીએ જણાવ્યું હતું કે સ્થાનિક સમય મુજબ બપોરના સમયે ઘણા વિસ્તારોમાં જોરદાર ભૂકંપ અનુભવાયા હતા, જેના કારણે ગભરાટ ફેલાયો હતો અને લોકો તેમના ઘરો અને ઓફિસોમાંથી બહાર દોડી જવા મજબૂર થયા હતા. ભૂકંપ એટલો તીવ્ર હતો કે ઘણી ઈમારતો, ખાસ કરીને જૂની ઈમારતો સંપૂર્ણપણે ધરાશાયી થઈ ગઈ હતી, જેના કારણે ઘણા લોકો કાટમાળ નીચે ફસાઈ ગયા હતા. ફિલિપાઈન્સના ડિઝાસ્ટર મેનેજમેન્ટ અધિકારીઓએ તાત્કાલિક બચાવ અને રાહત કામગીરી શરૂ કરી દીધી છે. કાટમાળમાં ફસાયેલા લોકોને બચાવવા માટે બચાવ ટીમો દિવસ-રાત કામ કરી રહી છે. ઘણા લોકો હજુ પણ ગુમ હોવાથી મૃત્યુઆંક વધવાની આશંકા છે. ઘાયલોને નજીકની હોસ્પિટલોમાં લઈ જવામાં આવ્યા છે, જ્યાં તબીબી ટીમો સારવાર આપી રહી છે. એક વરિષ્ઠ ડિઝાસ્ટર મેનેજમેન્ટ અધિકારીએ જણાવ્યું હતું કે, ‘‘૬.૯ ની તીવ્રતાનો ભૂકંપ અત્યંત શક્તિશાળી હતો. ઘણી ઈમારતો ધરાશાયી થઈ ગઈ છે અને ઓછામાં ઓછા ૬૦ લોકોએ જીવ ગુમાવ્યા છે. અમે અસરગ્રસ્ત વિસ્તારોમાં બચાવ અને રાહત કામગીરી ઝડપી બનાવી રહ્યા છીએ.’’

### ઉદ્યોગપતિ ગૌતમ અદાણી અને તેમનો પરિવાર બીજા સ્થાને છે, જેની કુલ સંપત્તિ રૂ.૮.૧૫ લાખ કરોડ

## મુકેશ અંબાણી ફરી બન્યા ભારતના સૌથી ધનિક વ્યક્તિ

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧ ।

ભારતના સૌથી ધનવાન વ્યક્તિઓની ૧૪મી એમ૩એમ હુરૂન ઈન્ડિયા રિચ લિસ્ટ ૨૦૨૫મા મુકેશ અંબાણી અને તેમનો પરિવાર ફરી દેશના સૌથી ધનવાનોની યાદીમાં ટોપ સ્થાન પર આવી ગયો છે. તેમની કુલ સંપત્તિ રૂ.૯.૫૫ લાખ કરોડ આંકવામાં આવી છે. આ યાદીને સ્૩સ ઈન્ડિયા અને હુરૂન રિસર્ચ સંસ્થાએ મળી જારી કરી છે. ગૌતમ અદાણી અને તેમનો પરિવાર બીજા સ્થાને છે, જેની કુલ સંપત્તિ રૂ.૮.૧૫ લાખ કરોડ છે. આ વખતે યાદીમાં નવી એન્ટ્રી પણ જોવા મળી છે. રૌશની નાદર મલ્હોત્રા અને તેમનો પરિવાર પ્રથમવાર ટોપ ત્રણમાં સામેલ થયો છે, જેની કુલ સંપત્તિ રૂ.૨.૮૪ લાખ કરોડ, અને તે ભારતના સૌથી ધનવાન મહિલા બની ગયા છે. રિપોર્ટ્સમાં કહેવામાં આવ્યું છે કે નવી એન્ટ્રી ભારતની સંપત્તિની તસવીર બદલી રહી છે. રિપોર્ટ્સ પ્રમાણે ભારતમાં હવે ૩૫૦થી વધુ અબજોપતિ છે, જે ૧૩ વર્ષ પહેલા યાદીની શરૂઆતના સમયથી છ ગણો વધારો છે. બધા અબજોપતિઓની કુલ સંપત્તિ રૂ.૧૬૭ લાખ કરોડ છે, જે ભારતની ગ્રોસ ડોમેસ્ટિક પ્રોડક્ટ (GDP) નો લગભગ અડધો ભાગ છે.

યુવા સંપત્તિ નિર્માતા પણ પોતાની છાપ છોડી રહ્યાં છે. અરવિંદ શ્રીનિવાસ ૩૧ વર્ષ, પૅર્પ્લેક્સિટી એઆઈના સંસ્થાપક, આ વર્ષે ભારતના સૌથી યુવા અબજોપતિ બન્યા, જેમની કુલ સંપત્તિ ૨૧૧૯૦ કરોડ રૂપિયા છે. બોલીવુડ સુપરસ્ટાર શાહરૂખ ખાન પણ પ્રથમવાર અબજોપતિની ક્લબમાં સામેલ થયો, જેની કુલ સંપત્તિ ૧૨૪૯૦ કરોડ રૂપિયા આંકવામાં આવી છે. સંપત્તિના વધારાના મામલામાં આ વર્ષે નિરજ બજાજ અને તેમના પરિવારની કુલ સંપત્તિમાં મોટો વધારો થયો, અને ૬૯૮૭૫ કરોડ રૂપિયા જોડી ૨.૩૩ લાખ કરોડ સુધી પહોંચી ગઈ છે. રિપોર્ટ્સ પ્રમાણે ભારતમાં હવે ૩૫૦થી વધુ અબજોપતિ છે, જે ૧૩ વર્ષ પહેલા યાદીની શરૂઆતના સમયથી છ ગણો વધારો છે. બધા અબજોપતિઓની કુલ સંપત્તિ રૂ.૧૬૭ લાખ કરોડ છે, જે ભારતની ગ્રોસ ડોમેસ્ટિક પ્રોડક્ટ (GDP) નો લગભગ અડધો ભાગ છે.

યુવા સંપત્તિ નિર્માતા પણ પોતાની છાપ છોડી રહ્યાં છે. અરવિંદ શ્રીનિવાસ ૩૧ વર્ષ, પૅર્પ્લેક્સિટી એઆઈના સંસ્થાપક, આ વર્ષે ભારતના સૌથી યુવા અબજોપતિ બન્યા, જેમની કુલ સંપત્તિ ૨૧૧૯૦ કરોડ રૂપિયા છે. બોલીવુડ સુપરસ્ટાર શાહરૂખ ખાન પણ પ્રથમવાર અબજોપતિની ક્લબમાં સામેલ થયો, જેની કુલ સંપત્તિ ૧૨૪૯૦ કરોડ રૂપિયા આંકવામાં આવી છે. સંપત્તિના વધારાના મામલામાં આ વર્ષે નિરજ બજાજ અને તેમના પરિવારની કુલ સંપત્તિમાં મોટો વધારો થયો, અને ૬૯૮૭૫ કરોડ રૂપિયા જોડી ૨.૩૩ લાખ કરોડ સુધી પહોંચી ગઈ છે. મુંબઈ ભારતના અબજોપતિઓનું સૌથી મોટું કેન્દ્ર છે, જેમાં ૪૫૧ એન્ટ્રી છે, ત્યારબાદ દિલ્હી (૨૨૩) અને બેંગલુરૂ (૧૧૬) નું સ્થાન છે. સેક્ટર પ્રમાણે ફાર્માસ્યુટિકલ્સ ૧૩૭ એન્ટ્રી સાથે પ્રથમ સ્થાને છે, ત્યારબાદ ઈન્ડસ્ટ્રિયલ પ્રોડક્ટ્સ (૧૩૨) અને કેમિકલ્સ તથા પેટ્રોકેમિકલ્સ (૧૨૫) છે.

આ વર્ષની યાદીમાં ૧૦૧ મહિલાઓનો સમાવેશ થાય છે, એકંદરે, ભારતમાં સંપત્તિ નિર્માણના મુખ્ય પ્રેરકબળ સ્વ-નિર્મિત વ્યક્તિઓ છે, યાદીમાં સામેલ ૬૬% લોકો સ્વ-નિર્મિત છે, અને ૭૪% નવી એન્ટ્રીઓએ પોતાની સંપત્તિ જાતે બનાવી છે.

## અભિષેક શર્માએ ડેવિડ મલાનનો સર્વોચ્ચ રેટિંગનો રેકોર્ડ તોડી નાખ્યો

। (એજન્સી) જૌનપુર, તા.૧ ।

અભિષેક શર્મા હાલમાં T20 ક્રિકેટમાં ધૂમ મચાવી રહ્યો છે, તેણે એશિયા કપ ૨૦૨૫માં શાનદાર બેટિંગ કરી હતી. ICC T20 ઈન્ટરનેશનલ રેન્કિંગ જાહેર કરવામાં આવ્યું છે અને અભિષેક શર્માએ એક વર્લ્ડ રેકોર્ડ બનાવ્યો છે. તે ઈંગ્લેન્ડના ડેવિડ મલાનને પાછળ છોડીને T20 ક્રિકેટમાં સૌથી વધુ રેટિંગ મેળવનાર બેટ્સમેન બન્યો છે. અભિષેકે ૯૩૧ પોઈન્ટ નોંધાવ્યા છે, જે અત્યાર સુધીના સૌથી વધુ છે. ICC T20Iમાં ભારત માટે સૌથી વધુ રેટિંગ મેળવનાર બેટ્સમેનોની યાદીમાં તેણે વિરાટ કોહલી અને સૂર્યકુમાર યાદવને પાછળ છોડી દીધા છે.

## સુહાગરાતના ગણતરીના કલાકોમાં ૭૫ વર્ષના વૃદ્ધને મોત આંબી ગયું

। (એજન્સી) જૌનપુર, તા.૧ ।

ઉત્તર પ્રદેશના જૌનપુર જિલ્લાથી એક ચોંકાવનારો મામલો સામે આવ્યો છે. જ્યાં ગૌરા બાદશાહપુર હદના કુછમુછ ગામમાં ઘટેલી એક ઘટનાએ બધાને સ્તબ્ધ કરી નાખ્યા છે. ગામના ૭૫ વર્ષના સંગરુ રામે બીજા લગ્ન કર્યા હતા. પરંતુ સુહાગરાતના ગણતરીના કલાકોમાં જ તેમનું મોત થઈ ગયું. મળતી માહિતી મુજબ સંગરૂ રામની પહેલી પત્નીનું નિધન એક વર્ષ પહેલા થયું હતું. સંતાનહીન હોવાના કારણે એકલા જ ખેતીવાડી કરીને પોતાનું જીવન પસાર કરી રહ્યા હતા. હાલમાં જ તેમણે જલાલપુર પોલીસ મથકની ૩૫ વર્ષના મનભાવતી સાથે કોર્ટ મેરેજ કરીને મંદિરમાં વિધિ વિધાનથી લગ્ન કર્યા. મનભાવતીના પણ આ બીજા લગ્ન હતા અને તેને પહેલા પતિથી ૩ બાળકો છે. લગ્ન બાદ બંનેએ આખી રાત વાતો કરી. બીજા જ દિવસે સવારે અચાનક સંગરૂ રામની તબિયત લથડી. પરિજનો તેમને હોસ્પિટલ લઈ ગયા જ્યાં ડોક્ટરોએ મૃત જાહેર કરી દીધો. આ ઘટનાએ ગામમાં સનસની ફેલાવી દીધી છે. સંગરૂરામના ભત્રીજાઓએ અંતિમ સંસ્કાર રોકી દીધા છે. તેમનું કહેવું છે કે તેઓ દિલ્હીથી પાછા ફર્યા બાદ જ આગળની કાર્યવાહી કરશે. પરિવાર આ ઘટનાને સંદિગ્ધ માની રહ્યો છે અને હવે જોવાનું એ રહેશે કે શું પોલીસ આ મામલે તપાસ અને પોસ્ટમોર્ટમ કરાવે છે કે નહીં. હાલ સમગ્ર ગામમાં આ ઘટનાની ચર્ચા છે. મૃતકની બીજી પત્ની મનભાવતીએ કહ્યું કે, કોર્ટમાં અમે બંનેએ લગ્ન કર્યા છે. મૃતકે કોર્ટમાં કહ્યું કે તેઓ આ બાળકોની દેખભાળ કરશે અને જે મારા પૈસા છે તેને હું મારી પત્નીના બાળકોના નામે કરી દઈશ. લગ્ન બાદ અમે લોકો ઘરે આવ્યા અને ભોજન કર્યું તથા ત્યારબાદ મોડી રાત સુધી વાતો કરી. લગ્નના બીજા દિવસે તે સવારે બધાને ઉઠાડવા આવ્યા અને થોડીવાર સુધી સવારે ઘરની બહાર સૂતા હતા.



## અંભેટા ગામના પાટીયા નજીક મોડી રાત્રે એક ગમખ્વાર અકસ્માત સર્જાયો

। (એજન્સી) સુરત, તા.૧ ।

સુરતના દાંડી રોડ પર આવેલા અંભેટા ગામના પાટીયા નજીક મોડી રાત્રે એક ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો, જેમાં કારચાલકે સ્ટિયરિંગ પરનો કાબૂ ગુમાવતા કાર કાંસમાં ખાબકી હતી. આ દુર્ઘટનામાં કાંસના પાણીમાં ડૂબી જવાથી બે યુવકોના કરૂણ મોત નીપજ્યા છે. પ્રાપ્ત માહિતી અનુસાર, મોડી રાત્રે પૂરપાટ ઝડપે જઈ રહેલી કારના ચાલકે અચાનક કાબૂ ગુમાવ્યો હતો, જેના પરિણામે કાર રોડની બાજુમાં આવેલા કાંસમાં ખાબકી ગઈ હતી. અકસ્માત બાદ કાર કાંસના પાણીમાં ફસાઈ ગઈ હતી અને અંદર રહેલા બે યુવકો બહાર નીકળી શક્યા નહોતા, જેના કારણે તેમનું ઘટનાસ્થળે જ મોત થયું હતું.ઘટનાની જાણ થતાં જ સ્થાનિક પોલીસ અને ફાયર બ્રિગેડની ટીમ તાત્કાલિક ઘટનાસ્થળે દોડી આવી હતી. ફાયર ટીમે ભારે જહેમત બાદ બંને યુવકોના મૃતદેહને બહાર કાઢી પોસ્ટમોર્ટમ માટે હોસ્પિટલ ખસેડ્યા હતા. આ યુવકોના મોતના સમાચારથી તેમના પરિવારમાં શોકનો માહોલ છવાઈ ગયો છે. પોલીસે આ અંગે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

## વડોદરામાં ગરબા ગ્રાઉન્ડમાંથી મહિલાના ગળામાંથી સોનાનો અછોડો તૂટ્યો

। (એજન્સી) વડોદરા, તા.૧ ।

વડોદરાના ખોડીયાર નગર સફેદ વુડાના મકાનમાં રહેતા સુનિતાબેન દિનેશભાઈ મારવાડી ગત ૨૩મી તારીખે રાત્રે ૧૦ વાગે દેરાણી કિરણબેન સાથે વુડાનાં મકાનની પાછળ આવેલ વડોદરા નવરાત્રી મહોત્સવ ૨૦૨૫ નવલી નવરાત્રી નામના ગરબા ખાતે તારક મહેતા કા ઉલ્ટા ચશ્મા સીરીયલની ટપુસેના આવવાની હોવાથી ગયા હતા. રાત્રે એક વાગે ગરબા ગ્રાઉન્ડ ખાતે ટપુ સેનાની ટીમ આવતા તેઓ જોવા માટે ઉભા હતા. તે દરમિયાન એકત્રિત થયેલી ભીડમાંથી એક ચોરે સુનીતાબેનના ગળામાંથી સોનાનો એક તોલા વજનનો અછોડો આંચકી લીધો હતો. સુનીતાબેને પાછળ ઉભેલા લોકોને અછોડા બાબતે પૂછતા કોણ લઈ ગયું હતું તેને ખબર પડી ન હતી. બનાવ અંગે બાપોદ પોલીસે ગુનો દાખલ કરી આરોપીની શોધખોળ હાથ ધરી છે.

## સજાથી બચવા માટે ૧૭ મહિનાથી નાસતો ફરતો આરોપી ઝડપાયો

। (એજન્સી) અમદાવાદ, તા.૦૧ ।

ચેક રિટર્નના કેસમાં વડોદરા કોર્ટે આરોપી વિકાસ ગોવિંદભાઈ જાદવ (રહે-ગાયત્રીનગર સોસાયટી, હરણી વારસિયા રીંગ રોડ)ને એક વર્ષની સાદી કેદ તથા ૩.૩૦ લાખના દંડની સજા કરી હતી. સજાથી બચવા માટે આરોપી નાસ્તો કરતો હતો જેની સામે વોરંટ ઈસ્યુ થયું હોય વારસિયા પોલીસ દ્વારા આરોપીને ઝડપી પાડવા માટે અલગ અલગ ટીમો બનાવવામાં આવી હતી. તે દરમિયાન માહિતી મળી હતી તે વિકાસ જાદવ ગાયત્રી નગર સોસાયટીના નાકા પાસે ઉભો છે જેથી પોલીસે ત્યાં જઈને તપાસ કરતા વિકાસ જાદવ મળી આવ્યો હતો. જેથી પોલીસે આરોપીને પકડી કોર્ટમાં રજૂ કર્યો હતો. કોર્ટે આરોપીને સજાની અમલવારી માટે જેલમાં મોકલી આપેલ છે ઉલ્લેખનીય છે કે આરોપી છેલ્લા ૧૭ મહિનાથી નાસ્તો કરતો હતો.

# સુરત નજીક ટ્રેનના બે કોચ છૂટા પડી જતા પ્રવાસીઓના જીવ અદ્ધર થઇ ગયા

। (એજન્સી) સુરત, તા.૦૧ ।

બાંદ્રા ટર્મિનસ-અમૃતસર એક્સપ્રેસ ટ્રેનના કોચ છૂટા પડી જતાં પ્રવાસીઓમાં નાસભાગ મચી ગઇ હતી. પહેલી ઘટના મહારાષ્ટ્રના દહાણુ રેલવે સ્ટેશન પાસે બની હતી. બીજી ઘટના ગુજરાતના સંજાણ સ્ટેશન પર બની હતી. બે કોચ અલગ થઈ જતા મુસાફરો ચિંતિત થયા હતા જો કે કોઈ ઈજા કે જાનહાનિના અહેવાલ નથી.

મુંબઈથી અમૃતસર જતી ટ્રેનના બે કોચ અલગ થઈ ગયા છે. અહેવાલો અનુસાર, ચાલતી ટ્રેનના બે એસી કોચ અલગ થઈ ગયા હતા અને પાછળ રહી ગયા હતા. પશ્ચિમ એક્સપ્રેસ (ટ્રેન નંબર ૧૨૯૨૫) મુંબઈના બાંદ્રા ટર્મિનસથી અમૃતસર જઈ રહી હતી, જ્યાં તે થોડી મિનિટોમાં બે વાર અલગ થઈ ગઈ હતી. એવું કહેવામાં આવી રહ્યું છે કે ચાલતી ટ્રેન સાથેનો પહેલો અકસ્માત મહારાષ્ટ્રમાં અને બીજો ગુજરાતમાં થયો હતો. આ ઘટના દરમિયાન મુસાફરોને ઘણી મુશ્કેલીઓનો સામનો કરવો પડ્યો હતો, જેના કારણે સલામતી અંગે અનેક પ્રશ્નો ઉભા થયા હતા. સદનસીબે, એક મોટો અકસ્માત ટળી ગયો હતો. રેલ્વે વિભાગે તાત્કાલિક ટ્રેનથી અલગ થયેલા કોચ બદલી નાખ્યા હતા અને મુસાફરોની સલામતી સુનિશ્ચિત કરી હતી. આ ઘટના દરમિયાન ટ્રેન પણ ત્રણ કલાક મોડી પડી હતી. આ ટ્રેન ગઈકાલે, રવિવારે સવારે ૧૧:૩૫ વાગ્યે મુંબઈના બાંદ્રા ટર્મિનસથી અમૃતસર જવા માટે રવાના થઈ હતી. જ્યારે ટ્રેન બપોરે ૧:૧૫ વાગ્યે મહારાષ્ટ્ર પહોંચી ત્યારે એસી કોચ A1 અને A2 અલગ થઈ ગયા હતા. ગુજરાત પહોંચ્યા ત્યારે પણ આ જ સમસ્યા ફરી શરૂ થઈ. ટ્રેનના પાઈલટ અને અન્ય સ્ટાફે જાતે જ ટેકનિકલ સમસ્યાનું નિરાકરણ કર્યું અને ટ્રેન બપોરે ૧:૪૫ વાગ્યે રવાના થઈ. જોકે, થોડા જ અંતર પછી, કોચ ફરીથી અલગ થઈ ગયા. ગુજરાતના વલસાડથી ટેકનિકલ સ્ટાફને બોલાવવામાં આવ્યો. મુસાફરોને કોચમાંથી શિફ્ટ કરાવવામાં આવ્યા, અને નાસ્તો પણ આપવામાં આવ્યો. ટ્રેનના પાઈલટ અને અન્ય સ્ટાફે જાતે જ ટેકનિકલ સમસ્યાનું નિરાકરણ કર્યું અને ટ્રેન બપોરે ૧:૪૫ વાગ્યે રવાના થઈ. જોકે, થોડા જ અંતર પછી, કોચ ફરીથી અલગ થઈ ગયા. ગુજરાતના વલસાડથી ટેકનિકલ સ્ટાફને બોલાવવામાં આવ્યો. મુસાફરોને કોચમાંથી શિફ્ટ કરાવવામાં આવ્યા, અને નાસ્તો પણ આપવામાં આવ્યો. ત્યારબાદ, મુસાફરોને સુરક્ષિત રીતે રવાના કરવામાં આવ્યા. ટ્રેન ત્રણ કલાક મોડી પડી હતી અને આજે રાત્રે અમૃતસર રેલ્વે સ્ટેશન પહોંચશે. રેલવે વિભાગે જણાવ્યું હતું કે, ટ્રેન નંબર ૧૨૯૨૫ બાંદ્રા ટર્મિનસ-અમૃતસર પશ્ચિમ એક્સપ્રેસમાં વાણગાંવ અને દહાણુ રોડ સ્ટેશનો વચ્ચે A1 અને A2 કોચના જોડાણમાં ટેકનિકલ સમસ્યા આવી હતી. કોઈપણ સમસ્યા ટાળવા માટે મુસાફરોને ઉતરવા અને ફરીથી ચઢવામાં મદદ કરવા માટે રેલવે કર્મચારીઓને તૈનાત કરવામાં આવ્યા હતા.

## પંચવટી પાસે AMTS બસચાલકે કારને મારી ટક્કર, કારમાં સવાર બે વ્યક્તિઓનો આબાદ બચાવ થયા

। અમદાવાદ, તા.૦૧ ।

અમદાવાદ શહેરમાં AMTS બસચાલકોની બેફામ ડ્રાઈવિંગ ફરી એકવાર ચર્ચાનો વિષય બની છે. શહેરના પંચવટી પાંચ રસ્તા પાસે એક AMTS બસચાલકે બેદરકારીપૂર્વક ડ્રાઈવિંગ કરીને એક કારને જોરદાર ટક્કર મારી હતી. આ અકસ્માત એટલો ભયંકર હતો કે કારને ભારે નુકસાન પહોંચ્યું હતું. શહેરમાં જાહેર પરિવહન સેવાના ચાલકોની આવી ગેરજવાબદાર વર્તણૂકને કારણે નાગરિકોની સુરક્ષા પર ગંભીર સવાલો ઊભા થયા છે. સદભાગ્યે, આ ગમખ્વાર અકસ્માતમાં કારમાં સવાર બે વ્યક્તિઓનો આબાદ બચાવ થયો હતો. કારને ટક્કર વાગતાની સાથે જ કારની એર બેગ્સ ખુલી ગઈ હતી, જેના કારણે કારચાલક અને તેમની સાથેની વ્યક્તિને ગંભીર ઈજા થતાં બચી ગઈ હતી. જોકે, કારના આગળના ભાગનો કચ્ચરઘાણ નીકળી ગયો હતો. આ ઘટના ફરી એકવાર વાહનોમાં સુરક્ષાનાં સાધનો (Safxy Features) નું મહત્વ દર્શાવે છે. અકસ્માત બાદ ઘટનાસ્થળે લોકોનું ટોળું ભેગું થયું હતું અને પોલીસને જાણ કરવામાં આવી હતી. આ અકસ્માત બાદ ફરી એકવાર શહેરમાં AMTS અને BRTS બસચાલકોની બેફામ ડ્રાઈવિંગ સામે કડક પગલાં લેવાની માંગ ઊઠી છે. પ્રત્યક્ષદર્શીઓના મતે, બસચાલકની ઝડપ અને બેદરકારીના કારણે આ ઘટના બની હતી. પોલીસે ઘટનાસ્થળે પહોંચીને કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે અને બસચાલકની પૂછપરછ શરૂ કરી છે. લોકોની સલામતી માટે સત્તાવાળાઓ દ્વારા બસચાલકોની ટ્રાફિક નિયમોનું પાલન કરાવવા અને બેદરકારી દાખવનારા સામે કડક સજા કરવા માટે તાત્કાલિક પગલાં લેવા અનિવાર્ય છે.

# CID ક્રાઇમે કરી ધરપકડ, કરોડોની ઠગાઈ આચરનાર બોગસ તબીબ ઝડપાયો

### મેડિકલ કાઉન્સિલના અન્ય તબીબના સર્ટિફિકેટ પર પોતાની વિગતો દર્શાવી તેનો ઉપયોગ કરનારા આ ઠગબાજે અનેક લોકોને રોકાણના નામે છેતરી વિશ્વાસઘાત કર્યો હતો

। ભુજ, તા.૧ ।

ભુજમાં ભાડાની દુકાનમાં 'કાજાણી હોસ્પિટલ' શરૂ કરી લોકોને આરોગ્ય સાથે ચેડાં કરવા ઉપરાંત બિઝનેસ પાર્ટનર બનાવવાની લાલચ આપી કરોડો રૂપિયાની ઠગાઈ આચરનાર બોગસ તબીબ જૈનુલ અમીરઅલી કાજાણીની સીઆઈડી (ક્રાઈમ ઈન્વેસ્ટિગેશન ડિપાર્ટમેન્ટ) ક્રાઈમ પોલીસે ધરપકડ કરી છે. ગુજરાત મેડિકલ કાઉન્સિલના અન્ય તબીબના સર્ટિફિકેટ પર પોતાની વિગતો દર્શાવી તેનો ઉપયોગ કરનારા આ ઠગબાજે અનેક લોકોને રોકાણના નામે છેતરી વિશ્વાસઘાત કર્યો હતો.



શિવાલિકા ગ્રુપના પ્રોપરાઈટર અને મેડિકલ ફાર્મા, એક્સપોર્ટ-ઈમ્પોર્ટ તથા રિયલ એસ્ટેટના વ્યવસાય સાથે સંકળાયેલા અંકિત અનુપગિરિ ગોસ્વામીએ જૈનુલ કાજાણી વિરુદ્ધ રૂપિયા ૧.૧૦ કરોડની છેતરાપિંડીની ફરિયાદ સીઆઈડી ક્રાઈમ પોલીસ સ્ટેશન (બોર્ડર ઝોન, ભુજ) ખાતે નોંધાવી હતી. ફરિયાદ અનુસાર, અનવર બ્રેર નામના વ્યક્તિ દ્વારા કાજાણી સાથે ગોસ્વામીનો પરિચય થયો હતો. કાજાણીએ તેની અગાઉની કામગીરી અને ઓપરેશનના વિડિયો બતાવી વિશ્વાસ કેળવ્યો હતો અને ૫૦%ના ભાગીદાર બનાવવાની લાલચ આપી હતી.

કાજાણીએ નવી હોસ્પિટલ માટે ભાડું અને સાધનો પાછળ કુલ રૂ. ૨.૫૦ કરોડની જરૂર હોવાનું જણાવી લોન માટે પ્રોપર્ટીનો ઉપયોગ કરવાનું કહી ગોસ્વામીને ભાગીદાર બનાવ્યા હતા. લોન પ્રક્રિયામાં સમય લાગતાં અને કાજાણીને તાત્કાલિક જરૂરિયાત હોવાથી ગોસ્વામીએ હોસ્પિટલના બેંક ખાતામાં શરૂઆતમાં રૂ. ૧૦ લાખ ટ્રાન્સફર કર્યા હતા. ત્યાર બાદ મિત્રો પાસેથી લઈને જુદીજુદી બાબતે કુલ રૂ. ૧.૧૦ કરોડ આપ્યા હતા. જોકે, થોડા સમય પછી આ બોગસ તબીબ અચાનક હોસ્પિટલ બંધ કરીને નાસી છૂટ્યો હતો.

આ મામલે સીઆઈડી ક્રાઈમે ત્વરિત કાર્યવાહી કરીને ઘનશ્યામનગર વિસ્તારમાં હોસ્પિટલ ખોલનારા અને કરોડોની ઠગાઈ આચરનારા જૈનુલ કાજાણીને ઝડપી પાડ્યો હતો. આરોપીને ભુજની ચીફ જ્યુડિશિયલ કોર્ટમાં રજૂ કરવામાં આવતાં કોર્ટે તેના પાંચ દિવસના પોલીસ રિમાન્ડ મંજૂર કર્યા છે. પોલીસ આ ઠગાઈમાં અન્ય કોણ-કોણ સંડોવાયેલું છે અને રોકાણના નામે પડાવાયેલાં નાણાં ક્યાં છે, તે અંગેની ઊંડી તપાસ હાથ ધરશે. આ બનાવથી ભુજ સહિત કચ્છના વેપારી અને રોકાણકારોમાં ખળભળાટ મચી ગયો છે. બોગસ તબીબે રોકાણના નામે અન્ય ઘણા લોકો સાથે પણ ઠગાઈ આચરી હોવાની આશંકા છે. આ મામલે સીઆઈડી ક્રાઈમે ત્વરિત કાર્યવાહી કરીને ઘનશ્યામનગર વિસ્તારમાં હોસ્પિટલ ખોલનારા અને કરોડોની ઠગાઈ આચરનારા જૈનુલ કાજાણીને ઝડપી પાડ્યો હતો. આરોપીને ભુજની ચીફ જ્યુડિશિયલ કોર્ટમાં રજૂ કરવામાં આવતાં કોર્ટે તેના પાંચ દિવસના પોલીસ રિમાન્ડ મંજૂર કર્યા છે. પોલીસ આ ઠગાઈમાં અન્ય કોણ-કોણ સંડોવાયેલું છે અને રોકાણના નામે પડાવાયેલાં નાણાં ક્યાં છે, તે અંગેની ઊંડી તપાસ હાથ ધરશે. આ બનાવથી ભુજ સહિત કચ્છના વેપારી અને રોકાણકારોમાં ખળભળાટ મચી ગયો છે. બોગસ તબીબે રોકાણના નામે અન્ય ઘણા લોકો સાથે પણ ઠગાઈ આચરી હોવાની આશંકા છે.

## વડોદરા પાલિકાના કર્મચારીઓના પગાર-પેન્શનના વહેલાં ચૂકવણી કરશે, દિવાળીને અનુલક્ષીને નિર્ણય લેવાયો

### પગાર પત્રકો આઇ.ટી. શાખાએથી તા.૦૮.૧૦.૨૦૨૫ના રોજ મેળવી, ઓડિટ શાખામાં તા.૧૦.૧૦.૨૦૨૫ સુધીમાં રજુ કરવાના રહેશે




। (એજન્સી) વડોદરા, તા.૦૧ ।

આગામી દિવાળીના તહેવારને અનુલક્ષીને કર્મચારીઓ/પેન્શનરઓને માહે ઓકટોબરનો પગાર તથા પેન્શન વહેલાં ચુકવણી કરવા પાલિકાના તમામ ખાતાએ જરૂરી કાર્યવાહી કરવાની રહેશે. જે અંગે એકાઉન્ટ વિભાગ દ્વારા પરિપત્ર જાહેર કરવામાં આવ્યો છે. એમાં જણાવાયું છે કે, બેન્ક દ્વારા પગાર મેળવતાં તમામ કર્મચારીઓના પગાર પત્રકો માટે આઈ.ટી. શાખામાં ડેટા એન્ટ્રી માટેના પેરોલના ડેટા ફોર્મસ તા.૦૪.૧૦.૨૦૨૫ સુધીમાં મોકલી આપવાના રહેશે, પગાર પત્રકો આઈ.ટી. શાખાએથી તા.૦૮.૧૦.૨૦૨૫ના રોજ મેળવી, ઓડિટ શાખામાં તા.૧૦.૧૦.૨૦૨૫ સુધીમાં રજુ કરવાના રહેશે. ત્યારબાદ પત્રકો ઓડિટ કરાવી તા.૧૪.૧૦.૨૦૨૫ સુધી હિસાબી શાખાએ ચુકવણા અર્થે મોકલી આપવાના રહેશે. રોજીંદારી-ખંડ સમયના કર્મચારીઓની અને ૧૧ માસના કરાર આધારીત કર્મચારીઓની તા.૨૧ સપ્ટેમ્બરથી ૮ ઓકટોબરની હાજરીની માહિતી તા.૯.૧૦.૨૦૨૫ના રોજ બપોર સુધીમાં આઈ.ટી. શાખાને મોકલી આપવાની રહેશે. જેના તૈયાર થયેલા પત્રકો તા.૧૦.૧૦.૨૦૨૫ના રોજ બપોર બાદ મેળવી ઓડીટ કરાવી હિસાબી શાખાએ ચુકવણાં અર્થે તા.૧૪.૧૦.૨૦૨૫ સુધી રજુ કરવાના રહેશે. ખાતા દ્વારા જે કરાર આધારીત કે અન્ય કર્મચારીઓના પગાર મેન્યુઅલી પત્રક (ફોર્મ) ભરી ચુકવવામાં આવે છે તેવા કર્મચારીઓની તા.૧થી ૧૦ ઓકટોબરની હાજરીની માહિતી મેન્યુઅલી પત્રક બનાવી હિસાબી શાખામાં ૧૧.૧૦.૨૦૨૫ સુધી રજુ કરી ઓડીટ શાખામાં ઓડિટ કરાવી હિસાબી શાખાએ ચુકવણાં અર્થે તા.૧૪.૧૦.૨૦૨૫ સુધી રજુ કરવાના રહેશે. ભરી ચુકવવામાં આવે છે તેવા કર્મચારીઓની તા.૧થી ૧૦ઓકટોબરની હાજરીની માહિતી મેન્યુઅલી પત્રક બનાવી હિસાબી શાખામાં ૧૧.૧૦.૨૦૨૫ સુધી રજુ કરી ઓડીટ શાખામાં ઓડિટ કરાવી હિસાબી શાખાએ ચુકવણાં અર્થે તા.૧૪.૧૦.૨૦૨૫ સુધી રજુ કરવાના રહેશે. પેન્શનના માહે ઓકટોબર ૨૦૨૫ના પત્રક તા.૦૯.૧૦.૨૦૨૫ના રોજ આઈ.ટી. શાખાએથી મેળવી ઓડીટ કરાવી તા.૧૪.૧૦.૨૦૨૫ સુધી ચુકવણાં અર્થે હિસાબી શાખાએ રજુ કરવાના રહેશે.

## કેશોદના અંડરબ્રિજમાંથી પાણી કાઢતા યુવકને કરંટ લાગ્યો

। (એજન્સી) જૂનાગઢ, તા.૦૧ ।

જૂનાગઢ જિલ્લાના કેશોદમાં એક અત્યંત કરૂણ અને દુઃખદ ઘટના સામે આવી છે. ભારે વરસાદના કારણે પાણી ભરાયેલા અંડરબ્રિજમાંથી પાણી બહાર કાઢવાની કામગીરી ચાલી રહી હતી, તે દરમિયાન કરંટ લાગવાથી એક યુવકનું મોત નીપજ્યું છે. પ્રાથમિક માહિતી મુજબ, પાણીમાં રહેલા ખુલ્લા વીજવાયરના સંપર્કમાં આવવાથી યુવકને જોરદાર કરંટ લાગ્યો હતો, જેના કારણે તેનું ઘટનાસ્થળે જ મૃત્યુ થયું હતું. આ ઘટનાથી સમગ્ર વિસ્તારમાં શોકની લાગણી છવાઈ ગઈ છે.યુવકના આ કરૂણ મોત બાદ સ્થાનિક લોકોમાં તંત્રની બેદરકારી સામે ભારે રોષ જોવા મળી રહ્યો છે. લોકોનો સીધો આક્ષેપ છે કે, જાહેર સ્થળોએ વીજ કંપની દ્વારા ખુલ્લા અને જર્જરિત વીજવાયરોને સમયસર દૂર કરવાની કામગીરી ન કરવાને કારણે આ અકસ્માત સર્જાયો છે. આ પ્રકારની ગંભીર બેદરકારી સામે કડક પગલાં લેવા માટે લોકોએ માંગણી કરી છે. ઘટનાની જાણ થતાં પોલીસની ટીમ ઘટનાસ્થળે દોડી આવી હતી અને મૃતક યુવકના મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે હોસ્પિટલ ખસેડવાની કાર્યવાહી હાથ ધરી હતી.યુવકના આ અકાળે અવસાનથી તેના પરિવાર પર આભ ફાટી પડ્યું છે. સ્થાનિકો અને મૃતકના પરિવારજનોએ સરકાર સમક્ષ તાત્કાલિક ધોરણે મૃતકના પરિવારને યોગ્ય સરકારી સહાય ચૂકવવામાં આવે તેવી માંગણી કરી છે.

### ૮ સભ્યોની સમિતિ રચાઈ

# ગુજરાતમાં ટ્યુશન ક્લાસીસ પર નિયંત્રણ માટે કાયદો બનશે

। (એજન્સી) અમદાવાદ, તા.૦૧ ।

ગુજરાતના શિક્ષણ ક્ષેત્રમાં એક મોટો ફેરફાર લાવવા માટે રાજ્ય સરકાર દ્વારા એક મહત્ત્વપૂર્ણ પગલું ભરવામાં આવ્યું છે. ખાનગી ટ્યુશન અને કોચિંગ ક્લાસીસ પર નિયંત્રણ લાવવા માટે ટૂંક સમયમાં જ એક કાયદો લાગુ કરવામાં આવશે. આ કાયદાનો મુસદ્દો તૈયાર કરવા માટે ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ(GSEB)ના અધ્યક્ષના વડપણ હેઠળ એક વિશેષ સમિતિની રચના કરાઈ છે. આ કમિટીમાં કુલ ૮ સભ્યોનો સમાવેશ કરવામાં આવ્યો છે. આ સમિતિમાં શિક્ષણ વિભાગના નાયબ સચિવ, કમિશ્નર, શાળાઓના નિયામક અને શિક્ષણ ક્ષેત્રના નિષ્ણાત વ્યક્તિઓને સામેલ કરાશે. આ આઠ સભ્યોની સમિતિ ખાનગી ટ્યુશન વર્ગો માટે નિયમો અને ધારાધોરણોનો મુસદ્દો તૈયાર કરશે. આ કાયદો ટ્યુશન ક્લાસની ફી, અભ્યાસક્રમ, સલામતીના ધોરણો અને અન્ય શૈક્ષણિક પ્રવૃત્તિઓને નિયંત્રિત કરવામાં મદદ કરશે. આ ડ્રાફ્ટ કાયદાનો મુખ્ય હેતુ શિક્ષણ ક્ષેત્રમાં પારદર્શકતા અને જવાબદારી લાવવાનો છે, જે સુપ્રીમ કોર્ટના નિર્દેશોને અનુરૂપ હશે. આ કાયદો લાગુ થયા બાદ વિદ્યાર્થીઓ અને વાલીઓને આર્થિક અને શૈક્ષણિક ક્ષેત્રે થતાં શોષણથી રક્ષણ મળશે તેવી આશા છે. આ કાયદો ખાનગી ટ્યુશન ક્લાસની મનમાની પર લગામ કસશે અને એક સુવ્યવસ્થિત શિક્ષણ પ્રણાલી સ્થાપિત કરવામાં મદદ કરશે. આ કાયદાનો મુસદ્દો અંતિમ મંજૂરી અને અમલીકરણ માટે રાજ્ય સરકારના શિક્ષણ વિભાગને સુપરત કરવામાં આવશે. સરકારની મંજૂરી બાદ આ કાયદો લાગુ થશે, જે ગુજરાતના શિક્ષણ ક્ષેત્રમાં એક નવો અધ્યાય શરુ કરશે.

### આરોપીએ સગીરને બે માસથી વાહન ચલાવવા આપતા ગુનો દાખલ

## વિદ્યાર્થીને કચડનાર આઇસર ચાલક સગીર નીકળ્યો, બનેવી સામે કાર્યવાહી

### વટવા કેનાલ પાસે થોડા દિવસ પહેલાં અકસ્માત સર્જાયો હતો. જેમાં વિદ્યાર્થીનું મોત નિપજ્યું હતું

। (એજન્સી) અમદાવાદ, તા.૦૧ ।

વટવા કેનાલ પાસે થોડા દિવસ પહેલાં અકસ્માત સર્જાયો હતો. જેમાં વિદ્યાર્થીનું મોત નિપજ્યું હતું. પોલીસે અકસ્માત કરનાર આઈસર ચાલકની તપાસ કરતા તે સગીર હોવાનું સામે આવ્યું હતું. જેથી સગીરને વાહન આપવું ગુનો બનતો હોવાથી પોલીસે આઈસર આપનારની તપાસ કરતા સગીરના બનેવીએ જ વાહન આપ્યું હોવાનો ખુલાસો થયો હતો. કે ડિવિઝન ટ્રાફિક પોલીસે સગીરના બનેવી સામે ગુનો નોંધી તપાસ શરૂ કરી છે. હાથીજણમાં રહેતો ૧૯ વર્ષીય પ્રિયેશ વ્યાસ ગોતાની સિલ્વર ઓક યુનિ.માં અભ્યાસ કરતો હતો. ગત તા.૧૧મીએ પ્રિયેશ તેના મિત્ર હર્ષ સાથે ટુવ્હીલર પર જઈ રહ્યો હતો. ત્યારે વટવા કેનાલ પાસે આઈસરના ચાલકે ટક્કર મારતા બંને યુવકો રોડ પર પટકાતા ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયા હતા. પ્રિયેશનું મોત થયું હતું. પોલીસે આઈસરના ચાલકની તપાસ કરતા તે સગીર હોવાનું ખૂલ્યું હતું. પોલીસ તપાસમાં સગીરને તેના બનેવી નીરજ ગુર્જરે બે માસથી આઈસર ટ્રક આપી હોવાનું જણાઈ આવ્યું હતું. કે ડિવિઝન ટ્રાફિક પોલીસે નીરજ ગુર્જર સામે સગીરને વાહન ચલાવવા આપવાનો ગુનો નોંધી તપાસ શરૂ કરી છે. ખોખરા સેવન્થ ડે સ્કૂલ પાસેથી ૪૫ વર્ષીય યુવક રોડ ક્રોસ કરતો હતો ત્યારે અજાણ્યા વાહનચાલકે તેને અડફેટે લેતા તે રોડ પર પટકાયો હતો. દસેક દિવસ પહેલાં બનેલી આ ઘટનામાં યુવકને સારવાર માટે ખસેડ્યો હતો.

# ખોડલધામના ગરબામાં મારામારી, VIP લાઇનમાં બેસવા મુદ્દે છરી વડે હુમલો

। (એજન્સી) રાજકોટ, તા.૦૧ ।

રાજકોટમાં ચાલી રહેલા ખોડલધામ નોર્થ ઝોન ગરબાના કાર્યક્રમમાં મોડી રાત્રે એક ગંભીર ઘટના સામે આવી છે. VIP લાઈનમાં બેસવાના મુદ્દે થયેલી સામાન્ય બોલાચાલીએ ઉગ્ર સ્વરૂપ ધારણ કરતાં એક વ્યક્તિએ છરી વડે હુમલો કર્યો હતો, જેમાં ૩ વ્યક્તિઓ ઈજાગ્રસ્ત થયા છે. પ્રાપ્ત માહિતી મુજબ, આ ઘટના ત્યારે બની જ્યારે પ્રથમ હરોળમાં બેઠેલા કેટલાક લોકોને પાછળની હરોળમાં જવાનું કહેવામાં આવ્યું હતું, જે બાબતે બબાલ થઈ હતી અને હુમલાખોરે ઉશ્કેરાઈને આ કૃત્ય કર્યું હતું. છરીના આ હુમલામાં ત્રણ વ્યક્તિઓ ઘાયલ થયા છે, જેમાં ઉદ્યોગપતિ રાજુ પરસાણાના ભત્રીજાને છરી વાગી હતી. આ ઉપરાંત, અન્ય બે વ્યક્તિઓ અશોક ફળદુ અને હરિ સોરઠીયાને પણ ઈજા પહોંચી છે. ત્રણેય ઈજાગ્રસ્તોને તાત્કાલિક સારવાર માટે નજીકની હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે. હુમલો કરનાર વ્યક્તિની ઓળખ મહેશગિરી ગોસ્વામી તરીકે થઈ છે, જે એક જ્વેલર્સના ડ્રાઈવર તરીકે કામ કરે છે. ઘટનાની જાણ થતાં પોલીસે તુરંત કાર્યવાહી કરીને હુમલો કરનાર મહેશગિરીની અટકાયત કરી છે. આટલા મોટા ધાર્મિક અને સાંસ્કૃતિક કાર્યક્રમમાં છરી વડે હુમલો થવાની ઘટનાએ સુરક્ષા વ્યવસ્થા પર ગંભીર સવાલો ઊભા કર્યા છે. હુમલાખોર મહેશગિરી ગોસ્વામી VIP એન્ટ્રીમાંથી છરી જેવું હથિયાર સાથે લઈને કેવી રીતે પ્રવેશ કરી શક્યો, તે એક મોટો પ્રશ્ન છે. પોલીસે આ સમગ્ર મામલે ગુનો નોંધીને વધુ તપાસ હાથ ધરી છે.

માલિક - મુદ્રક - પ્રકાશક અને તંત્રી પટેલ સુરેશ રમણલાલ દ્વારા એલાઈડ ઓફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા. લિ. ૭ થી ૧૦ શ્રી લક્ષ્મી કોમ. કો-ઓપ એસ્ટેટ, અજોદ ડેરી રોડ, સુખરામનગર, રખિયાલ, અમદાવાદ ૩૮૦૦૨૩. ખાતેથી છપાવી ૩૧૫ - સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫ ખાતેથી પ્રકાશિત. ફોન : ૯૯૨૪૦૦૦૭૩૩, ૯૯૯૮૮૫૦૯૯૨

## કિશનગઢમાં લગ્નની પહેલી રાતે દુલ્હન ફરાર થઈ ગઈ

| (એજન્સી) અજમેર, તા.૦૧ |

રાજસ્થાનના અજમેર જિલ્લાના કિશનગઢમાંથી લૂંટેરી દુલ્હનનો ચોંકાવનારો એક કિસ્સો સામે આવ્યો છે. અહીં લગ્નની પહેલી રાતે દુલ્હન ફરાર થઈ ગઈ હતી, જેને જોઈને પરિવારના હોશ ઊડી ગયા. આ મામલો કિશનગઢના રહેવાસી રાજેશ શર્માનો છે. જેમણે લગ્ન માટે જિતેન્દ્ર નામના દલાલને ૨ લાખ રૂપિયા આપ્યા હતા. દલાલે જયપુરની પૂજા નામની છોકરી સાથે લગ્ન નક્કી કરાવ્યા. રીતિ-રિવાજથી જયપુરમાં લગ્ન થયા અને દુલ્હનને લઈને પરિવાર રાજીખુશીથી કિશનગઢ ઘરે પરત ફર્યા. ઘરે પહોંચ્યા બાદ તમામે પરંપરા અનુસાર, રસમો નિભાવી.તમામ રસમો પૂરી થયા બાદ દુલ્હનને પરિવાર તરફથી દાગીના આપવામાં આવ્યા. બધું જ સામાન્ય લાગી રહ્યું હતું, પણ રાત થતાં થતાં કહાનીએ નવો વળાંક લીધો, જ્યારે વર પોતાની દુલ્હન પાસે ગયો તો તેણે કહ્યું કે રીતિ-રિવાજ અનુસાર, પહેલી રાતે પતિ-પત્ની એક સાથે સૂઈ શકતા નથી. વરરાજાએ તેને સામાન્ય વાત માની બંને અલગ અલગ સૂઈ ગયા. પણ રાતના લગભગ ૩ વાગ્યે જ્યારે વરરાજો પાણી પીવા માટે ઊઠ્યો તો તેણે રૂમમાં જોયું તો દુલ્હન ગાયબ હતી. ગભરાઈને તેણે પરિવારને આ વાતની જાણ કરી અને તરત શોધખોળ ચાલુ કરી. દુલ્હનને બસ સ્ટેન્ડ અને રેલવે સ્ટેશન સુધી શોધવા લાગ્યા, પણ ક્યાંય મળ્યા નહીં. સવાર થતાં સ્પષ્ટ થઈ ગયું કે દુલ્હન દાગીના અને રોકડ રૂપિયા લઈને ફરાર થઈ ચૂકી છે. ઘટનાની જાણકારી મળતા આખા પરિવારમાં હડકંપ મચી ગયો. પીડિત પરિવારે તરત મદનગંજ પોલીસમાં તેની ફરિયાદ નોંધાવી. પોલીસે આ મામલો નોંધી તપાસ શરૂ કરી દીધી. પીડિત રાજેશ શર્માનું કહેવું છે કે દલાલે ૨ લાખ રૂપિયા લઈને લગ્ન કરાવ્યા હતા. પણ બધું એક કાવતરાનો ભાગ હતો. હાલમાં પોલીસ યુવતી અને દલાલને શોધી રહી છે.આ ઘટના બાદ વિસ્તારમાં અલગ અલગ પ્રકારની ચર્ચાઓ થઈ રહી છે. લોકો કહી રહ્યા છે કે વિશ્વાસ અને સંબંધના નામ પર હવે લોકોને છેતરવાની નવી રીત સામે આવી છે. લગ્નના નામ પર પરિવાર પાસેથી લાખો રૂપિયા પડાવવામાં આવી રહ્યા છે અને દુલ્હન ઘરેથી દાગીના લઈને રફુચક્કર થઈ જાય છે. હાલમાં પોલીસની તપાસથી સ્પષ્ટ થશે કે આ ઘટના પાછળ કેટલા લોકો સામેલ છે. લગ્નના નામ પર પરિવાર પાસેથી લાખો રૂપિયા પડાવવામાં આવી રહ્યા છે અને દુલ્હન ઘરેથી દાગીના લઈને રફુચક્કર થઈ જાય છે. હાલમાં પોલીસની તપાસથી સ્પષ્ટ થશે કે આ ઘટના પાછળ કેટલા લોકો સામેલ છે.

### લિથિયમના ખાણકામ માટે હરાજી પ્રક્રિયા શરૂ

## રાજસ્થાનના નાગોરમાં મળ્યો લિથિયમનો ભંડાર

### આ લિથિયમના ભંડારના કારણે રાજસ્થાનની આવકમાં પણ વધારો થશે, તેમજ રોજગારીની નવી તકોનું સર્જન કરશે

| (એજન્સી) રાજસ્થાન, તા.૦૧ |

રાજસ્થાનના નાગૌર જિલ્લાના કારણે હવે દેશની ચીન પર બેટરી આયાત પર નિર્ભરતા દૂર થશે. હવે મોબાઈલ, લેપટોપ, ઈલેક્ટ્રિક વાહનો અને રિચાર્જેબલ બેટરીનું ઉત્પાદન આપણા દેશમાં જ થશે. બેટરી બનાવવા માટે વપરાતાં લિથિયમનો ભંડાર હવે રાજસ્થાનમાં ઉપલબ્ધ થશે. જેના લીધે ઉદ્યોગોના વિકાસને વેગ મળશે. આ લિથિયમના ભંડારના કારણે રાજસ્થાનની આવકમાં પણ વધારો થશે, તેમજ રોજગારીની નવી તકોનું સર્જન કરશે. વ્હાઈટ ગોલ્ડ નામથી લોકપ્રિય લિથિયમનો



મોટો ભંડાર નાગૌર જિલ્લામાંથી મળી આવ્યો છે. નાગૌર જિલ્લાના ડેગાના ક્ષેત્રમાંથી લિથિયમનો વિપુલ જથ્થો મળ્યો છે. જેના લીધે હવે ચીનમાંથી આયાત થતાં લિથિયમમાં ઘટાડો થશે. અંદાજ છે કે, નાગૌરના રેવંત પર્વતોમાંથી ૧૪ મિલિયન ટન લિથિયમનો ભંડાર મળી આવ્યો છે. આ પ્રદેશની આવક અને રોજગારીની તકોમાં વૃદ્ધિ થશે. લિથિયમનો ઉપયોગ મોબાઈલ, લેપટોપ, ઈ-વાહનો અને રિચાર્જેબલ બેટરી બનાવવા માટે થાય છે. ડેગાના ક્ષેત્રમાંથી મળી આવેલો લિથિયમનો ખજાનો રાજસ્થાન માટે અત્યંત મહત્ત્વનો સાબિત થશે. અહીંના પર્વતોમાં આશરે ૧૪ મિલિયન ટન લિથિયમ હોવાની સંભાવના છે. વર્તમાનમાં ભારત લિથિયમ માટે ચીન પર નિર્ભર છે. ચીનમાંથી ૭૦થી ૮૦ ટકા લિથિયમ આયાત થાય છે. એવામાં લિથિયમના આ મોટા ખજાનાથી દેશમાં મોટી ક્રાંતિ આવશે.

### યુપીમાં યુવકે રૂ.૩૯ કરોડના

## વીમા ક્લેઇમ માટે પિતાની હત્યા કરી અકસ્માતમાં ખપાવી

### અગાઉ ૨૦૧૭માં માતાની હત્યા કરીને એક કંપની પાસેથી રૂપિયા ૨૨ લાખ વીમા ક્લેમપેટે વસૂલી લીધો હતો

| (એજન્સી) હાપુડ, તા.૦૧ |

ઉત્તરપ્રદેશના હાપુડમાં એક યુવકે વીમાની જંગી રકમની લાલચમાં મિત્રની સાથે મળીને માતા-પિતાની હત્યા કરી હોવાની ચોંકવનારી ઘટના બની છે. તેણે આ હત્યાને માર્ગ અકસ્માતમાં પણ ખપાવી દીધી હતી. તેણે ૨૦૧૭માં માતાની હત્યા કરીને એક કંપની પાસેથી રૂપિયા ૨૨ લાખ વીમા ક્લેમપેટે વસૂલ્યો લીધો હતો. યુવકે એક વર્ષ પહેલા પિતાની હત્યા કરીને વિવિધ વીમા કંપનીઓ સમક્ષ રૂપિયા ૩૯ કરોડના ક્લેમ મૂક્યા હતા. આ મામલામાં એક કંપનીએ યુવકને



ક્લેઈમ પેટે દોઢ કરોડ રૂપિયા આપી દીધા હતા, પરંતુ નિવા બૂપા હેલ્થ ઈન્સ્યોરન્સ કંપનીએ પૈસા આપતા પહેલા તપાસ હાથ ધરી હતી. તપાસ દરમિયાન આ વીમા કંપનીને જાણવા મળ્યું કે આરોપીએ અલગ-અલગ ૫૦ કંપનીઓ પાસેથી વીમા લીધા હતા. આરોપીએ કેટલાક વર્ષ પહેલા તેની પત્ની અને માતા-પિતાના મોતને પણ દુર્ઘટનામાં ખપાવ્યા હતા. ત્યાર પછી શંકા પ્રબળ બની, અને કંપનીએ યુવકના પિતાના પોસ્ટમોર્ટમ રિપોર્ટ અને હોસ્પિટલ રેકોર્ડને મેચ કર્યા તો બંનેમાં વિરોધાભાસ જોવા મળ્યો. આ શંકાના આધારે કંપનીએ હાપુડ પોલીસ સ્ટેશનમાં એફઆઈઆર નોંધાવી હતી.પોલીસે આરોપી વિશાલ સિંઘલ અને તેના મિત્રની ધરપકડ કરી છે. પૂછપરછમાં વિશાલે માતા-પિતાની હત્યાનો ગુનો કબૂલ્યો છે. હવે પોલીસ તેની પત્નીની હત્યાના મામલાની તપાસ કરી રહી છે.



ઉત્તર પ્રદેશના પ્રયાગરાજમાં ગંગા અને યમુના નદીઓના પાણી ઓસર્યા પછી લોકો કાદવગ્રસ્ત સંગમ વિસ્તારમાં સિક્કા શોધે છે.

## મુંબઇ લોકલ ટ્રેનમાંથી ફેંકેલું નારિયેળ વાગતા યુવકનું મોત

| (એજન્સી) મુંબઇ, તા.૦૧ |

મોત ગમે તે ક્ષણે ગમે તે રીતે આવી શકે તેનો પૂરાવો વધુ એક ઘટના બની છે. મહારાષ્ટ્રના નાઈગાંવ વિસ્તારમાં ચાલતી લોકલ ટ્રેનમાંથી એક મુસાફરે નારિયેળ ફેંકતાં તે ૩૦ વર્ષીય યુવકના માથા પર વાગ્યું હતું. જેના કારણે યુવક ઘવાયો હતો. તેને સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો, જ્યાં તેનું મોત થયું હતું. પ્રાથમિક માહિતી મુજબ નાઈગાંવના રહેવાસી ૩૦ વર્ષીય સંજય ભોઈર સ્ટેશનની તરફ બે-બ્રિજ તરફ ચાલીને જઈ રહ્યો હતો, ત્યારે પાસેથી પસાર થઈ રહેલી લોકલ ટ્રેનમાંથી યાત્રીએ નારિયેળ અને પૂજાનું પાણી ખાડીની તરફ ફેંક્યું હતું. આ દરમિયાન નારિયેળ સીધું જ સંજયના માથા પર વાગ્યું હતું, જેના કારણે તેને ગંભીર ઈજા પહોંચી અને એ ત્યાં જ પડી ગયો હતો. ઘાયલ સંજયને નજીક આવેલી નગર નિગમની સર ડી.એમ.પેટિટ હોસ્પિટલ લઈ જવામાં આવ્યો, જ્યાં તેની તબિયત બગડવા માંડી હતી. ત્યાર પછી સંજયને મુંબઈની મોટી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો. જ્યાં સારવાર દરમિયાન તેનું મોત થયું હતું.

## રૂ. ૬ કરોડની છેતરપિંડીના કેસમાં જામીન આપનાર જજોની સુપ્રીમે ટીકા કરી

### આ મામલામાં સુપ્રીમ કોર્ટે આરોપી દંપતિને બે સપ્તાહમાં સરેન્ડર કરવાનો આદેશ આપ્યો છે

| (એજન્સી) નવી દિલ્હી, તા.૦૧ |

સુપ્રીમ કોર્ટે એક ખાનગી કંપની સાથે રૂ.છ કરોડથી વધુની છેતરપિંડી કરનાર આરોપી દંપતિને જામીન આપનાર દિલ્હીના નીચલી કોર્ટની કડક શબ્દોમાં ટીકા કરી છે અને જજોને પણ ફટકાર લાગવી છે. કડકડડૂમા કોર્ટના એડિશનલ ચીફ મેટ્રોપોલિટન મેજિસ્ટ્રેટ અને સેશન્સ જજે આરોપીને જામીન આપતી વખતે બેદરકારી દાખવી છે એમ કહીને સુપ્રીમ કોર્ટે બંને જજોને દિલ્હી જ્યુડિશિયરી એકેડમીમાં ઓછામાં ઓછા સાત દિવસ માટે તાલીમ લેવાનો આદેશ આપ્યો છે. સમગ્ર મામલો એવો છે કે એક કંપનીના કહેવા મુજબ આરોપી દંપતિએ જમીન ટ્રાન્સફર કરવા કંપની પાસેથી રૂપિયા ૧.૯ કરોડ લીધા હતા, પરંતુ કંપનીને પાછળ પછીથી ખબર પડી કે જમીન તો પહેલાથી જ વેચી દીધી હતી અને ગીરવે મૂકેલી છે. આરોપી દંપતિએ કંપનીને પૈસા પરત આપવાનો ઈનકાર કર્યો હતો. આ સંદર્ભે ૨૦૧૮માં એક એફઆઈઆર નોંધવામાં આવી હતી. આ મામલામાં દંપતિના આગોતરા જામીનની અરજી દિલ્હી હાઈકોર્ટ ૨૦૨૩માં ફગાવી દીધી હતી. તેમ છતાં એડિશનલ ચીફ મેટ્રોપોલિટન મેજિસ્ટ્રેટની કોર્ટે એવો તર્ક આપ્યો હતો કે ચાર્જશીટ દાખલ થઈ ચુકી છે, એટલા માટે કસ્ટડીની કોઈ જરૂર નથી. ત્યાર પછી સેશન્સ કોર્ટે પણ ઓગસ્ટ ૨૦૨૪માં આ આદેશ માન્યો રાખ્યો, એટલે દિલ્હી હાઈકોર્ટે પણ દખલ કરવાનો ઈનકાર કર્યો હતો. છેવટે આ મામલામાં સુપ્રીમ કોર્ટે કહ્યું કે જામીનના મામલામાં કોઈ પણ કાયદાકીય સિદ્ધાંતને લાગુ કરતાં પહેલા, મુખ્ય રીતે તથ્યો અને પરિસ્થિતિઓના આધારે નિર્ણય લેવો જોઈએ.આ મામલામાં સુપ્રીમ કોર્ટે આરોપી દંપતિને બે સપ્તાહમાં સરેન્ડર કરવાનો આદેશ આપ્યો છે. તેમજ ૧૦.૧૧.૨૦૨૩ અને ૧૬.૦૮.૨૦૨૪ના રોજ જામીન આપનાર જજોને ઓછામાં ઓછા સાત દિવસ માટે ન્યાયિક તાલીમ લેવી પડશે. જસ્ટિલ અહસાનુદ્દીન અમાનુલ્લાહ અને એસવીએન ભટ્ટીની બેન્ચે પોલીસ તરફથી ગંભીર ભૂલોને ધ્યાનમાં લઈને તપાસ અધિકારીના વર્તણૂંકની પણ તપાસ કરવાનો આદેશ આપ્યો છે.

### સેમિકન્ડકટર ક્ષેત્રમાં મોટી સિદ્ધિ

## ભારતમાં પ્રથમ સ્વદેશી એઆઇ ચિપનું નિર્માણ

| (એજન્સી) હૈદરાબાદ, તા.૦૧ |

હૈદરાબાદમાં આયોજિત ટી ચિપ સેમિકોન કોન્સ્ટિટ્યુશનલ સમિટમાં ભારતની પ્રથમ એઆઈ ચિપ જોવા મળી હતી. આ ચિપ સંપૂર્ણ રીતે ભારતીય ટેકનિકથી બનાવવામાં આવી છે. આ સિદ્ધિને એટલા માટે મોટી ગણવામાં આવી રહી છે કારણકે તે ભારતના સેમિકન્ડકટર ક્ષેત્રમાં આત્મનિર્ભર બનાવવાની દિશામાં મોટું પગલું છે. આ ચિપ તેલંગણામાં તૈયાર કરવામાં આવી છે. હૈદરાબાદની આઈઆઈટીથી આવેલ ઈનોવેટર દિનેશે જણાવ્યું હતુ કે, ચિપ એઆઈને ઝડપથી પ્રોસેસ કરવા અને સુરક્ષિત રાખવામાં સક્ષમ છે. આ ચિપને બનાવવામાં ૧૦થી પણ ઓછા લોકોની એક નાની ટીમે કામ કર્યુ છે. છેલ્લા કેટલાક સમયથી ભારતના પાડોશી દેશ ચીને ચિપ માટે પોતાને મજબૂત કર્યુ છે. ભારત પણ આ દિશામાં આગળ વધી શકે છે. દિનેશનું માનવું છે કે આ ચિપ દ્વારા ભારતમાં સ્ટાર્ટઅપ અને શિક્ષણ સંસ્થાઓને સસ્તા ભાવે એઆઈ હાર્ડવેર મળી શકશે. તેમણે જણાવ્યું હતું કે એનવીડિયા અથવા ઈન્ટેલ જેવા હાર્ડવેર ખૂબ જ મોંઘા છે. જેના કારણે અમારા નાણાં વિદેશમાં જાય છે. આપણે આપણું પોતાનું સસ્તું અને સારું હાર્ડવેર બનાવી આત્મનિર્ભર બની શકીએ છીએ. આ ચિપ ખર્ચમાં ઘટાડો કરશે અને ભારતને ટેકનિકલ ક્ષેત્રમાં મજબૂત બનાવશે. હૈદરાબાદમાં આયોજિત ટી-ચિપ (ટેકનોલોજી ચિપ ઈનોવેશન પ્રોગ્રામ) સેમિકોન કન્સ્ટીટયુશન સમિટના અંતે તેલંગણાના આઈટી પ્રધાન શ્રીધર બાબુ દુદિલ્લાએ જણાવ્યું હતું કે યુવાનોમાં ટેલેન્ટ હોવાથી અહીં સેમિકન્ડકટર ઈન્ડસ્ટ્રીનું મોટા પાયે વિકાસની સંભાવના છે. હવે મોટા પાયે ચિપના મેન્યુફેકચરિંગ પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવશે. આ સેક્ટરને આગળ વધારવા રાજ્ય સરકારે અનેક નીતિઓ ઘડી છે.

### પટણામાં ડ્રાફ્ટની તુલનામાં મતદાર વધ્યા

## બિહારમાં મતદાર યાદી જાહેર, ચૂંટણી પંચે SIR પછી જાહેર કર્યો ફાઈનલ ડેટા

### ફાઈનલ ડેટા પ્રમાણે, બિહારના પટણા જિલ્લામાં અત્યારે કુલ ૪૮ લાખ, ૧૫ હજાર અને ૨૯૪ મતદાર છે

| (એજન્સી) બિહાર, તા.૦૧ |

બિહાર વિધાનસભામાં ચૂંટણી નજીક છે ત્યારે ચૂંટણી પંચે ફાઈનલ મતદાર યાદી જાહેર કરી દીધી છે. સ્પેશિયલ ઈન્ટેન્સિવ રિવિઝન પ્રક્રિયા પૂરી થયા પછી ૩૦ સપ્ટેમ્બરના રોજ ચૂંટણી પંચે જાહેર કર્યું હતું કે, અમે ચૂંટણી પંચની સત્તાવાર વેબસાઈટ પર ફાઈનલ મતદાર યાદી જાહેર કરી દીધી છે. ચૂંટણી પંચના મતે, હવે કોઈ પણ મતદાર સત્તાવાર પોર્ટલ https://vOers.eci.gov.in/ પર જઈને પોતાનું નામ અને વિગતો જોઈ શકે છે. મતદાર યાદીમાં નામ નોંધાતા જ મતદાનનો અધિકાર સુનિશ્ચિત થાય છે, એટલે ચૂંટણી પંચે તમામ લાયક નાગરિકોને તેમની વિગતો ચકાસી લેવાની અપીલ કરી છે. SIR પ્રક્રિયા હેઠળ નવા મતદારોના નામ પણ જોડવામાં આવ્યા છે. મૃતકો અને ડુપ્લિકેટ વિગતોને હટાવી દેવાઈ છે. આ ઉપરાંત જે મતદારોએ સ્થાનાંતરણ કર્યું છે, તેમના સરનામા પણ અપડેટ કરી દેવાયા છે. આ વખતે ચૂંટણી પંચે ટેકનિકલ સાધનોના ઉપયોગ પર ખાસ ભાર મૂક્યો છે, જેથી મતદારોને પારદર્શક અને સચોટ યાદી મળી શકે. ફાઈનલ ડેટા પ્રમાણે, બિહારના પટણા જિલ્લામાં અત્યારે કુલ ૪૮ લાખ, ૧૫ હજાર અને ૨૯૪ મતદાર છે. જ્યારે ૧ ઓગસ્ટ ૨૦૨૫ના ડ્રાફ્ટ પ્રમાણે મતદાર યાદીમાં ૪૬ લાખ, ૫૧ હજાર, ૬૯૪ મતદાર હતા. એક મહિલા સુધી ચાલેલા દાવા અને સુધારા પ્રક્રિયા પછી પટણામાં કુલ ૧ લાખ, ૬૩ હજાર, ૬૦૦ નવા મતદાર જોડવામાં આવ્યા છે. તેમાં નવા મતદારો જોડવાની સાથે ડુપ્લિકેટ અને ખામીયુક્ત મતદારોને હટાવી પણ દેવાયા છે. ૧ ઓગસ્ટે જાહેર મતદાર યાદીમાં ૭ કરોડ, ૨૪ લાખ, ૫ હજાર અને ૭૫૬ મતદારના નામ હતા, જેમાં ૬૫.૬૩ લાખ લોકોનું નામ કપાયું હતું. આ યાદી જાહેર થયા પછી ચૂંટણી પંચે ૩ લાખ લોકોને નોટિસ ફટકારી હતી. આ દરમિયાન ૨.૧૭ લાખ લોકોનું નામ કાઢવાની અરજી આવી હતી.

### આ આત્મકથાની મૂળ આવૃત્તિ ૨૦૨૧માં પ્રકાશિત થઈ હતી

## મેલોનીની આત્મકથાની પ્રસ્તાવના PM મોદીએ લખી

### ‘આઈ એમ જ્યોર્જિયા - માય રુટ્સ, માય પ્રિન્સિપલ્સ’ ખરેખર તો ‘મન કી બાત’થી પ્રેરિત છેઃ નરેન્દ્ર મોદી

| (એજન્સી) નવી દિલ્હી, તા.૦૧ |

ઈટાલીના વડાપ્રધાન જ્યોર્જિયા મેલોનીની આત્મકથા ‘આઈ એમ જ્યોર્જિયા - માય રૂટ્સ, માય પ્રિન્સિપલ્સ’ની પ્રસ્તાવના ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ લખી છે. વડાપ્રધાન મોદીએ લખ્યું છે કે, આ આત્મકથા તેમના માસિક રેડિયો કાર્યક્રમ ‘મન કી બાત’થી પ્રેરિત છે, પરંતુ તેમાં તેમના(મેલોની) મનની વાત છે.આ સાથે પીએમ મોદીએ ઉમેર્યું છે કે પ્રસ્તાવના લખવી તેમના માટે ખૂબ મોટા સન્માનની વાત છે અને મેં મેલોની પ્રત્યે ‘સન્માન, પ્રશંસા અને મિત્રતા’ની સાથે પ્રસ્તાવના લખી છે. મોદીએ આ પુસ્તકની પ્રસ્તાવનામાં પોતાના સમકક્ષ વડા(મેલોની)ને એક દેશભક્ત અને ઉત્કૃષ્ટ સમકાલીન નેતા ગણાવ્યા છે. મીડિયા અહેવાલ મુજબ, જ્યોર્જિયા મેલોનીની આત્મકથાની ભારતીય આવૃ



ત્તિ જલદી પ્રકાશિત થવાની છે. આ આત્મકથા રૂપા પબ્લિકેશન્સ દ્વારા પ્રકાશિત થશે. આ પુસ્તકની પ્રસ્તાવનામાં પીએમ મોદીએ એ વાતનો પણ ઉલ્લેખ કરીને યાદ કરાવ્યું કે કેવી રીતે છેલ્લા ૧૧ વર્ષોમાં તેમણે વિશ્વના અનેક નેતાઓની સાથે વાતચીત કરી છે, જેમાં દરેકના જીવનની યાત્રા અલગ-અલગ રહી છે, કેવી રીતે તેમની યાત્રાઓ વ્યક્તિગત વાર્તાથી આગળ વધીને કોઈ મોટી વાતને રજૂ કરે છે. આ આત્મકથાની પ્રસ્તાવનામાં પીએમ મોદીએ એમ પણ લખ્યું છે કે, વડાપ્રધાન મેલોનીના જીવન અને નેતૃત્વમાં આપણને એ શાશ્વત સત્યોની યાદ અપાવે છે... ભારતમાં મેલોનીને એક ઉત્કૃષ્ટ સમકાલીન રાજકીય નેતા અને દેશભકતની તાજી કથાના રૂપમાં યાદ કરાશે. દુનિયાની સાથે સમાન સ્તર પર જોડાઈને પોતાના સાંસ્કૃતિક વારસાના સંરક્ષણ કરવામાં તેમનો વિશ્વાસ આપણા મૂલ્યોને દર્શાવે છે. પ્રસ્તાવનામાં પીએમ મોદી અનેક જગ્યાએ મેલોનીના વખાણ કરે છે અને કહે છે કે કેવી રીતે તેમની પ્રેરણાદાયક અને ઐતિહાસિક યાત્રા ભારતીયોના હૃદયમાં ઉતરી છે. મોદીએ આશાવાદ વ્યક્ત કર્યો છે કે આ પુસ્તક ચોક્કસપણે ભારતીય વાચકોને પ્રભાવિત કરશે. આ આત્મકથાની મૂળ આવૃત્તિ ૨૦૨૧માં પ્રકાશિત થઈ હતી, એક વર્ષ પછી એ દેશના પ્રથમ મહિલા વડાપ્રધાન બન્યા. આ પહેલા જૂન ૨૦૨૫માં આ આત્મકથાની અમેરિકાની આવૃત્તિ પ્રકાશિત થઈ હતી.

### ઈઝરાયલ સહમત, હમાસ પણ તૈયાર થાય તો ૭૨ કલાકમાં યુદ્ધ સમાપ્ત

## અરબ અને મુસ્લિમ દેશોએ ટ્રમ્પની ગાઝા શાંતિ યોજનાનું સ્વાગત કર્યું

| (એજન્સી) વોશિંગ્ટન, તા.૦૧ |

ગાઝા પટ્ટીમાં છેલ્લા બે વર્ષથી ચાલી રહેલા ઈઝરાયેલના લશ્કરી અભિયાનને સમાપ્ત કરવા માટે અમેરિકાએ મોટું પગલું ભર્યું છે. અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે ઈઝરાયેલના વડાપ્રધાન બેન્જામિન નેતન્યાહૂની હાજરીમાં ગાઝા સહિત સમગ્ર પેલેસ્ટાઈન ક્ષેત્રમાં શાંતિ માટેની ૨૦-સૂત્રીય એક્શન પ્લાનની જાહેરાત કરી છે. વોશિંગ્ટનના પ્રવાસે પહોંચેલા ઈઝરાયલના વડા પ્રધાન બેન્જામીન નેતાન્યાયહૂની ઉપસ્થિતિમાં અમેરિકાના રાષ્ટ્ર પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે તેની જાહેરાત કરી હતી. વ્હાઈટ હાઉસમાં આ યોજનાની જાહેરાત કરતા ટ્રમ્પે નેતન્યાહૂનો આભાર માન્યો અને દાવો કર્યો કે તેઓ ગાઝા યુદ્ધમાં શાંતિની ખૂબ નજીક છે. ટ્રમ્પે જણાવ્યું કે આ પ્રસ્તાવ સંબંધિત દેશોની સાથે મળીને વિચાર-વિમર્શ કરીને તૈયાર કરવામાં આવ્યો છે અને ઘણા આરબ, મુસ્લિમ તથા યુરોપીયન નેતાઓએ તેને સમર્થન આપ્યું છે. જોકે, ટ્રમ્પે પેલેસ્ટાઈની જૂથ હમાસને સ્પષ્ટ ચેતવણી આપી છે. તેમણે કહ્યું કે હમાસના ખતરાને ખતમ કરવા ઈઝરાયેલને તેમનું સંપૂર્ણ સમર્થન છે. પરંતુ જો હમાસ શાંતિ સમજૂતીને અસ્વીકાર કરશે, તો ઈઝરાયેલને તેને ખતમ કરવાના અભિયાનમાં અમેરિકાનો પૂર્ણ સહયોગ મળશે.આ ૨૦-સૂત્રીય યોજના અનુસાર, બંને પક્ષોની સહમતિ મળતાં જ યુદ્ધનો તાત્કાલિક અંત આવશે. હમાસે ૭૨ કલાકની અંદર તમામ બંધકોને મુક્ત કરવા પડશે, જેના પછી ઈઝરાયેલી સેનાની વાપસી યોજના અમલમાં આવશે અને યુદ્ધવિરામ લાગુ રહેશે. બદલામાં, ઈઝરાયેલ આજીવન કેદની સજા પામેલા ૨૫૦ પેલેસ્ટાઈનીઓ અને ૭ ઓક્ટોબર ૨૦૨૩ પછી પકડાયેલા ૧૭૦૦ અન્ય કેદીઓને મુક્ત કરશે. હમાસના લડવૈયાઓએ સંપૂર્ણપણે નિઃશસ્ત્ર થવું પડશે અને તેમને ભવિષ્યની સરકારમાં કોઈપણ ભૂમિકામાંથી દૂર કરવામાં આવશે. જોકે, જેઓ શાંતિપૂર્ણ સહ-અસ્તિત્વ માટે સંમત થશે તેમને માફી આપવામાં આવશે. એક અસ્થાયી આંતરરાષ્ટ્રીય સ્થિરીકરણ દળની તૈનાતી અને ટ્રમ્પના નેતૃત્વમાં એક ટ્રાન્ઝિશનલ ઓથોરિટીની રચના પણ આ યોજનામાં સામેલ છે.સાઉદી અરબ, જોર્ડન, સંયુક્ત અરબ અમીરાત, ઈન્ડોનેશિયા, પાકિસ્તાન, તુર્કી, કતાર અને ઈજિપ્તના વિદેશ પ્રધાનોએ ડોનાલ્ડ ટ્રમ્પની યોજનાનું સ્વાગત કર્યું છે. આ દેશોએ આ અંગે એક સંયુક્ત નિવેદન બહાર પાડ્યું છે, જેમાં કહેવામાં આવ્યું છે કેઃ ‘‘અમે ટ્રમ્પના નેતૃત્વ અને ગાઝામાં યુદ્ધ સમાપ્ત કરવાના તેમના પ્રામાણિક પ્રયાસોનું સ્વાગત કરીએ છીએ, અને શાંતિનો માર્ગ શોધવાની તેમની ક્ષમતામાં અમારો વિશ્વાસ વ્યક્ત કરીએ છીએ.’’ જેમાં કહેવામાં આવ્યું છે કેઃ ‘‘અમે ટ્રમ્પના નેતૃત્વ અને ગાઝામાં યુદ્ધ સમાપ્ત કરવાના તેમના પ્રામાણિક પ્રયાસોનું સ્વાગત કરીએ છીએ, અને શાંતિનો માર્ગ શોધવાની તેમની ક્ષમતામાં અમારો વિશ્વાસ વ્યક્ત કરીએ છીએ.’’

## તંત્રી લેખ...

## GFL કંપનીમાં ફરી ગેસ લીકેજ, જવાબદારો સામે કડક કાર્યવાહીની માંગ

પંચમહાલ જિલ્લાના ઘોઘંબા નજીક આવેલી ગુજરાત ફ્લોરો કેમિકલ કંપની (GFL) માં ફરી એકવાર ગેસ લીકેજ થવાની ગંભીર ઘટના સામે આવી છે. થોડા જ દિવસો પહેલા જ્યાં ગેસ લીકેજના કારણે ૨ શ્રમિકોના મોત થયા હતા અને ૧૧ જેટલા કામદારો ઘાયલ થયા હતા, ત્યાં ફરીથી આ પ્રકારની ઘટના બનતાં સ્થાનિકોમાં ભયનો માહોલ ફેલાયો છે. ગેસ લીકેજની જાણ થતાં જ આસપાસના વિસ્તાર, ખાસ કરીને રણજીતનગરમાં દોડધામ મચી ગઈ હતી. કંપની મેનેજમેન્ટની બેદરકારીને કારણે આ પુનરાવર્તિત ઘટનાએ ગંભીર સવાલો ઊભા કર્યા છે. આ કંપનીમાં વારંવાર ગેસ લીકેજ થવાની ઘટનાઓ બનતાં આસપાસના ગામોના લોકોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. ગેસ લીક થવાની જાણ થતાં જ મોટી સંખ્યામાં લોકોના ટોળાં કંપનીના ગેટ પાસે ઉમટી પડ્યા હતા. લોકોએ પોતાની અને પોતાના પરિવારની સુરક્ષાને લઈને ચિંતા વ્યક્ત કરી હતી. સ્થાનિકોનું કહેવું છે કે, અગાઉની દુર્ઘટનામાંથી પણ કંપની મેનેજમેન્ટે કોઈ બોધપાઠ લીધો નથી અને સુરક્ષાના માપદંડોનું સરેઆમ ઉલ્લંઘન કરવામાં આવી રહ્યું છે. સ્થાનિક વહીવટી તંત્ર તાત્કાલિક આ બાબતે કડક કાર્યવાહી કરે તેવી માંગણી કરવામાં આવી છે. સતત બે મોટી ગેસ લીકેજની ઘટનાઓ બાદ ય્ફ્લ- કંપનીની સુરક્ષા વ્યવસ્થા અને બેદરકારી ખુલ્લી પડી છે. સવાલ એ છે કે, અગાઉ દુર્ઘટના સર્જાઈ હોવા છતાં કંપનીને ફરીથી આવી જ બેદરકારી દાખવવાની છૂટ કોણે આપી? વહીવટી તંત્ર અને પ્રદૂષણ નિયંત્રણ બોર્ડે આ મામલે તાત્કાલિક તપાસના આદેશ આપીને ગેસ લીકેજના ચોક્કસ કારણની તપાસ કરવી જોઈએ. કંપનીના જવાબદાર અધિકારીઓ સામે કડક કાયદાકીય કાર્યવાહી કરીને સ્થાનિક રહેવાસીઓની સુરક્ષા સુનિશ્ચિત કરવી આવશ્યક છે.

## મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના હસ્તે અમદાવાદ ખાતે અખિલ ભારતીય વિદ્યાર્થી પરિષદના પ્રદેશ કાર્યાલય 'શ્રીલેખા ભવન'નું ભૂમિપૂજન સંપન્ન




। (માહિતી) અમદાવાદ, તા.૦૧ ।

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના હસ્તે અમદાવાદના પાલડી ખાતે વિદ્યાર્થી વિકાસ નિધિ ટ્રસ્ટ દ્વારા નિર્માણાધીન અખિલ ભારતીય વિદ્યાર્થી પરિષદના પ્રદેશ કાર્યાલય 'શ્રીલેખા ભવન'નું ભૂમિપૂજન સંપન્ન થયું હતું. ત્યાર બાદ ટાગોર હોલ ખાતે મુખ્યમંત્રી શ્રીની ઉપસ્થિતિમાં કાર્યકર્તા એકત્રીકરણ પણ યોજાયું હતું. આ પ્રસંગે ઉપસ્થિત અભાવિપના કાર્યકર્તાઓને નવરાત્રિની શુભેચ્છાઓ પાઠવી મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું કે આ વર્ષે વિજયા દશમીના દિવસે રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘનાં ૧૦૦ વર્ષ પૂર્ણ થઈ રહ્યા છે. વડાપ્રધાનશ્રીએ પણ લાલ કિલ્લાની પ્રાચીરથી સંઘનાં સેવાકાર્યો તેમજ સમગ્ર રાષ્ટ્ર અને સમાજ માટે સંઘના યોગદાનનું સ્મરણ કર્યું હતું, એ દષ્ટિએ આ દિવસ સૌ માટે ખાસ છે તેમ તેમણે ઉમેર્યું હતું. મુખ્યમંત્રીશ્રીએ કહ્યું કે એક તરફ જ્યાં સંઘ રાષ્ટ્ર નિર્માણની નવી ક્ષિતિજો વિસ્તારવા માટે બાળપણથી જ લાખો સ્વયંસેવકોમાં દેશભક્તિના સંસ્કારોનું સિંચન કરે છે, ત્યાં બીજી તરફ અખિલ ભારતીય વિદ્યાર્થી પરિષદ વિદ્યાર્થીકાળથી ચારિત્ર્ય ભાવના જગાવવાનું અને 'રાષ્ટ્ર પ્રથમ'નો ભાવ જગાવવાનું કાર્ય કરતી આવી છે. શ્રી પટેલે ગુજરાતમાં અભાવિપની છ દાયકાની યાત્રાનો ઉલ્લેખ કરતાં જણાવ્યું કે આ સમયગાળામાં રાજ્યના વિદ્યાર્થીઓમાં રાષ્ટ્રીયતા, સેવા, પર્યાવરણનું જતન અને કલાના સંવર્ધનના સંસ્કારોને પોષવાનું કામ આ સંગઠને કર્યું છે. આજે જ્યારે જૂના સ્થળે જ આ ભવનનું પુનઃનિર્માણ કરવાની ઈંટ મૂકાઈ છે, ત્યારે જૂના કાર્યકરોનાં અનેક સંભારણાં તાજાં થવાની સાથે તેમના માટે આ ક્ષણ ગૌરવની પળ બની રહેશે તેમ તેમણે જણાવ્યું હતું. તેમણે ભગવદ્ગીતાનો ઉલ્લેખ કરી ઉમેર્યું કે અખિલ ભારતીય વિદ્યાર્થી પરિષદ 'જ્ઞાન, ચારિત્ર્ય અને એકતા'ના મંત્ર સાથે કામ કરી રહી છે તેમાં આધ્યાત્મિકતાનો ઉમેરો થતાં દરેક સમસ્યાનું નિરાકરણ મળી રહેશે. ત્યારે વિદ્યાર્થી પરિષદ વ્યક્તિ, સમાજ અને રાષ્ટ્ર નિર્માણ માટે સૌને એક કરવાનું ભગીરથ કાર્ય કરી રહી છે.

શ્રી પટેલે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ પણ કટોકટીના સમયે 'શ્રીલેખા ભવન'માં નિવાસ કર્યો હતો તેમ જણાવી, ગૃહ અને સહકારિતા મંત્રી શ્રી અમિતભાઈ શાહ પણ આ ભવનને રાષ્ટ્રીયતાનું પ્રથમ પગલું ગણાવે છે તેમ ઉમેર્યું હતું. જેથી ન્યૂ એજ ટેકનોલોજીથી સજ્જ આ નવા ભવનનું નિર્માણ થતાં યુવાનોમાં રાષ્ટ્ર ભાવનાના બીજ રોપાવાની સાથે વિકસિત ભારત @૨૦૪૭ના વડાપ્રધાનશ્રીના સ્વપ્નને સાકાર કરવા માટે નવી પ્રેરણા પણ મળશે તેવો વિશ્વાસ વ્યક્ત કર્યો હતો. મુખ્યમંત્રીશ્રી પટેલે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના જ્ઞાન શક્તિ એટલે કે - ગરીબ, યુવા, અન્નદાતા અને નારી શક્તિના ચાર સ્તંભ પર આધારિત વિકાસની વાત કરતાં કહ્યું કે આજે ભારત વિશ્વનો સૌથી યુવાન દેશ છે અને આ યુવા શક્તિના સામર્થ્યથી રાષ્ટ્રના વિકાસને નવી ગતિ આપવાનો તેમનો નિર્ધાર છે. ત્યારે આ ડેમોગ્રાફિક એડવાન્ટેજની તાકાતનો રાષ્ટ્રનિર્માણમાં ઉપયોગ થઈ શકે તેવી યુવાલક્ષી નીતિઓનું નિર્માણ થઈ રહ્યું છે. તેમણે કહ્યું કે રાજનીતિના માધ્યમથી રાષ્ટ્રના વિકાસમાં યોગદાન આપવા માટે યુવાનોને આગળ આવવા વડાપ્રધાનશ્રી અવારનવાર પ્રેરણા આપતાં હોય છે, ત્યારે દેશના આ અમૃતકાળમાં વિદ્યાર્થી પરિષદની ભૂમિકા મહત્ત્વની બની રહેશે. આ વિચારને મૂર્તિમંત કરવા અને નવયુવાનોને રાષ્ટ્ર નિર્માણ માટે રાજનીતિમાં જોડવા માટે શરૂ કરાયેલાં 'માય યુવા ભારત' પ્લેટફોર્મ વિશે પણ મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું હતું. તેમણે વડાપ્રધાનશ્રીના શબ્દો દોહરાવતાં કહ્યું કે આ અમૃતકાળ દેશનો કર્તવ્યકાળ પણ છે. દેશની સ્વતંત્રતાની લડાઈ પણ સ્વદેશી થકી જ મજબૂત બની હતી. ત્યારે અખિલ ભારતીય વિદ્યાર્થી પરિષદની છાત્ર શક્તિને સ્વદેશીના માધ્યમથી રાષ્ટ્રશક્તિની જ્યોત જલતી રાખવા અને આત્મનિર્ભર ભારતના વડાપ્રધાનશ્રીના લક્ષ્યમાં જોડાઈને સૌ યુવાનોને સ્વદેશી અપનાવવા અનુરોધ કર્યો હતો.

કૈલાસનાં શિખરે મૃગ ચર્મ પર ભગવાન અજન્મા આશુતોષ બિરાજમાન છે. તેનાં હાથે અને કટીભાગ પર સર્પનાં આભૂષણ છે,

# રાવણ દહન કરતાં પહેલાં રાવણ વિશે જાણીને એ પાત્રને ન્યાય કરીએ!.



**સદગુરુ વચનામૃત**
સંકલન ફાલ્ગુની વસાવડા
(ભાવનગર)

**ચર લીંગ, ચર નું અર્થ ચલિત થાય છે, શરીરના, કોઈ અંગ નાભિ નાકનું ટેરવું કે શિખા વગેરે પર, આત્મ રુપ પર ઘણી વાર લીંગ જેવો દેખાવ બને છે તે અથવા, કોઈ કુદરતી પદાર્થ માંથી લિંગ જેવો આભાસ ઉત્પન્ન થાય તેને ચર લિંગ કહેવામાં આવે છે. ગુરુ લીંગ, ગુરુ નો વ્યાપક અર્થ અહીં લેવામાં આવ્યો છે કે.જે સર્વનું હિત કરનાર છે તે જ્યારે કોઈ મંત્ર સાથે ગુણોના વિકાર દૂર કરવા માટે જે લિંગ ની પૂજન અર્ચન કરવાનું કહેવામાં આવે તેને ગુરુ**

શક્રાદયા સૂરગણાં નિહતે તિવિર્ય તસ્મિન દુરાત્મનિ સૂરારિ બલે ચ દેવ્યામ, ... નોમનાં પણ યજ્ઞ કાર્ય સંપન્ન થયા. વિશ્વંભરી, જય આદ્યા શક્તિની આરતી, તેમજ આંખડી અધીર મારી આંખડી અધીર.. છેટાં રહોને સૌ છેટાં રહો અંબે બહુચરને રમવા દ્યો... આવો રણકાર બીજે ક્યાંય નથી સાંભળ્યો આતો મારાં માજીના રથનો રણકાર... આ બધું જ હવે નવરાત્રી પૂરી થતાં પુરું! નવ નવ દિવસથી ચાલતું આ ભક્તિ ભાવનું પર્વ કાળીયુગી માનસિકતા પ્રમાણે પૂર્ણ થયું. બહાર તો બધું સરખું કર્યું, પરંતુ અંદર હજી એક બહુ મોટો વિકાર એટલે કે આ અહંકાર રહી ગયો છે, અને એને પણ ખત્મ કરવો પડશે. રાવણને આપણે ત્યાં અહંકારનાં અવતાર તરીકે ઓળખવામાં આવે છે,તો દશેરા એ લંકાપતિ રાવણનાં અહંકાર વિશે વાત કરીશું.

આજે આસો સુદ દશમ એટલે કે વિજયાદશમી અથવા દશેરાનો તહેવાર છે, અને આ તહેવાર રામરૂપી સત્યના વિજયની યાદમાં ઉજવાય છે. ત્રેતા યુગમાં ભગવાન શ્રીરામ લક્ષ્મણ અને જાનકી પિતાનું વચન નિભાવવા માટે જ્યારે ૧૪ વર્ષનો વનવાસ ભોગવી રહ્યા છે, ત્યારે લંકાપતિ રાવણ સીતાનું અપહરણ કરે છે, અને લંકામાં લઈ જઈને કેદ કરે છે. ભગવાન રામ ત્યારે સુગ્રીવ હનુમંત, અંગદ, જામવંત, નલનીલ વગેરે જેવા રીંછ વાનરની સેના સાથે લંકા પર આક્રમણ કરે છે, અને રાવણનો વધ કરી સીતાજીને તેની કેદમાંથી છોડાવે છે. આટલી પ્રાથમિક માહિતી લગભગ દરેક ભારતીયને છે, અને ન્હોય તો હોવી પણ જોઈએ. પણ રાવણ વિશે હજી આપણે ઓછું જાણીએ છીએ! એક તો રાક્ષસ કુળ હોવું એ ખરાબ નહોતું! કારણકે જળ એ જીવન છે એ મહત્વની વાતને ધ્યાનમાં રાખીને બ્રહ્મા એ જ બે વર્ગ પાડ્યા હતાં કે, જે પાણીનું રક્ષણ કરે એ અપભ્રંશ થતાં રાક્ષસ અને જે એનું યક્ષાશં કરે એ યક્ષ, એમ બે જ શ્રેણી ત્યારે ઉપસ્થિત હતી! અને આમ પણ રાવણ મૂળમાં બ્રહ્માના પુત્ર પુલસ્ત્યનાં વંશજ તરીકે આવતા વિશ્વશ્રવા કૈકસીનો પુત્ર છે અને એટલે જ એ ઋષિય ગુણ પણ ધરાવે છે. રાવણ બહુ મોટાં શિવ ભક્ત હતાં! આ ઉપરાંત એ વિવેચક અને વિચારક પણ હતાં, એમણે સમાજ ઉપયોગી ત્રણ પુસ્તક પણ લખ્યા છે. રાવણ સંહિતા, કુમાર તંત્ર અને દત્તાત્રય ! હકીકતમાં એ તંત્ર માર્ગીય સાધના દર્શાવે છે! પરંતુ રાવણ સંહિતામાં ઔષધ અને આર્યુવેદ વિશે પણ મહત્વની ભૂમિકા રચી છે! એમણે કહ્યું કે યોદ્ધાને ઔષધિ તેમજ આયુર્વેદનું જ્ઞાન હોવું જરૂરી છે. આશ્ચર્યની વાત તો ત્યાં છે કે એના તંત્ર માર્ગમાં પણ ક્યાંય બલિ, રક્ત કે અન્ય જીવીત પ્રાણી કે માંસની વાતનો ઉલ્લેખ નથી! અને દરેક મંત્રમાં સરસ્વતીનો ઉલ્લેખ છે, અને એટલે જ તાંડવ સ્તોત્ર જેવી સંસ્કૃત વાણી નીકળી.

અત્યારે કળિયુગ એની અસીમતા વટાવતો જાય છે. સમાજની બેન દીકરીઓની ઈજ્જત સરેઆમ ઉછળે છે, અને છતાં આરોપી આઝાદ ફરે છે. એટલે એવું લાગે કે આપણે આ દશેરાનો તહેવાર ઉજવીને રાવણને દંડ કરી રહ્યા છીએ! સમય બદલાય એમ સંદર્ભ પણ બદલાય, એટલે એ રીતે રાવણ આપણને ઘણો સજ્જન લાગે, કારણ કે એણે લંકામાં લઈ જવા છતાં સીતાજીનો સ્પર્શ પણ કર્યો નથી. આ ઉપરાંત યુદ્ધમાં પણ ક્યાંય અનીતિ થઈ હોય એવું નોંધાયું નથી, રાવણનાં પુત્ર ઈન્દ્રજીતે વિજય માટે યજ્ઞ કર્યો હતો, એવી વાત નોંધાઈ છે, પણ રાવણે પોતાની જીત માટે કંઈ કર્યું હોય એવું નોંધાયું નથી. એટલે કે મંત્ર તંત્રનો પ્રયોગ તેણે કર્યો નહોતો! કારણ કે એ જાણતો હતો કે, પોતે આ ખોટું કરી રહ્યો છે, પણ એને પ્રભુ શ્રીરામના હાથે મૃત્યુ જોઈતું હતું, એટલે તેણે ખેલ નાખ્યો એવો પણ અર્થ કાઢી શકાય, કે તુલસીદાસજી લખ્યું તેમ રાવણ પણ અવતાર હતો.

કાળ ગણના પ્રમાણે અત્યારે દાનવ શ્રેણી દેખીતી રીતે લુપ્ત થઈ ગઈ છે, એટલે કે એક કરતાં વધુ મસ્તક હોવા માથે શિંગડા, લાંબા હાથ, લાંબા નખ,જેવો વિકૃત ચહેરો અને બીજું પણ કેટલુંય એવું બધું દેખાવની રીતે જોવા મળતું નથી. વિજ્ઞાનની રીતે કહીએ તો ઉત્ક્રાંતિવાદને કારણે આજે મનુષ્યનું એકદમ સુંદર સ્વચ્છ અને શિક્ષિત સ્વરૂપ આપણને મળી ગયું છે, પણ એમાં ધીરે ધીરે સંસ્કૃતિના સંસ્કારનું જે ભૂષણ હતું, એ લુપ્ત થતું જાય છે, અને એને કારણે ક્યાંક ક્યાંક આજનો માનવી રાવણ કરતા પણ વધુ વિકૃત છે, એ આપણે સૌ જાણીએ છીએ. આંતરિક રીતે પ્રવેશી ગયેલી વિકૃતિનું નિવારણ એમ એટલું સહેલું પણ નથી.

નવ દિવસથી મા જગતજનની જગદંબાની આરાધના કરી રહ્યા છીએ એ સર્વોપરી શક્તિ આગળ ત્રિદેવ નત મસ્તક થઈ પોતાના કાર્ય માટે વિનંતી કરે છે. તો પ્રશ્ન એ થાય કે જ્યારે અવતાર તરીકે ઈશ્વરે જન્મ લીધો ત્યારે નારી શક્તિનું મહાત્મ્ય જેટલું થવું જોઈએ એટલું થયું ખરું! ઈશ્વર કાર્ય કારણ સિધ્ધાંતથી પર હોય છે, એટલે એ જે કરે તે અવતાર લીલા કહેવાય! પરંતુ એક જીવ તરીકે એને મુલાવવામાં આવે તો એમાં પણ ત્રૂટી હતી. માતા સીતા જ નહીં, કૌશલ્યા, કૈકેયી, સુમિત્રા, ઉર્મિલા, માંડવી, શ્રુતિકીર્તિ! બધાંએ વગર કારણે દંડ ભોગવ્યો. દ્વાપરયુગની વાત કરીએ તો, પણ કુંતી, માદ્રી, દ્રોપદી, ઉત્તરા, ગાંધારી, અને બધા જ! શું કૌરવોની પત્નીઓ દ્રૌપદીનું ચીર હરણ ઈચ્છતી હતી?; પણ કેમ સૌ મૌન રહ્યા? એ રીતે જોઈએ તો આજનો કાળ ઘણો ઉત્તમ લાગે કારણ કે સમાજના ૨૫% ને બાદ કરતા બાકીનાં નારી શક્તિનું અનુમોદન કરી રહ્યાં છે, અને તેની ઈચ્છાઓને માન પણ આપી રહ્યા છે, તેને ઉડવા માટે આકાશ પણ આપ્યું છે અને ઘરગૃહસ્થિની જંજાળમાંથી થોડી મુક્ત પણ કરી છે.

ચૈત્ર સુદ નોમના દિવસે એટલે કે ચૈત્ર નવરાત્રની શક્તિની ઉપાસનાના અંતિમ દિવસે સત્યનો જન્મ થાય છે, અને આસો સુદ દશેરાએ એ રામ રાવણનો વધ કરે છે, એટલે કે અનીતિ રુપે અસત્યનો વધ થાય છે. ત્રેતા કાળ વીતી ગયાને આજે ઘણો સમય થઈ ગયો, એ પછી આખાં યુગનો એટલે કે દ્વાપર યુગનો પણ અસ્ત થઈ ગયો. રાવણનો વધ કરવો, એટલે એનું આજના સમયમાં ચિંતન કરીએ તો, આજે રાવણ બહાર નથી. દરેકમાં ભીતર જ એક રામ અને એક રાવણ બંને વસે છે. સમય સમયે એક પાત્ર બીજા પાત્ર પર હાવી થાય છે, અને કર્મ કે કાર્ય કરાવી જાય છે. રાવણ પર રામ તત્વ હાવી થાય, ત્યારે ધર્મ કર્મ થાય અને રામપર રાવણ તત્વ હાવી થાય ત્યારે અધમ કૃત્ય થાય. શક્તિની નવ નવ દિવસની ઉપાસના કરી, અને જો આપણને ભીતર રાવણ ન દેખાય તો, આપણી આ ઉપાસના નિષ્ફળ રહી છે, તેવું કહી શકાય. આત્મ વિશ્લેષણને અંતે રામ રાવણ બંને તત્વતઃ અવતાર જ છે. જો એ સ્ત્રી શક્તિ કે અસ્મિતાનું રક્ષણ કરનાર હતો, એટલે સામે જ મૃત્યુ ઉભું છે, એ ખબર હોવા છતાં પણ પોતાના નિર્ણયમાં કોઈ ફેરફાર તેણે કર્યો નહીં. કારણ કે અંતે તો રાવણ પણ અવતાર હતો, અને લીલા માત્ર કરી રહ્યો હતો. સમાજને શીખ દેવા માટે અવતારો આ રીતે લીલા કરતાં,આપણે સૌ રામ અને રાવણ બંને પાત્રોમાંથી શીખ ગ્રહણ કરી, અને આગળનું જીવન પૂર્ણ કરીએ, તથા મા ભગવતીની અનંતને અખંડ સાધનાનો સંકલ્પ જગદંબા પૂરો કરવા અવશ્ય શક્તિ પ્રદાન કરશે. જય અંબે.



આ દિવસ મોહનદાસ કરમચંદ ગાંધીના જીવન અને યોગદાનનું સન્માન કરે છે

# અસત્ય પર સત્યની જીતનું પર્વ એટલે વિજયા દશમી દશેરા- ૧૫૬મી ગાંધી જયંતિ



**વિશેષ**
યશપાલસિંહ ટી. વાઘેલા
(દરબાર ગઢ, થરા)

**આ મૂર્તિઓ દેખાવમાં ખૂબ મોટી છે. તેવી જ રીતે, બુરાઈ પણ મહાનછે સાંજે, આ પૂતળાઓને આગ લગાડવામાં આવે છે. ફટાકડા ફોડવાને કારણે પૂતળા બળીને રાખ થઈ જાય છે. તેવી જ રીતે, જ્યારે અચ્છાઈ વધે છે, ત્યારે આ પૂતળાઓની જેમ બુરાઈનો પણ અંત આવે છે.**

દશેરાનો તહેવાર દર વર્ષે આસો મહિનાના શુક્લ પક્ષની દશમને વિજયાદશમી તરીકે પણ ઉજવવામાં આવે છે કારણ કે, ભગવાન શ્રી રામ અને લંકાના રાજા રાવણ વચ્ચેભયંકર યુદ્ધ થયું હતું અને દશમા દિવસે ભગવાન શ્રી રામનો વિજય થયો હતો.આ વર્ષે દશેરાનો તહેવાર બીજી ઓક્ટોબર,ગુરૂવારે એટલે કે ગાંધી જયંતિ પણ છે. દશેરાની ઉજવણી શા માટે? ત્રેતાયુગમાં દશેરાના દિવસે ભગવાન રામે લંકાપતિ દશાનન રાવણનો વધ કર્યો હતો. ભગવાન રામ અને રાવણ વચ્ચે સતત દશ દિવસ સુધી ભયંકર યુદ્ધ થયું. દશમા દિવસે ભગવાન શ્રી રામે રાવણનો વધ કર્યો હતો. આ યુદ્ધનું કારણ ભગવાન શ્રી રામની પત્ની સીતાનું અપહરણ હતું. રાવણની બહેન શૂર્પણખાએ ભગવાન રામ અને લક્ષ્મણને લગ્નનો પ્રસ્તાવ મૂક્યો,પરંતુ બંને એ ના પાડી. તેમ છતાં તે લગ્ન માટે પૂછતી રહી,તો લક્ષ્મણજીએ તેનું નાક અને કાન કાપી નાખ્યા. ત્યાર બાદ રાવણે માતા સીતાનું અપહરણ કરીને તેમને લંકાની અશોક વાટિકામાં રાખી હતી. હનુમાનજી,સુગ્રીવ, જામવંત અને વાનર સેનાની મદદથી માતા સીતા મળી અને પછી ભગવાન રામે લંકા પર કૂચ કરી,જેના પરિણામે સમગ્ર રાક્ષસ જાતિનો અંત આવ્યો. અસત્ય પર સત્યની જીતનું પ્રતીકઃભગવાન રામના હાથે રાવણનો વધ અસત્ય પર સત્યની જીતનું પ્રતીક છે. તે અનિષ્ટ પર સારાની જીતનો ઉત્સવ છે. આ કારણે દર વર્ષે અશ્વિન માસના શુક્લ પક્ષની દશમના દિવસે દશેરા ઉજવવામાં આવે છે.દર વર્ષે દશેરાની ઉજવણી કરવાનો હેતુ લોકોને સત્ય, ધર્મ અને સદભાવનાનો સંદેશ આપવાનો છે. સત્યના માર્ગ પર ચાલવામાં મુશ્કેલીઓ આવશે,પરંતુ અંતે વિજય તેની જ થશે, તેથી વ્યક્તિએ ક્યારેય સત્યના માર્ગથી ભટકી ન જવું જોઈએ. તમારી અંદર રહેલી ખરાબીઓને દૂર કરીને પોતાને સારા બનાવવાનો સંદેશ પણ દશેરામાં છુપાયેલો છે.દશેરાનો તહેવાર કેવી રીતે ઉજવવો?દશેરાના દિવસે રાવણ,કુંભકર્ણ અને ઈન્દ્રજીતના વિશાળ પૂતળા બનાવવામાં આવે છે.તેઓ ફટાકડાથી ભરેલા હોય છે. આ મૂર્તિઓ દેખાવમાં ખૂબ મોટી છે. તેવી જ રીતે,બુરાઈ પણ મહાનછે સાંજે,આ પૂતળાઓને આગ લગાડવામાં આવે છે. ફટાકડા ફોડવાને કારણે પૂતળા બળીને રાખ થઈ જાય છે. તેવી જ રીતે, જ્યારે અચ્છાઈ વધે છે, ત્યારે આ પૂતળાઓની જેમ બુરાઈનો પણ અંત આવે છે. દશેરાનો તહેવાર રાવણ દહન સાથે સમાપ્ત થાય છે. નવરાત્રિમાં દશ દિવસ સુધી યોજાતી રામ લીલાઓ દશેરાના દિવસે પૂરી થાય છે. આજે બીજી ઓક્ટોબરે ૧૫૬ મી ગાંધી જયંતિ અને વિજયા દશમી દશેરા સાથે ઉજવવામાં આવશે. આ દિવસ મોહનદાસ કરમચંદ ગાંધીના જીવન અને યોગદાનનું સન્માન કરે છે,જેમને આપણે રાષ્ટ્રપિતા તરીકે ઓળખીએ છીએ. અહિંસા,સત્ય અને નાગરિક અધિકારનો તેમનો વારસો વિશ્વભરના લોકોને પ્રેરણા આપે છે. મહાત્મા ગાંધીનો જન્મ બીજી ઓક્ટોબર, ૧૮૬૯ના રોજ ગુજરાતના પોરબંદરમાં થયો હતો તેઓ બ્રિટિશ શાસન સામે ભારત ના સ્વાતંત્ર્ય સંગ્રામમાં મુખ્ય વ્યક્તિ બન્યા, તેમણે સમાજ અને દેશ માટે લડવા માટે અહિંસક પ્રતિકાર અને નાગરિક અસહકારનો ઉપયોગ કર્યો અને દાંડી કૂચ અને ભારત છોડો ચળ વળ જેવી તેમની ચળવળો ૧૯૪૭માં ભારતની સ્વતંત્રતા હાંસલ કરવામાં મહત્વની ભૂમિકા ભજવી હતી.ગાંધીજીની અહિંસા અને સત્યાગ્રહ પ્રત્યેની પ્રતિ બદ્ધતાએ માત્ર ભારતની સ્વતંત્રતા ચળવળને આકાર આપ્યો ન હતો,પરંતુ વૈશ્વિક શાંતિ ચળવળોને પણ પ્રભાવિત કરી હતી.ગાંધી જયંતિનું મહત્વ

આંતરરાષ્ટ્રીય અહિંસા દિવસઃ ગાંધીજીના સિદ્ધાંતોને માન્યતા આપતા, યુનાઈટેડ નેશન્સે ૨૦૦૭ માં બીજી ઓક્ટોબરને આંતર રાષ્ટ્રીય અહિંસા દિવસ તરીકે જાહેર કર્યો,તેના વૈશ્વિક પ્રભાવને વધુ મજબૂત બનાવ્યો. આજે આપણા વિશ્વ નેતા વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ સ્વદેશીનું અભિયાન હાથ ધર્યું છે તે ગાંધીજીએ તે સમયે સ્વદેશી ચીજવસ્તુ ઓનો પ્રચાર ચળવળ દ્વારા સ્વદેશી વસ્તુઓના ઉપયોગ અને આત્મનિર્ભરતા પર ભાર મૂક્યો હતો. અહિંસા અને ગાંધીજીએ માર્ટિન લ્યુથર કિંગ જુનિયર અને નેલ્સન મંડેલા જેવા નેતાઓને નાગરિક અધિકારોઅને ન્યાય માટેના તેમના સંઘર્ષમાં પ્રેરણા આપી છે. તેમના ઉપદેશો વિશ્વભરમાં સમાનતા અને શાંતિ માટેની ચળવળોને પ્રેરણા આપતા રહે છે. વાચક ચાહક મિત્રો સૌને વિજયા દશમી દશેરા અને ૧૫૬મી ગાંધી જયંતિની શુભકામનાઓ પાઠવું છું. આજે આપણા વિશ્વ નેતા વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ સ્વદેશીનું અભિયાન હાથ ધર્યું છે તે ગાંધીજીએ તે સમયે સ્વદેશી ચીજવસ્તુ ઓનો પ્રચાર ચળવળ દ્વારા સ્વદેશી વસ્તુઓના ઉપયોગ અને આત્મનિર્ભરતા પર ભાર મૂક્યો હતો.અહિંસા અને ગાંધીજીએ માર્ટિન લ્યુથર કિંગ જુનિયર અને નેલ્સન મંડેલા જેવા નેતાઓને નાગરિક અધિકારોઅને ન્યાય માટેના તેમના સંઘર્ષમાં પ્રેરણા આપી છે. તેમના ઉપદેશો વિશ્વભરમાં સમાનતા અને શાંતિ માટેની ચળવળોને પ્રેરણા આપતા રહે છે. વાચક ચાહક મિત્રો સૌને વિજયા દશમી દશેરા અને ૧૫૬મી ગાંધી જયંતિની શુભકામનાઓ પાઠવું છું.



### આ ફિલ્મ અલી અબ્બાસ ઝફર પ્રોડ્યુસ કરશે

# સૈયારા સ્ટાર અહાન પાંડે યશરાજ સાથે બીજી ફિલ્મ કરશે

અહાન પાંડે અને અનીત પડ્ડાની ફિલ્મ 'સૈયારા' કોઈ જ મોટા પ્રમોશન વિના ૧૮ જુલાઈએ રિલીઝ થઈ ગઈ અને જેનઝીને રાતોરાત બે સ્ટાર મળી ગયા. તેણે મોહિત સુરીએ ડિરેક્ટ કરેલી અને યશરાજ ફિલ્મ્સે પ્રોડ્યુસ કરેલી ફિલ્મથી ડેબ્યુ કર્યું હતું. આ ફિલ્મે બોક્સ ઓફિસ પર પણ ઈતિહાસ રચી દીધો હતો. ત્યારથી હવે આ બંને કલાકારો કઈ ફિલ્મ સાઈન છે, તેના પર બધાની અસર હતી. ત્યારે હવે એવા અહેવાલો છે કે, તે યશરાજ ફિલ્મ્સ સાથે વધુ એક ફિલ્મ કરી રહ્યો છે. આ ફિલ્મ અલી અબ્બાસ ઝફર પ્રોડ્યુસ કરશે, જેણે આ પહેલાં યશરાજ સાથે 'સુલતાન' અને 'ટાઈગર ઝિંદા હૈ' જેવી ફિલ્મ કરી હતી. આ અંગે એક સુત્રએ જણાવ્યું, ''અલી અબ્બાસ ઝફર એક એક્શન રોમાન્સ ફિલ્મ પર કામ કરી રહ્યા છે. તે સીનમાં ડ્રામા ઉમેરીને તેને વધુ ઝકડી રાખે એવી ફિલ્મ બનાવવા માટે જાણીતા છે. તેઓ સૈયારામાં અહાનને જોઈને ઘણા પ્રભાવિત થયા હતા.''આગળ સુત્રએ કહ્યું, ''આદિત્ય ચોપરાએ જ અલીને અહાનનું નામ સુચવ્યું હતું કે આ યુવાન કલાકાર તેમની ફિલ્મમાં સરપ્રાઈઝ એલિમેન્ટ ઉમેરી શકે છે. તે માને છે કે



અહાનનો ચહેરો બહુ વધારે દેખાયો નથી એટલે ઓડિયન્સ માટે સરપ્રાઈઝ બની શકે છે. આદી અને અલી અહાનની એક બિલકુલ નવી જ સાઈડ બતાવશે.''સુત્રએ જણાવ્યું કે, સ્ક્રિપ્ટ નક્કી થઈ ગઈ છે અને મ્યુઝિક પર પણ કામ શરૂ થઈ ગયું છે. અલી અબ્બાસ ઝફર ઈચ્છે છે કે તે ૨૦૨૬ની શરૂઆતમાં જ ફિલ્મનું શૂટિંગ શરૂ કરી દે. જોકે, હજુ આ ફિલ્મનું નામ નક્કી થયું નથી. ''સુત્રએ જણાવ્યું કે, સ્ક્રિપ્ટ નક્કી થઈ ગઈ છે અને મ્યુઝિક પર પણ કામ શરૂ થઈ ગયું છે. અલી અબ્બાસ ઝફર ઈચ્છે છે કે તે ૨૦૨૬ની શરૂઆતમાં જ ફિલ્મનું શૂટિંગ શરૂ કરી દે. જોકે, હજુ આ ફિલ્મનું નામ નક્કી થયું નથી.

### ઐશ્વર્યાએ બ્લેક શેરવાની ભારતીય સર્જનાત્મકતાને વિશ્વકક્ષાએ દર્શાવી

# ઐશ્વર્યાએ પેરિસ ફેશન વીકમાં પરંપરાને મોડર્ન દૃષ્ટિકોણથી રજૂ કરી

**ઐશ્વર્યાએ રેમ્પ પર મનિષ મલ્હોત્રાએ ડિઝાઇન કરેલી ઇન્ડિગો બ્લૂક કલરની એક વેલવેટની શેરવાની પહેરી હતી**

ઐશ્વર્યા રાયે મનિષ મલ્હોત્રાએ ડિઝાઈન કરેલી શેરવાનીમાં પૅરિસ ફેશનવીકમાં રૅમ્પવૉક કર્યુ હોવાના વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહ્યા છે. મનિષ મલ્હોત્રાએ પોતાના સોશિયલ મીડિયા પર આ વીડિયો પોતાના કામની પ્રક્રિયાની તસવીરો સાથે શેર કર્યો હતો. ઐશ્વર્યાએ રૅમ્પ પર મનિષ મલ્હોત્રાએ ડિઝાઈન કરેલી ઈન્ડિગો બ્લૂક કલરની એક વેલવેટની શેરવાની પહેરી હતી, જે ભારતીય સંસ્કૃતિમાં એક પરંપરાગત અને વૈભવી પૌષાક ગણાય છે. મનિષ મલ્હોત્રાના મતે આ લૂકના મૂળ પરંપરાગત મેન્સવેર અને મોડર્ન દૃષ્ટિકોણ બંનેના મિશ્રણથી તૈયાર થયો હતો. આ પોસ્ટમાં મનીષ મલ્હોત્રાએ ઈન્સ્ટાગ્રામ પર કહ્યું કે, આ ડ્રેસમાં ૧૦ ઈંચનો ડાયમંડ, એમ્બ્રોડરી સાથેની સ્લીવ્ઝ, ડાયમંડડ જડેલી સેરો સાથેનું નેકલેસ, ડાયમંડના ટેસેલ અને ડાયમંડના એનિમલ બ્રોચનો સમાવેશ થાય છે. આ શેરવાનીમાં ઊંચા બંધ ગળા કોલર અને વી આકારનું ગળુ આપવામાં આવ્યું છે, સાથે શોલ્ડર મોટા લાગે તે માટે પેડેડ શોલ્ડર બનાવાયા છે. સાથે જ આખી બાંય, સાઈડ અને આગળના ભાગે પરંપરાગત શેરવાની પ્રકારના કટ આપવામાં આવ્યા હતા. તેની સાથે ઐશ્વર્યાએ ફ્લેર્ડ પેન્ટ પહેર્યુ હતું. આ લૂકમાં ઐશ્વર્યાએ હાઈ હિલ્સ અને ડાયમંડના ઈઅર સ્ટડ્ઝ અને ડાયમંડ રિંગ પહેર્યા હતાં. તેણે ખુલ્લા વાળ રાખીને મેક અપમાં બોલ્ડ રેડ લિપ સ્ટિક કરીને રોમેન્ટિક લૂક બનાવવાની કોશિશ કરી હતી. ઐશ્વર્યાએ લોરિયલ પૅરિસ બ્રાન્ડ માટે રૅમ્પ વૉક કર્યુ હતું. આઝાદી, સમાનતા અને સખીપણાના સંદેશ સાથે કામ કરતી આ બ્રાન્ડ માટે ડિઝાઈનર્સે મહિલાઓના રેડી ટુ વેર સ્પ્રિંગ સમર ૨૦૨૬ના ડ્રેસ રજૂ કર્યા હતા.

## અક્ષય ખન્ના ફિલ્મ 'મહાકાલી'માં અસુર ગુરુ શુક્રાચાર્યની ભૂમિકા ભજવશે




બોલિવૂડના એક્ટર અક્ષય ખન્ના કોઈ પણ પાત્ર ભજવવા માટે જાણીતો છે. તેનો લુક દરેક ફિલ્મોમાં જુદો-જુદો હોય છે. ફિલ્મ 'છાવા'માં ઔરંગઝેબની ભૂમિકા ભજવ્યા બાદ અક્ષય ખન્ના તેની નવી ફિલ્મની તૈયારી કરી રહ્યો છે. જણાવી દઈએ કે, તેની આવનારી ફિલ્મનું નામ છે 'મહાકાલી'. હાલમાં જ આ ફિલ્મમાં અક્ષયનો ફર્સ્ટ પોસ્ટર રિલીઝ કરવામાં આવ્યો છે, જેમા તેને ઓળખવો પણ ખૂબ જ મુશ્કેલ જ નહીં પણ અશક્ય છે. 'મહાકાલી' ફિલ્મમાં તે ગુરુ શુક્રાચાર્યની ભૂમિકામાં નજર આવશે. બોલિવૂડ ઈન્ડસ્ટ્રીમાં હવે પૌરાણિક ફિલ્મોનો પ્રભાવ વધશે. ટૂંક સમયમાં અક્ષય ખન્નાની મહાકાલી ફિલ્મ પણ રિલીઝ થવાની છે. આ ફિલ્મમાં અક્ષયે ગુરુ શુક્રાચાર્યની ભૂમિકા ભજવવા માટે તેણે પોતાનો લુક સંપૂર્ણપણે બદલી નાખ્યો છે. તે ફિલ્મમાં જટાધારી ઋષિના વેશમાં નજર આવશે. સફેદ અને લાંબા વાળ અને દાઢીની સાથે દિવ્ય દૃષ્ટિ અને કપાળ પર મહાકાલનો તિલક જોવા મળે છે. અક્ષય ખન્નાનો આ અંદાજ તેના ચાહકોના મન પર એક અલગ છાપ છોડી રહી છે. અક્ષયના આ પોસ્ટરે ઘણા ચાહકોના દિલ જીતી લીધા.'હનુમાન' ફેમ ડાયરેક્ટર પ્રશાંત વર્માએ અક્ષય ખન્નાની મહાકાલીનો ફર્સ્ટ લુક શેર કર્યો હતો. પ્રશાંત કેપ્શનમાં લખ્યું 'દેવો કી છાયા મે, ક્રાંતિ કી સબસે ચમકતી હુઈ જવાલા ઉભરી. અસુરગુરુ શુક્રાચાર્ય' આ ફિલ્મથી અક્ષયની તેલુગુ સિનેમામાં એન્ટ્રી થઈ છે. આ ફિલ્મ પહેલા અક્ષય ખન્ના વિક્કી કૌશલ સ્ટારર ફિલ્મમાં ઔરંગઝેબની ભૂમિકામાં ભજવી હતી. ત્યારે પણ અક્ષયના લુક અને અંદાજે બધાના દિલ જીતી લીધા હતા. ચાહકો પણ અક્ષય ખન્નાને આ ભૂમિકામાં જોઈને આશ્ચર્યચકિત થઈ ગયા છે. યુઝર્સ કહે છે કે અક્ષય ઘણીવાર એવું કંઈક કરે છે જેનાથી ફક્ત ''વાહ!'' કહેવાનું મન થાય છે. કેટલાકે લખ્યું, ''આ એક પરફેક્ટ કાસ્ટિંગ છે. અક્ષય ખન્ના ફક્ત એક પોસ્ટરથી જ હલચલ મચાવે છે; ટ્રેલરની કોઈ જરૂર નથી.'' દર્શકો પહેલાથી જ ફિલ્મ માટે પોતાનો ઉત્સાહ બતાવી રહ્યા છે.

# 'ઓમકારા' ફિલ્મના લંગડા ત્યાગી પર ફિલ્મ બનશે

**સુત્ર દ્વારા મળતી માહિતી અનુસાર, લંગડા ત્યાગીનું પાત્ર આજે પણ લોકો યાદ કરે છે. આજે પણ આ પાત્રના મીમ્સ બને છે**

વિશાલ ભારદ્વાજે ૨૦૦૬માં અજય દેવગન, કરીના કપૂર ખાન, કોંકણા સેન શર્મા, વિવેક ઓબેરોય, બિપાશા બાસુ અને નસીરુદ્દીન શાહ સહિતની દમદાર કાસ્ટ લઈને 'ઓમકારા' નામની ફિલ્મ બનાવી હતી. આ ફિલ્મ કુમાર મંગત પાઠક દ્વારા પ્રોડ્યુસ કરવામાં આવી હતી. આ ફિલ્મ વિલિયમ શેક્સપિઅર દ્વારા લિખિત નાટક 'ઓથેલો' પર આધારીત હતી. આ ફિલ્મને વિવિધ કેટેગરીમાં નેશનલ એવોર્ડ પણ મળ્યા હતા. આ ફિલ્મના પાત્રોને વિવેચકોએ ઘણા વખાણ્યા હતા. ખાસ તો સૈફ અલી ખાને ભજવેલું પાત્ર લંગડા ત્યાગી ઘણું લોકપ્રિય થયું હતું. આ ફિલ્મના ૧૯ વર્ષ પછી કુમાર મંગત અને અભિષેક પાઠક આ પાત્રના સ્પિન ઓફની ફિલ્મ બનાવી રહ્યા છે. સુત્ર દ્વારા મળતી માહિતી અનુસાર, ''લંગડા ત્યાગીનું પાત્ર આજે પણ લોકો યાદ કરે છે. આજે પણ આ પાત્રના મીમ્સ બને છે.૧૯ વર્ષ પછી હવે કુમાર મંગત અને અભિષેક પાઠક લંગડા ત્યાગીના સ્પિન ઓફની તૈયારી કરી રહ્યા છે. તેમને એક આઈડિયા મળી ગયો છે અને તે વિચાર સહજ રીતે જ ઓમકારાની દુનિયા સાથે જોડાઈ શકે છે. એ જ રીતે તે લંગડા ત્યાગીનું પાત્ર પણ તેની સાથે મેળ ખાય છે.'' સુત્રએ આગળ જણાવ્યું કે, ''લંગડા ત્યાગી માટેનું કામ હાલ પૂર જોશમાં ચાલે છે તેઓ ઈચ્છે છે કે ૨૦૨૬માં તેઓ ફિલ્મનું શૂટિંગ શરૂ કરી દે. એવી પણ શક્યતા છે કે સૈફ અલી ખાન આ ફિલ્મમાં પાછો ફરી શકે છે. જોકે, આ ફિલ્મની કાસ્ટિંગ અંગે હજુ કોઈ જ વાત જાહેર કરવામાં આવી નથી.'' આ ફિલ્મના ૧૯ વર્ષ



પછી કુમાર મંગત અને અભિષેક પાઠક આ પાત્રના સ્પિન ઓફની ફિલ્મ બનાવી રહ્યા છે. સુત્ર દ્વારા મળતી માહિતી અનુસાર, ''લંગડા ત્યાગીનું પાત્ર આજે પણ લોકો યાદ કરે છે. આજે પણ આ પાત્રના મીમ્સ બને છે.૧૯ વર્ષ પછી હવે કુમાર મંગત અને અભિષેક પાઠક લંગડા ત્યાગીના સ્પિન ઓફની તૈયારી કરી રહ્યા છે. તેમને એક આઈડિયા મળી ગયો છે અને તે વિચાર સહજ રીતે જ ઓમકારાની દુનિયા સાથે જોડાઈ શકે છે. એ જ રીતે તે લંગડા ત્યાગીનું પાત્ર પણ તેની સાથે મેળ ખાય છે.'' સુત્રએ આગળ જણાવ્યું કે, ''લંગડા ત્યાગી માટેનું કામ હાલ પૂર જોશમાં ચાલે છે તેઓ ઈચ્છે છે કે ૨૦૨૬માં તેઓ ફિલ્મનું શૂટિંગ શરૂ કરી દે. એવી પણ શક્યતા છે કે સૈફ અલી ખાન આ ફિલ્મમાં પાછો ફરી શકે છે. જોકે, આ ફિલ્મની કાસ્ટિંગ અંગે હજુ કોઈ જ વાત જાહેર કરવામાં આવી નથી.''


## સોહમ શાહની તુમ્બાડ-ટુમાં કંગના રણૌતની પણ એન્ટ્રી

સોહમ શાહની 'તુમ્બાડ ટુ'માં એક મહત્વની ભૂમિકા માટે કંગના રણૌતની એન્ટ્રી થઈ હોવાનું કહેવાય છે. સોહમ શાહ ખુદ આ ફિલ્મનું દિગ્દર્શન કરવાનો છે. આ વખતે ફિલ્મનું બજેટ વધારીને ૧૫૦ કરોડ કરવામાં આવ્યું હોવાથી તે ફિલ્મને દરેક રીતે ભવ્ય બનાવવા પ્રયાસ કરી રહ્યો છે. આ વખતે તેણે ફિલ્મનો સઘળો ભાર એકલા હાથે ખેંચવાને બદલે કંગના સહિતના કલાકારો પર પણ મદાર રાખવાનું નક્કી કર્યું છે. ઉલ્લેખનીય છે કે કંગના અને આર માધવનની 'તનુ વેડ્સ મનુ થ્રી' પ્રોડયૂસર અને ડાયરેક્ટર વચ્ચે કોપીરાઈટના ઝઘડાના કારણે અટકી પડી છે. આ સંજોગોમાં કંગનાએ આ ફિલ્મની ઓફર સ્વીકારી હોવાનું કહેવાય છે. જોકે, આ મુદ્દે કોઈ અધિકૃત જાહેરાત કરાઈ નથી. સોહમ



શાહની 'તુમ્બાડ ટુ'માં એક મહત્વની ભૂમિકા માટે કંગના રણૌતની એન્ટ્રી થઈ હોવાનું કહેવાય છે. સોહમ શાહ ખુદ આ ફિલ્મનું દિગ્દર્શન કરવાનો છે. આ વખતે ફિલ્મનું બજેટ વધારીને ૧૫૦ કરોડ કરવામાં આવ્યું હોવાથી તે ફિલ્મને દરેક રીતે ભવ્ય બનાવવા પ્રયાસ કરી રહ્યો છે. આ વખતે તેણે ફિલ્મનો સઘળો ભાર એકલા હાથે ખેંચવાને બદલે કંગના સહિતના કલાકારો પર પણ મદાર રાખવાનું નક્કી કર્યું છે. ઉલ્લેખનીય છે કે કંગના અને આર માધવનની 'તનુ વેડ્સ મનુ થ્રી' પ્રોડયૂસર અને ડાયરેક્ટર વચ્ચે કોપીરાઈટના ઝઘડાના કારણે અટકી પડી છે. આ સંજોગોમાં કંગનાએ આ ફિલ્મની ઓફર સ્વીકારી હોવાનું કહેવાય છે. જોકે, આ મુદ્દે કોઈ અધિકૃત જાહેરાત કરાઈ નથી.

## બોલિવૂડમાં દુર્વ્યવહાર મામલે અક્ષય કુમારનું દર્દ છલકાયું



બોલિવૂડના અભિનેતા અક્ષય કુમાર ઈન્ડસ્ટ્રીના શ્રેષ્ઠ અભિનેતાઓમાંથી એક છે. તેની એક્શન ફિલ્મો, કોમેડી ફિલ્મો બધા લોકોને ખૂબ ગમે છે અને હવે તેણે બી-ટાઉનમાં ૩૫ વર્ષ પૂર્ણ કર્યા. જો કે અભિનેતાના જીવનમાં એક સમય એવો પણ હતો, જ્યારે આઉટસાઈડર હોવાના કારણે બોલિવૂડમાં પોતાની જગ્યા બનાવવા માટે તેને ઘણા ઉતાર-ચઢાવનો સામનો કરવો પડ્યો હતો. હવે હાલમાં જ એક ઈન્ટરવ્યૂમાં તેણે ખુલાસો કર્યો કે જ્યારે તેની ફિલ્મ ફ્લોપ થતી હતી, ત્યારે તેની સાથે કેવો વ્યવહાર થતો હતો. તે આ વિકટ પરિસ્થિતિનો કેવી રીતે સામનો કરતો હતો.એક ઈન્ટરવ્યૂમાં અભિનેતા અક્ષય કુમારે કહ્યું, 'મેં મારા અંગત જીવનમાં ઘણા ઉતાર-ચઢાવ જોયા છે. મેં સતત ફ્લોપ ફિલ્મો આપી છે, ૧૫થી ૧૬ ફિલ્મો એવી છે જે ફ્લોપ ગઈ છે, તો ક્યારેક ઘણી ફિલ્મો એવી છે જે હીટ પણ થઈ છે. મેં અત્યાર સુધી ૧૫૦ ફિલ્મોમાં કામ કર્યું છે.' અક્ષય કુમારે આગળ કહ્યું, 'શુક્રવાર, શનિવાર અને રવિવારે મારી ફિલ્મો સારી કમાણી ન કરે ત્યારે હું નિરાશ થઈ જાઉં, પરંતુ સોમવારે હું નવેસરથી શરૂઆત કરું છું. હું મારી આગામી ફિલ્મ માટે તૈયારી શરૂ કરું છું. ક્યારેક મારી ૧૫ ફિલ્મો એકવાર સળંગ ફ્લોપ થઈ છે, તો ક્યારેક ૧૪ ફિલ્મો પરંતુ આ બધું જીવનનો એક ભાગ છે. તમે કોઈ ફિલ્મ માટે ૮૦ દિવસ ફાળવો છો, પછી તેને ડબ કરો છો, પછી તેનું પ્રમોશન કરો છો, અને જ્યારે તે દર્શકોને પ્રભાવિત કરવામાં નિષ્ફળ જાય છે, ત્યારે હું ખૂબ જ દુઃખી થવું છું. મને એકલા બેસી રહેવાનું અને કોઈની સાથે વાત ન કરવાનું મન થાય છે. એ સમયે મારી પત્ની પણ મને સમજે છે, મારા બાળકોને કહે છે કે પપ્પાને એકલા છોડી દો, તે અમુક દિવસોમાં ઠીક થઈ જશે.'અભિનેતાએ આગળ વાત કરતા જણાવ્યું હતું કે, 'ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં તમારી છેલ્લી ફિલ્મના પ્રદર્શનના આધારે તમારી સાથે વ્યવહાર કરાય છે. તમારા પ્રદર્શનના આધારે તમારી રૂમનો આકાર બદલાય છે. જ્યારે તમારી ફિલ્મ સારું પ્રદર્શન કરે છે, તો તમને પ્રેસિડેન્શિયલ સ્યુટ મળે છે, ક્યારેક વાઈસ-પ્રેસિડેન્શિયલ અને ક્યારેક સાધારણ રૂમ મળે છે. મારી સાથે હવે આવુ નથી થતું, પણ મારી કારકિર્દીની શરૂઆતમાં મને આ પ્રકારના દૂરવ્યવહારનો અનુભવ થયો છે.'અક્ષયે આગળ કહ્યું, 'એક ફિલ્મના શૂટિંગ દરમિયાન મને નાનો રૂમ આપવામાં આવ્યો હતો. હું મારી સાથે કામ કરી રહેલા અભિનેતાનું નામ નહીં લઉં પણ જ્યારે તે અને હું સાથે સેટ પર કામ કરી રહ્યા હતા, ત્યારે પ્રોડકશને તે અભિનેતાને મોટો રૂમ આપ્યો અને મને નાનો રૂમ આપ્યો હતો.

# પરિવાર અને પ્રસંશકોના વિશ્વાસે મને નિર્ણયો લેવાની તાકાત આપી : દીપિકા

**આઈએમડીબીએ ૨૫ વર્ષના અહેવાલમાં આ કામની નોંધ લીધી ત્યારથી મારા વિચારોને વધુ તાકાત મળી છે**

આઠ કલાક કામ કરવાની શરતના કારણે પહેલા સંદીપ રેડ્ડી વાંગાની ફિલ્મમાંથી અને પછી ફી વધારાને કારણે અને અન્ય કારણો સર 'કલકી' જેવી ફિલ્મમાંથી દીપિકાને દૂર કરાતા તેના પ્રોફેશનલિઝમ અને તેની કામની શરતો અંગે અનેક પ્રકારની ચર્ચાઓ અને દલીલો શરૂ થઈ ગઈ છે. તો બીજી તરફ દીપિકા પાદુકોણ અને ફરાહા ખાને એકબીજાને સોશિયલ મીડિયા પર અનફોલો કર્યા હોવાના અને રણવીર સિંહે પણ ફરાહ ખાને અનફોલો કરી હોવાના અહેવાલો હતા. ફરાહ ખાને તો આ વાતને અફવા ગણાવીને સોશિયલ મીડિયા પર આ પ્રકારની પોસ્ટ કરનાર એક વ્યક્તિને ફરાહ ખાને કમેન્ટ કરીને પોસ્ટ પર જ ખખડાવી નાખ્યો હતો. ફરાહે આવી એક પોસ્ટમાં લખ્યું,



''તમે બધા શું ગમે તેમ લખો છો!!! મહેરબાની કરીને કંઈક બીજું કામ શોધી લો.''બીજી તરફ આઈએમડીબી દ્વારા ઈન્ડિયન સિનેમાના ૨૫ વર્ષ પર એક અહેવાલ જાહેર કરવામાં આવ્યો છે, જેમાં ઈન્ડિયન સિનેમાના ૨૦૦૦થી ૨૦૨૫ની ફિલ્મની વાત કરવામાં આવી છે. ૧ જાન્યુઆરી ૨૦૦૦થી ૩૧ ઓગસ્ટ ૨૦૨૫ સુધીના આ અહેવાલમાં દરે વર્ષની સૌથી લોકપ્રિય પાંચ ફિલ્મ જાહેર થઈ છે, તેમાં આ ૨૫ વર્ષના સૌથી લોકપ્રિય કલાકારોમાં દીપિકા પાદુકોણ ચોથા ક્રમે છે. આ અહેવાલમાં સમાવાયેલી ૧૩૦ ફિલ્મમાં દીપિકા પાદુકોણની ૧૦ ફિલ્મ છે. આ યાદીમાં ૨૦ ફિલ્મ સાથે શાહરુખ ખાન પહેલા ક્રમે છે. તેના પછી આમિર ખાન અને પછી ૧૧ ફિલ્મ સાથે રિતિક રોશનનો સમાવેશ થાય છે. આ યાદીમાં દીપિકા પાદુકોણ અમિતાભ બચ્ચન, રણબીર કપૂર, સલમાન ખાન, ઐશ્વર્યા રાય, અનુષ્કા શર્મા, કરીના કપૂર, પ્રિયંકા ચોપરા, અજય દેવગન, પ્રભાસ અને આલિયા ભટ્ટથી પણ આગળ છે. આ સંદર્ભે વાત કરતા દીપિકાએ તેના દરે ટીકાકારને જવાબ આપી દીધો છે. દીપિકાએ કહ્યું, ''મેં જ્યારે મારી સફરની શરૂઆત કરી તો મને ઘણી વખત કહેવાતું કે એક સ્ત્રીએ ફરજિયાત અથવા તો તેની પાસે અપેક્ષા હોય છે કે તેણે સફળ કારકિર્દી જ બનાવવી જોઈએ. જોકે, શરૂઆતથી જ હું પ્રશ્ન પૂછવાથી ડરી નહીં, પડકારોનો સામનો કર્યો, અઘરા રસ્તા પસંદ કર્યા છે અને બધાંએ જે કર્યું છે, એ જ કરવાની બીબાંઢાળ રૂઢિઓને પડકારી છે.

# કંતારા ચેપ્ટર ૧ સામે ટક્કર લેવા વરુણ અને જાન્હવી સજ્જ

વરુણ ધવન અને જાહ્નવી કપૂરની ફિલ્મ 'સન્ની સંસ્કારી કી તુલસી કુમારી' ફિલ્મ ૨ ઓક્ટોબરે રિલીઝ થઈ રહી છે, આ દિવસે દશેરા અને ગાંધી જયંતિની રજાઓ આવી રહી છે, સાથે જ ફિલ્મના ગીતો અને સ્ટાર કાસ્ટને કારણે ફિલ્મ અંગે ઘણી ચર્ચા છે. બીજી તરફ આ જ દિવસે રિષભ શેટ્ટીની 'કંતારા ચેપ્ટર ૧' પણ રિલીઝ થઈ રહી છે. બંને ફિલ્મના ડિસ્ટ્રીબ્યુટર્સ એક્ઝિબીટર્સ પાસેથી બને તેટલા વધુ સ્ક્રીનની માગણીઓ કરી રહ્યા છે. ખાસ તો સિંગલ સ્ક્રીન સિનેમા વધુ મુશ્કેલીમાં છે. તાજેતરના એક ઈન્ટરવ્યુમાં વરુણ ધવન અને જાહ્નવી કપૂરે આ ક્લેશ વિશે વાત કરી હતી. વરુણ ધવને જણાવ્યું, ''અમારી ફિલ્મ રિલીઝની તારીખ ઘણા કારણોથી આગળ વધતી રહી છે. અમે બેસ્ટ ફિલ્મ બનાવવાની કોશિશ કરી હતી અને અમે એના માટે મહેનત કરી છે. એક પછી એક બાગી ૪, જોલી એલએલબી ૩, કોંન્જરિંગ બધી ફિલ્મ સારી ચાલી છે. અમે ઈચ્છિએ છીએ કે અમારી ફિલ્મ કમસે કમ ૨-૩ અઠવાડિયા ચાલે. આ સિવાય અમે દિવાળી પર રિલીઝ કરી શક્યા હોત. પરંતુ અમે દિનેશ વિજાન અને અમર કૌશિકના પણ સારા મિત્ર છીએ. મેં તેમની સાથે ભેડીયા અને બદલાપુર પણ કરી છે. કરણ જોહર પણ એમનો સારો મિત્ર છે, તો તમે તમારા મિત્રોની ફિલ્મ રિલીઝ થતી હોય, ત્યારે તમારી ફિલ્મ રિલીઝ નહીં કરો.''વરુણે આગળ કહ્યું, ''આ તારીખ દશેરા અને ગાંધી જયંતિ પર આવતી હોવાથી તેની તારીખ સારી છે. બીજું, આ મારો નિર્ણય નથી. આ પ્રોડક્શનનો નિર્ણય છે. પરંતુ તારીખ એટલી મોટી હતી તો બધાને થયું. ચલો આપણને પુરતી જગ્યા મળી રહેશે. અમે કંતારા જેવી મોટી ફિલ્મ પણ નથી. અમે એવી કોઈ અસમંજસમાં પણ નથી.'' આ સાથે વરુણે ગદર અને લગાનનું ઉદાહરણ આપ્યું હતું, એ બંને ફિલ્મ સાથે રિલીઝ થઈ હોવા છતાં બંને ફિલ્મ સારી ચાલી હતી. આ જ રીતે ગદર ૨ અને ઓએમજી ૨ પણ સાથે રિલીઝ થઈ હોવા છતાં સારી ચાલી હતી. અમે ભલે કંતારા જેટલી મોટી ફિલ્મ ન હોય, અમે એના જેટલો મોટો ધંધો પણ ઈચ્છતા નથી.



**વરુણ ધવન અને જાહ્નવી કપૂરની ફિલ્મ 'સન્ની સંસ્કારી કી તુલસી કુમારી' ફિલ્મ ૨ ઓક્ટોબરે રિલીઝ થઈ રહી છે**

# અમદાવાદ ડિવિઝનમાં રેલવન એપનું સફળ સંચાલન - મુસાફરોને રેલવન એપ દ્વારા સુવિધાજનક ડિજિટલ સેવાઓ મળી રહી છે

। (રેલવે) અમદાવાદ, તા.૦૧ ।

ભારતીય રેલવે દ્વારા મુસાફરોની સુવિધા માટે વિકસાવવામાં આવેલી અત્યાધુનિક ટેકનોલોજી આધારિત રેલવન એપ, અમદાવાદ ડિવિઝનમાં સફળતાપૂર્વક કાર્યરત થઈ રહી છે. આ એપ મુસાફરોને આખા વર્ષ દરમિયાન અનુકૂળ સેવાઓ પૂરી પાડે છે અને ખાસ કરીને દુર્ગા પૂજા, દશેરા, દિવાળી અને છઠ પૂજા જેવા તહેવારોની ઋતુઓમાં ભારે ભીડના સમયે સરળ મુસાફરી સુનિશ્ચિત કરે છે.

રેલવન એપ — એક જ પ્લેટફોર્મ પર બધી મુખ્ય સેવાઓ

ભારતીય રેલની નવીનતમ રેલવન એપ જૂના રેલકનેક્ટ અને યુટીએસ એપને એકીકૃત કરે છે અને તે એન્ડ્રોઇડ અને આઈઓએસ બંને પ્લેટફોર્મ પર ઉપલબ્ધ છે. તે મુસાફરોને એક જ પ્લેટફોર્મ પર બધી મુખ્ય ડિજિટલ સુવિધાઓ પ્રદાન કરે છે, જે મુસાફરીના અનુભવને વધુ સરળ બનાવે છે.

રેલવન એપની મુખ્ય વિશેષતાઓ: ● રિઝર્વ્ડ, અનરિઝર્વ્ડ અને પ્લેટફોર્મ ટિકિટનું બૂકિંગ એક જ એપમાં. ● ટ્રેનના વાસ્તવિક સમય લાઈવ લોકેશન અને આગમન પ્રસ્થાનની જાણકારી ● પીએનઆર સ્થિતિ અને કોચની પોઝિશનની સુવિધા. ● 'માય બૂકિંગ્સ' માં બધી ટિકિટોનો રેકોર્ડ એક જ જગ્યાએ. ● સફરમાં ભોજન બુકિંગ માટેની સુવિધા. ● અદ્યતન પાર્સલ અને ફ્રેઈટ ટ્રેકિંગ સિસ્ટમ. ● 'રેલ મદદ' દ્વારા ફરિયાદો અને સૂચનો નોંધાવવાની સુવિધા. ●એમ - પિન અને બાયોમેટ્રિક




(ફિંગરપ્રિન્ટ/ફેસ ID) લોગિન વિકલ્પો. ● બધા વય જૂથો માટે સરળ અને વપરાશકર્તા મૈત્રીપૂર્ણ ઈન્ટરફેસ.

રેલવન એપના મુખ્ય ફાયદા: ● બધી સેવાઓ એક જ પ્લેટફોર્મ પર ઉપલબ્ધ. ● મોબાઈલ સ્ટોરેજની બચત. ● ઝડપી, સીમલેસ અને પર્યાવરણને અનુકૂળ ડિજિટલ સેવા. ● તમારા જૂના એકાઉન્ટ સાથે લોગિન કરવા પર ભૂતકાળના બુકિંગ અને ડેટાનું સ્વચાલિત એકીકરણ. ● વધું સારો મુસાફરોનો અનુભવ સુધારેલ અને પરરેશની -મુક્ત મુસાફરી. અમદાવાદ ડિવિઝન મુસાફરોને વિનંતી કરે છે તેમની મુસાફરીને વધુ અનુકૂળ, સલામત અને આધુનિક બનાવવા માટે રેલવન એપનો મહત્તમ ઉપયોગ કરે . મુસાફરો ગૂગલ પ્લે સ્ટોર અથવા એપલ એપ સ્ટોર પરથી રેલવન એપ સરળતાથી ડાઉનલોડ કરી શકે છે અને ડિજિટલ મુસાફરીનો લાભ ઉઠાવી શકે છે.

# ઝાલોદ ઈશાન હોસ્પિટલના નિષ્ણાંત ડો રોહિત મેરાવતે મહિલાના ગર્ભ માંથી છ કિલોની ગાંઠ કાઢી સફળ ઓપરેશન કર્યું



તસ્વીર : પંકજ પંડિત, ઝાલોદ

। (પ્રતિનિધી) ઝાલોદ, તા.૦૧ ।

ઝાલોદ બસ સ્ટેશન થી દાહોદ જતા રોડ પર ગાયનેક ડૉ રોહિત મેરાવતનુ ઈશાન હોસ્પિટલ આવેલ છે. ડૉ રોહિત મેરાવત નિષ્ણાંત ગાયનેક ડોક્ટર તરીકે પોતાની આગવી સુઝબુઝ થકી અનેક મહિલાઓની સફળ સર્જરી કરેલ છે. અગાઉ પણ ડૉ રોહિત મેરાવત દ્વારા એક મહિલાના ગર્ભ માંથી ત્રણ કિલોની ગાંઠનુ સફળ ઓપરેશન કરેલ હતું. ઝાલોદ નગરના માલીબેન કેટલાય સમયથી પેટના દુખાવાની તકલીફ થી પીડાતા હતા. મહિલાની તપાસ કરતા ડૉ રોહિત મેરાવત દ્વારા ગર્ભમા ગાંઠ હોવાનું જણાઈ આવેલ હતું. ડૉ રોહિત મેરાવત દ્વારા મહિલાના ગર્ભ માંથી ગાંઠ કાઢવાની સફળ સર્જરી કરેલ હતી તેમજ ગાંઠનુ વજન કરતા આ ગાંઠ ૬ કિલોની જણાઈ આવેલ હતી. ડૉ રોહિત મેરાવત દ્વારા મહિલાના ગર્ભ માંથી ગાંઠ કાઢવા માટે તેમના અનુભવી સ્ટાફ એનેસ્થટીક ડૉ પ્રિયંકા હઠીલા તેમજ સ્ટાફ કોકિલાબેન અને અર્ચનાબેન મદદરૂપ બનેલ હતા. નિષ્ણાંત ડૉ રોહિત મેરાવત દ્વારા મહિલાની સફળ સર્જરી કરવામાં આવતા માલીબેન અને તેમના પરિવારજનો દ્વારા તેઓનો આભાર માનવામાં આવેલ હતો.

# આર.યુ. અને ધોળકા મ્યુનિસિપલ કોર્પોરેશનનો સ્વચ્છતા અભિયાન






। અમદાવાદ, તા.૧ ।

રાઈ યુનિવર્સિટી, અમદાવાદના NSS પ્રયત્ન ક્લબે ધોળકા મ્યુનિસિપલ કોર્પોરેશનની મદદથી ધોળકામાં સ્વચ્છતા રેલીનું સફળ આયોજન કર્યું, જેનો હેતુ સ્વચ્છતા અને સામાજિક જવાબદારીનું મહત્વ જનજાગૃતિ દ્વારા પહોંચાડવાનો હતો. આ પહેલ રાષ્ટ્રવ્યાપી સ્વચ્છ ભારત અભિયાન અંતર્ગત કરવામાં આવી હતી, જે સ્વચ્છ અને સ્વસ્થ ભારતની દ્રષ્ટિ સાથે સંકળાયેલી છે.

રેલીમાં વિદ્યાર્થીઓ અને ફેકલ્ટી સભ્યો ઉત્સાહપૂર્વક જોડાયા, જેમાં તેમણે માર્ગો અને જાહેર સ્થળોની સફાઈ કરી તેમજ સ્થાનિક નાગરિકોને દૈનિક જીવનમાં સ્વચ્છતાની જાળવણી અંગે પ્રેરિત કર્યા. વિદ્યાર્થીઓએ હાથમાં બેનરો લઈને સૂત્રોચ્ચાર કર્યા અને લોકોને સ્વચ્છતા અપનાવવા તથા કચરામુક્ત વાતાવરણ જાળવવા માટે અનુરોધ કર્યો. આ રેલી વિદ્યાર્થીઓ માટે પ્રયોગાત્મક શિક્ષણનું માધ્યમ બની,જેમાંતેમણેસામાજિકજવાબદારીનિભાવતા અન્ય લોકોને પણ સ્વચ્છ સમાજ માટે પ્રેરિત કર્યા. ફેકલ્ટી સભ્યોએ વિદ્યાર્થીઓને શિસ્ત અને સમર્પણ સાથે આ પ્રવૃત્તિ સફળતાપૂર્વક પૂર્ણ કરવામાં માર્ગદર્શન આપ્યું. આયોજકોના જણાવ્યા મુજબ, સ્વચ્છતા માત્ર એક આદત નહીં પરંતુ નાગરિક કર્તવ્ય છે, જે જાહેર આરોગ્ય, સ્થાયી જીવનશૈલી અને સામાજિક ગૌરવ માટે અનિવાર્ય છે. રાઈ યુનિવર્સિટી પોતાની NSS પ્રવૃત્તિઓ અને સમુદાય સેવા કાર્યક્રમો દ્વારા સામાજિક રીતે જાગૃત અને જવાબદાર નાગરિકો તૈયાર કરવા માટે પ્રતિબદ્ધ છે.

# નવરાત્રીમાં ગુજરાતીઓ રાત્રે ગરબે ઘૂમી રહ્યાં હતા અને સિવિલ હોસ્પિટલના તબીબો નવજીવન આપવા ફરજરત રહ્યાં

। (માહિતી) અમદાવાદ,તા.૦૧ ।

નવરાત્રીના પવિત્ર દિવસોમાં જ્યારે આખુંય ગુજરાત માતાજીની ભક્તિમાં ભક્તિમય હતું અને રાત્રે ગુજરાતીઓ ગરબે ઘુમી રહ્યાં હતા ત્યારે અમદાવાદ સિવિલ હોસ્પિટલના તબીબો સતત ફરજરત રહીને અંગદાન થકી જીવનદાન આપી રહ્યા હતા. અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં ૯ દિવસમાં કુલ ત્રણ અંગદાન થયા. અને આ ત્રણ અંગદાનમાં ૧૫ અંગો મળ્યા. જેમાં ૧૧ અંગો અને ૪ આંખોનું દાન મળ્યું છે. જેમાં ૬ કિડની, ૩ લીવર, ૧ સ્વાદુપિંડ, એક હ્દય અને ચાર આંખોના દાનનો સમાવેશ થાય છે.

અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં ૯ માં નોરતે થયેલ ૨૧૬ માં અંગદાન ની વિગતો જોઈએ તો , સિવિલનાૈં ઝેંમાં દાખલ ૪૬ વર્ષીય મહીલા સારવાર દરમિયાન તા. ૩૦.૦૯.૨૦૨૫ ના રોજ બ્રેઈનડેડ જાહેર થયા. બ્રેઈન ડેડ જાહેર થયા બાદ હોસ્પિટલની અંગદાન ટીમના ડૉ. ભાવેશ પ્રજાપતિ અને ડૉ. નિમેશ દેસાઈ દ્વારા દર્દીના સગાઓને અંગદાનના મહત્વ વિશે સમજાવતા પરિવારજનોએ અંગદાનની સંમતિ આપી હતી. આ ગુપ્તદાન રૂપે થયેલ અંગદાનમાં ૨ કીડની, ૧ લીવર ને સિવિલ મેડીસીટી કેમ્પસની જ કીડની હોસ્પિટલ ના જરુરીયાત્મંદ દર્દીઓમાં પ્રત્યારોપણ કરવામાં આવશે તેમ ડો. જોષી એ જણાવ્યુ હતુ.સિવિલ હોસ્પિટલ ખાતે આજદિન સુધીમાં કુલ ૨૧૬ અંગદાન થકી કુલ ૭૧૬ અંગોનું દાન મળ્યું છે. આમ જોઈ એ તો ૧૫૪ ચક્ષુ તેમજ ૨૪ ચામડી મળી કુલ ૧૭૮ પેશી ઓ સાથે કુલ ૮૯૪ અંગો તેમજ પેશીઓ નુ દાન સિવિલ હોસ્પિટલ દ્વારા આજદીનસુધી મેળવવામાં આવ્યુ છે તેમ ડો.જોષી એ વધુ માં જણાવ્યુ હતુ. આ અંગદાન સાથે સિવિલ હોસ્પિટલમાં અત્યારસુધી ૧૯૧ લીવર, ૩૯૬ કીડની, ૧૮ સ્વાદુપિંડ, ૬૯ હ્દય,૬ હાથ, ૩૪ ફેફસાં, ૨ નાનાં આંતરડાં, ૧૫૪ ચક્ષુ તથા ૨૪ ચામડીનું દાન મળ્યુ છે.

# વ્યાજખોરોના અસહ્ય ત્રાસથી કંટાળીને ૨૫ વર્ષીય યુવકે આપઘાતનો પ્રયાસ

। અમદાવાદ, તા.૧ ।

શહેરમાં વ્યાજખોરોના અસહ્ય ત્રાસથી કંટાળીને નિખિલ રાજેશભાઈ ચંદારાણા નામના યુવકે ઝેરી દવા પીને આપઘાતનો પ્રયાસ કર્યો છે. યુવકને તાત્કાલિક સારવાર અર્થે રાજકોટ સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો છે. જ્યાં તેની સારવાર ચાલી રહી છે. ઘટના પહેલા નિખિલે એક વીડિયો પણ ઉતાર્યો હતો અને એક સ્યુસાઈડ નોટ પણ લખી હતી. જેમાં તેણે વ્યાજખોરોનો ત્રાસ અને પોલીસ કાર્યવાહી ન થવા અંગેના આક્ષેપો કર્યા છે. નિખિલે પોતાના નિવેદનમાં જણાવ્યું કે પત્ની પ્રેગનન્ટ હોવાથી પૈસાની જરૂર પડતાં તે નયન, અજીત, હિરેન અને જયદેવ નામના શખ્સોના સંપર્કમાં આવ્યો હતો. નિખિલે આ શખ્સો પાસેથી રૂ.૩ લાખ વ્યાજે લીધા હતા. જેની સામે તેણે અત્યાર સુધીમાં રૂ.૭ લાખ પરત ચૂકવી દીધા છે. જોકે આટલી રકમ ચૂકવ્યા છતાં વ્યાજખોરોએ ઉઘરાણી ચાલુ રાખી હતી. એટલું જ નહીં તેમણે દબાણ કરીને નિખિલની કાર, સ્કૂટર અને આઈફોન પડાવી લીધા હતા. આ પછી પણ ત્રાસ ઓછો ન થતાં વ્યાજખોરોએ નિખિલ અને તેની પત્નીના ફોટા પર બિભત્સ લખાણ લખીને વાયરલ કર્યા હતા. જેનાથી તેમનું ચરિત્ર હનન થયું હતું. આ સમગ્ર ત્રાસ અંગે નિખિલે અગાઉ પોલીસ કમિશનરને અરજી કરીને વ્યાજખોરો સામે કડક કાર્યવાહી કરવાની માગ કરી હતી. જોકે નિખિલના આક્ષેપ મુજબ પોલીસે કોઈ ગુનો દાખલ કર્યો ન હતો. જેનાથી કંટાળીને તેણે અંતે આ આત્મઘાતી પગલું ભર્યું હતું. પોલીસે હવે આ ગંભીર મામલે વધુ તપાસ હાથ ધરી છે.

# બારેજામાં શ્રીમતી બીલાબેન યોગેશભાઈ પટેલ રિહેબિલિટેશન સેન્ટરનો ભૂમિપૂજન સમારોહ યોજાયો



। (માહિતી) અમદાવાદ,તા.૦૧ ।

અંધજન મંડળ, અમદાવાદ દ્વારા સંચાલિત બારેજાની પોરેચા આઈ હોસ્પિટલ પરિસરમાં શ્રીમતી બીલાબેન યોગેશભાઈ પટેલ રિહેબિલિટેશન સેન્ટરની સ્થાપનાના પાવન કાર્યની શરૂઆત ભૂમિપૂજન સાથે કરવામાં આવી હતી.

આ સેન્ટર માત્ર અદ્યતન આંખની સારવાર સુધી મર્યાદિત નહિ રહે, પરંતુ દેશના પશ્ચિમ ભાગમાં એકમાત્ર પૂર્ણાંક દ્રષ્ટિ પુનર્વસન કેન્દ્ર તરીકે ઉભરી આવશે. અહીં આંખની બીમારીઓ માટે આધુનિક સારવાર સાથે સાથે દ્રષ્ટિહીન તથા ઓછી દ્રષ્ટિ ધરાવતા લોકો માટે વ્યાપક પુનર્વસન સેવાઓ ઉપલબ્ધ કરાવવામાં આવશે.

શ્રીમતી બીલાબેન યોગેશભાઈ પટેલ રિહેબિલિટેશન સેન્ટર, બારેજા, અંધજન મંડળ માટે એક વધુ ગૌરવપૂર્ણ સિદ્ધિ સમાન છે. આ કેન્દ્ર વ્યાપક ચિકિત્સા, શિક્ષણ, તાલીમ, ટેક્નોલોજી અને સ્વરોજગારની તકો દ્વારા દ્રષ્ટિહીન વ્યક્તિઓના જીવનમાં પ્રકાશ ફેલાવશે.

યોગેશભાઈ પટેલની આ અનોખી સેવા-સંવેદનાની પહેલને સમાજના તમામ વર્ગો દ્વારા હ્દયપૂર્વક આવકાર મળી રહ્યો છે. આ સેન્ટર સ્થાપિત થવાથી ગુજરાત જ નહિ, પરંતુ સમગ્ર પશ્ચિમ ભારતમાં આંખની સારવાર અને પુનર્વસન ક્ષેત્રે એક નવો માઈલસ્ટોન સ્થાપિત થશે.

અંધજન મંડળના અધ્યક્ષ તથા ટ્રસ્ટીશ્રી ડૉ. ભૂષણ પુનાણી, સુશ્રી નંદિની એસ. રાવલ, શ્રી રાજેન્દ્રભાઈ શાહ (પ્રેસિડન્ટ, અંધજન મંડળ), શ્રી ખિતીસભાઈ પટેલ (વાઈસ પ્રેસિડન્ટ, અંધજન મંડળ) તથા ડૉ. ધર્મેન્દ્ર જેના (ડિરેક્ટર – હેલ્થ કેર, અંધજન મંડળ) એ જણાવ્યું કે – "આ કેન્દ્ર અંધજન મંડળના સેવા-સંકલ્પને વધુ ઊંચાઈ પર લઈ જશે અને દ્રષ્ટિહીન તથા બહાદુર વ્યક્તિઓ માટે આશાનો નવો દિપસ્તંભ સાબિત થશે." આ ભૂમિપૂજન સમારોહમાં અંધજન મંડળના ટ્રસ્ટીઓ, સ્થાનિક આગેવાનો, આરોગ્યક્ષેત્રના નિષ્ણાતો તથા મોટી સંખ્યામાં લોકોએ હાજરી આપી અને આ ઐતિહાસિક ક્ષણના સાક્ષી બન્યા.

# ૧ નવેમ્બરથી ડાંગર, બાજરી, જુવાર, સહિતની લઘુતમ ટેકાના ભાવે ખરીદી કરાશે, રૂ. ૩૦૦નું બોનસ પણ મળશે

। (માહિતી) અમદાવાદ,તા.૦૧ ।

રાજયના ખેડૂતો પાસેથી વિવિધ ખરીફ પાકોની લઘુતમ ટેકાના ભાવે ખરીદી કરાશે. જેમાં રાજ્યના નાગરિક પુરવઠા નિગમલિમિટેડદ્વારાખેડૂતોનેતેઓનાપાકના પોષણક્ષમ ભાવ મળી રહે તે માટે ખરીફ માર્કેટીંગ સીઝન ૨૦૨૫- ૨૬માં લઘુતમ ટેકાના ભાવે ડાંગર, બાજરી, જુવાર, રાગી અને મકાઈની સીધી ખરીદી કરવામાં આવશે. લઘુતમ ટેકાના ભાવે ખરીદી માટે આ વર્ષે ડાંગર-કોમન માટે રૂ. ૨૩૬૯ પ્રતિ ક્વિન્ટલ, ગ્રેડ-એ ડાંગર માટે રૂ. ૨૩૮૯ પ્રતિ ક્વિ.,મકાઈ રૂ. ૨,૪૦૦ પ્રતિ ક્વિ.,



બાજરી રૂ.૨,૭૭૫ પ્રતિ ક્વિ., જુવાર-હાઈબ્રીડ રૂ. ૩,૬૯૯ પ્રતિ ક્વિ., જુવાર – માલદંડી રૂ.૩,૭૪૯ પ્રતિ ક્વિ. તથા રાગી માટે રૂ. ૪,૮૮૬ પ્રતિ ક્વિન્ટલની કિંમત નક્કી કરવામાં આવી છે. આ ઉપરાંત બાજરી,જુવાર તથા રાગીમાં ટેકાના ભાવ ઉપરાંત રાજ્ય સરકાર દ્વારા પ્રતિ ક્વિન્ટલ રૂ.૩૦૦નું બોનસ પણ આપવામાં આવશે. લઘુતમ ટેકાના ભાવે વેચાણ કરવા ઈચ્છતા ખેડૂતોએ ઓનલાઈન નોંધણી કરાવાની રહેશે. જેમાં સ્થાનિક ગ્રામ્ય કક્ષાએ ફઝઈ મારફતે તેમજ તાલુકા કક્ષાએ નિગમના ગોડાઉન ખાતે આવતીકાલ ૧ થી ૩૧ ઓકટોબર ૨૦૨૫ સુધી ખેડૂત ખાતેદારના બાયોમેટ્રીક ઓથેન્ટીકેશન દ્વારા જ નોંધણી કરવામાં આવશે. આ કૃષિ પાકોની ટેકાના ભાવે ખરીદી ૧ નવેમ્બર ૨૦૨૫ થી ૩૦ જાન્યુઆરી ૨૦૨૬ સુધી કરવામાં આવશે. નોંધણી માટે જરૂરી પુરાવા જેવા કે, આધાર કાર્ડની નકલ, અદ્યતન ગામ નમૂનો ૭, ૧૨, ૮-અ ની નકલ, ગામ નમૂના ૧૨માં પાક વાવણી અંગે નોંધ ના થઈ હોય તો પાકની વાવણી અંગેનો તલાટીના સહી સિક્કા સાથેનો દાખલો, ખેડૂતના નામના બેંક ખાતાની વિગત જેમ કે બેંક પાસબુકની નકલ અથવા કેન્સલ ચેકની નકલ સાથે લાવવાની રહેશે. રાજ્યના જે ખેડૂતો તેઓનો પાક લઘુતમ ટેકાના ભાવે વેચાણ કરવા ઈચ્છુક હોય તેઓએ ઓનલાઈન નોંધણી કરાવવી ફરજીયાત છે, જે માટે સંબંધિત ગ્રામપંચાયતનો સંપર્ક કરી નોંધણી કરાવવા ખેડૂત મિત્રોને નિગમ દ્વારા ખાસ અનુરોધ કરવામાં આવ્યો છે.

# આજનું રાશિ ભવિષ્ય.....

**મેષ (અ,લ,ઇ) :**
આજે વધારે તેલ અને મસાલાવાળું આહાર ટાળોજો. ધન ની આવશ્યકતા ક્યારેક પણ પડી શકે છે તેથી જેટલું શક્ય હોય પોતાના પૈસા ની બચત કરવાનું વિચાર બનાવો? મિત્રો સાથે સાંજ અત્યંત મનોરંજક તથા આનંદસભર રહેશે. આજે તમે તમારા પ્રિયપાત્ર સામ તમારી લાગણીઓ વ્યક્ત નહીં કરી શકો. માનસિક સ્પષ્ટતા તમને બિઝનેસમાં અન્યોની સરખામણીએ આગળ રાખશે.

**વૃષભ (બ,વ,ઉ) :**
આજના દિવસે તમારૂં મંતવ્ય વ્યક્ત કરતા અચકાતા નહીં. આત્મવિશ્વાસની કમીને તમારા પર અંકુશ જમાવવા ન દો કેમ કે એનાથી તમારી સમસ્યાઓની ગૂંચવણ ઓર વધશે અને તમારો વિકાસ મંદ પડશે. આત્મવિશ્વાસ પાછો મેળવવા માટે તમારી જાતને વ્યક્ત કરો તથા સમસ્યા સાથે પનારો પાડવા ખુલ્લા દિલે સ્મિત કરો. સૌથી અણધાર્યા સાધનોમાંથી તમે કમાણી કરો એવી શક્યતા છે.

**મિથુન (ક,છ,ઘ) :**
આજે અન્યોની ટીકા કરવાની તમારી ટેવને કારણે તમારે ટીકાનો સામનો કરવો પડે એવી શક્યતા છે. તમારી રમૂજવૃત્તિને ઊંચી તથા તમારા બચાવને નીચો રાખશો તો તમે કટુ ટિપ્પણીઓથી બચવા માટે સારી સ્થિતિમાં રહેશો. નાણાંપ્રવાહમાં વધારો લાંબા સમયથી ચૂકવવાની બાકી રકમ તથા બિલો ચૂકવવા આસાન બનાવશે. જીવનસાથી તમને ખુશી આપવાનો પ્રયાસ કરશે.

**કર્ક (ડ,હ) :**
આજના દિવસે પૈસા ની અછત ઘરમાં વિવાદ નું કારણ બની શકે છે, આવી સ્થિતિ માં તમારા ઘર ના લોકો સાથે કાળજીપૂર્વક વાત કરો અને તેમની સલાહ લો. અદભુત દિવસ જ્યારે તમે ઈચ્છો છો એટલું લોકોનું ધ્યાન તમને મળશે-તમારી સામે એટલી બધી બાબતો હશે અને તમાંથી કઈ બાબત હાથ ધરવી તેની મીઠી મૂમંઝવણ તમને થશે.

**સિંહ (મ,ટ) :**
આજે આઉટડૉર રમતો તમને આકર્ષશે-ધ્યાન તથા યોગ લાભ લાવશે. આજે તમારા હાથ માં ધન નહિ ટકે, ધન સંચય કરવા માં આજે તમને ઘણી બધી તકલીફો નો સામનો કરવો પડશે? પૌત્ર-પૌત્રી તથા દોહિત્ર-દોહિત્રી અત્યંત આનંદનો સ્રોત બનશે. રૉમાન્સને આજે ઓછું મહત્વ મળે એવું લાગે છે કેમ કે તમારૂં પ્રિયપાત્ર ખૂબ જ વધારે પડતી માગ કરી રહ્યું હોય એવું લાગે છે.

**કન્યા (પ,ઠ,ણ) :**
આજે તમારા માટે વધુ પૈસા કમાવવાની નવી તકો લાભદાયી હશે. લોકો તમને નવી આશાઓ તથા સપનાં આપશે-પણ તમારા પોતાના પ્રયત્નો પર ઘણું બધું અવલંબશે. આજે તમારા હ્દયના ધબકારા તમારા પ્રિયપાત્રવા લય સાથે તાલ મેળવશે અને પ્રેમનું સંગીત રેલાવશે. તમારા વરિષ્ઠો આજે તમારા કામની ગુણવત્તાથી પ્રભાવિત થાય એવી શક્યતા છે.

**તુલા (ર,ત) :**
મૌસમનો મિજાજ માણતા, ખાતી-પીતી વખતે ચેતતા રહેજો. બેદરકારી તમને બીમાર પાડી શકે છે. મોડી પડેલી લેણી નીકળતી રકમ પાછી મળતા આર્થિક સ્થિતિ સુધરશે. તમારી મહત્વાકાંક્ષા વિશે તમારા માતા-પિતા સામે રહસ્યોદ્ઘાટન માટે સારો સમય. તેઓ તમને સંપૂર્ણ સહકાર આપશે. તેની પ્રાપ્તિ માટે તમારે ધ્યાન કેન્દ્રિત કરી સખત મહેનત કરવાની જરૂર છે.

**વૃશ્ચિક (ન,ય) :**
પિતા તમને સંપત્તિના વારસામાંથી બેદખલ કરી શકે છે.પણ હિંમત હારતા નહીં. ઐશ્વર્ય મનને લાડ લડાવે છે જ્યારે અછત તેને મજબૂત બનાવે છે. આજ ના દિવસે તમને ધન લાભ થવા ની પુરી શક્યતા છે સાથેજ તમને દાન-પુણ્ય પણ કરવું જોઈએ કેમ કે આના થી તમને માનસિક શાંતિ મળશે? સંબંધીઓને મળવા જવા નાનકડી મુસાફરી તમારા રોજિંદા ભાગદોડભર્યા સમયપત્રકમાંથી તમને રાહત તથા હળવાશ આપશે

**ધન (ભ,ધ,ફ) :**
આજના દિવસે આશાવાદી બનો અને ઉજળી બાજુ જોવાનો પ્રયાસ કરો. આત્મવિશ્વાસસભર અપેક્ષાઓ તમારી આશાઓ અને ઈચ્છાઓની પૂર્તિના દ્વાર ખોલશે. તમારા ઘરને લગતું રોકાણ ફાયદાકારક પુરવાર થશે. મિત્રો તમારા અંગત જીવનમાં જરૂર કરતાં વધારે ચંચૂપાત કરશે. એકતરફી આકર્ષણ તમારી માટે માથાનો દુખાવો જ લાવશે.

**મકર (ખ,જ) :**
આજે તમારે બેસવાની અને આરામ કરવાની-તથા શોખમાં ઓતપ્રોત થવાની તથા તમને જે કરવું ગમે છે તે કરવાની જરૂર છે. અન્યોને પ્રભાવિત કરવા વધુ પડતો ખર્ચ ન કરી નાખતા. તમારે બાળકો સાથે કેટલોક સમય વિતાવવાની તથા તેમને સારા મૂલ્યો શીખવવાની તથા તેમને તેમની જવાબદારીની જાણ થાય તેવા પ્રયાસો કરવાની જરૂર છે.

**કુંભ (ગ,શ,સ) :**
આજનો દિવસે લાભદાયક રહેશે. જો આજે તમે પોતાના મિત્રો સાથે ક્યાંક ફરવા જાયી રહ્યા હો તો પૈસા સોચી વિચારી ને ખર્ચ કરો નહીંતર ધન હાનિ થયી શકે છે. પરિવાર, બાળકો તથા મિત્રો સાથે વિતાવેલો સમય તમારી શક્તિ પાછી મેળવવા માટે મહત્વનો છે. આજે તમે કુદરતી સૌંદર્ય દ્વારા અંજાઈ જાવ એવી શક્યતા છે. કામના સ્થળે આજે તમે એક અદભુત વ્યક્તિને મળો એવી શક્યતા છે.

**મીન (દ,ચ,ઝ,થ) :**
આજે તમારે જીવનસાથીની તબિયત વિશે યોગ્ય દરકાર તથા ધ્યાન આપવું પડશે. જો તમારે જીવન સુગમ રીતે ચલાવવું હોય તો તમારે ધન ના આવાગમન પર ધ્યાન આપવું જોઈએ? ઘરને લગતી બાબતો તથા ઘરના બાકી રહી ગયેલા કામ પૂરાં કરવા માટે અનુકૂળ દિવસ. આજે તમારૂં પ્રિયપાત્ર તમારા અનિશ્ચિત વર્તન સાથે પનારો પાડવામાં ખૂબ જ મુશ્કેલી અનુભવશે.






ગુવાહાટીમાં ભારત વિ શ્રીલંકા, ICC મહિલા ક્રિકેટ વર્લ્ડ કપ: IND-W એ વરસાદથી પ્રભાવિત ઓપનર પર ૫૯ રનથી વિજય મેળવ્યો...

## ન્યૂઝ બ્રિફ

### ભાજપના વરિષ્ઠ નેતા વિજય કુમાર મલ્હોત્રાનું નિધન, દિલ્હીની એઈમ્સ હોસ્પિટલમાં લીધા અંતિમ શ્વાસ

। (એજન્સી) નવી દિલ્હી, તા.૦૧ ।

વરિષ્ઠ ભાજપ નેતા વિજય કુમાર મલ્હોત્રાનું ૩૦ સપ્ટેમ્બર, મંગળવારની સવારે નિધન થયું છે. તેઓ દિલ્હી ભાજપના પહેલા પ્રદેશ અધ્યક્ષ હતા અને દિલ્હીમાંથી પાંચ વખત સાંસદ (લોકસભા સભ્ય) તેમજ બે વખત ધારાસભ્ય પણ રહી ચૂક્યા છે. વરિષ્ઠ ભાજપ નેતા વિજય કુમાર મલ્હોત્રાનું ૩૦ સપ્ટેમ્બર, મંગળવારની સવારે નિધન થયું. એઈમ્સ (AIIMS) દિલ્હીએ પ્રેસ રિલીઝ કરીને આ સમાચારની પુષ્ટિ કરી. એઈમ્સે જણાવ્યું કે તબિયત બગડતાં તેમને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા, જ્યાં ૩૦ સપ્ટેમ્બરની સવારે ૯૩ વર્ષની ઉંમરે તેમણે અંતિમ શ્વાસ લીધા. વિજય કુમાર મલ્હોત્રાનો જન્મ ૩ ડિસેમ્બર, ૧૯૩૧ના રોજ અખંડ ભારતના લાહોર (હવે પાકિસ્તાન)માં થયો હતો. ભાગલા પછી તેમનો પરિવાર ભારત આવ્યો અને તેમણે દિલ્હીમાં પોતાનો અભ્યાસ પૂર્ણ કર્યો.

# અમેરિકન સોયાબીનના કોઈ ખરીદદાર જ નહીં, ભારત-ચીનની કિલ્લેબંધી

। (પીઆઈબી) નવીદિલ્હી, તા.૦૧ ।

કહેવત છે કે ભેંસના શીંગડા ભેંસને ભારે પડેઅમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ સાથે પણ આવું જ થયું છે. તેમણે નાખેલા ટેરિફ હવે તેમને જ નડી રહ્યા છે. તેના ટેરિફના કારણે આજે પરિસ્થિતિ એવી આવી છે કે અમેરિકન ખેડૂત તેમની મકાઈ અને સોયાબીનનો પાક વેચવા સંઘર્ષ કરી રહ્યા છે. નિષ્ણાતોનું કહેવું છે કે જો ભારત-ચીન મક્કમ રહ્યા તો અમેરિકાને તેની સોયાબીન-મકાઈ ખરીદનાર કોઈ નહીં મળે. અમેરિકન ખેડૂતોની સ્થિતિ એકદમ ખરાબ બનતા સરકાર પર દબાણ આવશે. અમેરિકન સેનેટમાં પણ આ મુદ્દો હાલમાં ગરમી પકડી રહ્યો છે. હવે જો ભારત-ચીને થોડો પણ સમય ખેંચી કાઢ્યો તો ટ્રમ્પ રીતસર ઘૂંટણિયે આવી જશે. અમેરિકા વર્ષે ૨૪ અબજ ડોલર કરતાં પણ વધુ મૂલ્યની સોયાબીનનીનિકાસ કરે છે. તેમાથી અડધી તો ચીન ખરીદે છે, હવે ટ્રમ્પના ટેરિફના કારણે ગીન્નાયેલા ચીને સોયાબીન ખરીદવા માટે અમેરિકાના




બદલે બ્રાઝિલ અને આર્જેન્ટિના પર ૫ સંદગી ઉતારી છે. જ્યારે ભારતમાં તો બંને મોકલવા હોય તો ૪૫ ટકા અને ૬૦ ટકા ટેક્સ ચૂકવવો પડે.જ્યારે ચીને ટ્રમ્પના ટેરિફ સામે વળતો ૩૪ ટકા ટેરિફ લાદ્યો છે. આજે અમેરિકન ખેડૂતોનો મકાઈ અને સોયાબીનનો પાક ઊભો તૈયાર છે, પરંતુ તેનું લેવાલ કોઈ નથી. ન્યૂયોર્ક ટાઈમ્સના જણાવ્યા મુજબ એક સમયે ૧૨થી ૧૩ અબજ ડોલરના સોયાબીનની ખરીદી કરતા ચીને આ વર્ષે અમેરિકા પાસેથી સમખાવા પૂરતી પણ સોયાબીનની આયાત કરી નથી. ચીને તેના બદલે બ્રાઝિલ અને આર્જેન્ટિના પર પસંદગી ઉતારી છે. અમેરિકન સોયાબીન નિકાસ પરિષદના સીઈઓ જિમ સટરને ટાંકીને રિપોર્ટમાં કહેવામાં આવ્યું છે કે સોયાબીન માટે સમય હવે ખેડૂતોના હાથમાંથી નીકળી રહ્યો છે. ચાર-ચાર વખત મંત્રણા થવા છતાં સોયાબીનને લઈને કોઈ વાત બની નથી. ટ્રમ્પે જણાવ્યું હતું કે સોયાબીન અંગે જો કોઈ ઉકેલ ન આવ્યો તો તેઓ રાહત પેકેજ આપી શકે છે, જે તેમના પહેલા કાર્યકાળ દરમિયાન આપવામાં આવેલા પેકેજ જેવું જ હશે. તેની સામે સોયાબીનનો પાક લેનારા ખેડૂતોનું કહેવું છે કે આ પ્રકારની રાહત ફક્ત કામચલાઉ સમાધાન જ હશે. આ અંગે ચીનનું સ્પષ્ટ કહેવું છે કે અમેરિકા પહેલા અયોગ્ય ટેરિફ હટાવે, પછી અમે વિચારીશું. અમેરિકન ટેરિફ સામે ચીનના વળતા પ્રહારના કારણે જુવાર, મકાઈ, કપાસની સાથે મરીન ફૂડ એક્સપોર્ટ પર પણ વિપરીત અસર પડી છે. આમ ભારત, ચીન, રશિયા અને બ્રાઝિલ થોડો સમય પણ મક્કમ રહ્યા તો અમેરિકાની ટેરિફની બધી દાદાગીરી સોંસરવી નીકળી જવાની છે. ટેરિફના જોર પર કૂદાકૂદ કરતાં ટ્રમ્પ સાવ ઢીલાઘેંસ થઈ જશે. આગામી દિવસોમાં ખેડૂતો વીફરશે તો ટ્રમ્પને નાકલીટી તાણ્યા વગર છૂટકો જ નથી. આમ બ્રિક્સ દેશોની એક્તા ટ્રમ્પને ટેરિફ ભૂલવાડી શકે છે.

### PM મોદીએ આપ્યું સમર્થન

# ડોનાલ્ડ ટ્રમ્પે હમાસ-ઇઝરાયલ યુદ્ધને રોકવા માટે બનાવી યોજના

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧ ।

ડોનાલ્ડ ટ્રમ્પે હમાસ-ઈઝરાયલ સંઘર્ષને ઉકેલવા માટે ગાઝા શાંતિ યોજનાનો પ્રસ્તાવ મૂક્યો છે. જેને લઈને PM મોદીએ પણ ટ્રમ્પની આ યોજનાને પણ સમર્થન આપ્યું છે. જાણો શું છે આ યોજના હમાસ અને ઈઝરાયલ વચ્ચે ચાલી રહેલું યુદ્ધ હવે સમાપ્ત થવાના આરે છે. ડોનાલ્ડ ટ્રમ્પે ગાઝામાં શાંતિ લાવવા માટે શાંતિ યોજનાનો પ્રસ્તાવ મૂક્યો છે. ડોનાલ્ડ ટ્રમ્પની ગાઝા શાંતિ યોજના પર વિશ્વભરમાંથી પ્રતિક્રિયાઓ આવવા લાગી છે. આ દરમિયાન, PM મોદીએ પણ ટ્રમ્પની ગાઝા યોજનાને જાહેરમાં સમર્થન આપ્યું છે. PM મોદીએ ટ્રમ્પના પગલાનું સ્વાગત કર્યું છે અને કહ્યું છે કે, ભારત તેમને સંપૂર્ણ સમર્થન આપે છે અને ટ્રમ્પની પહેલમાં બધા એક થશે. જણાવી દઈએ કે, આ અગાઉ, આઠ દેશોએ પણ ટ્રમ્પની ગાઝા શાંતિ યોજનાને ટેકો આપ્યો છે. PM મોદીએ X પર પોસ્ટ કરીને કહ્યું કે, "અમે રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ દ્વારા ગાઝા યુદ્ધને સમાપ્ત કરવા માટે એક વ્યાપક યોજનાની જાહેરાતનું સ્વાગત કરીએ છીએ. તે પેલેસ્ટિનિયન અને ઈઝરાયલી લોકો તેમજ વ્યાપક પશ્ચિમ એશિયાઈ ક્ષેત્ર માટે લાંબા ગાળાની અને ટકાઉ શાંતિ, સુરક્ષા અને વિકાસ માટે એક વ્યવહારુ માર્ગ પ્રદાન કરે છે. અમને આશા છે કે, સંબંધિત તમામ પક્ષો રાષ્ટ્રપતિ ટ્રમ્પની પહેલમાં એક થશે અને સંઘર્ષનો અંત લાવવા અને શાંતિ સુનિશ્ચિત કરવાના આ પ્રયાસને સમર્થન આપશે. ભારતની સાથે, ઘણા મુસ્લિમ દેશોએ પણ ડોનાલ્ડ ટ્રમ્પની ગાઝા શાંતિ યોજનાનું સ્વાગત કર્યું છે. કતાર, જોર્ડન, યુએઈ, ઈન્ડોનેશિયા, પાકિસ્તાન, તુર્કી, સાઉદી અરેબિયા અને ઈજિપ્તના વિદેશ પ્રધાનોએ ગાઝા યુદ્ધને સમાપ્ત કરવાના રાષ્ટ્રપતિ ટ્રમ્પના પ્રયાસોનું સ્વાગત કરતું સંયુક્ત નિવેદન બહાર પાડ્યું છે. જણાવી દઈએ કે, ડોનાલ્ડ ટ્રમ્પે ગાઝામાં ઈઝરાયલ અને હમાસ વચ્ચેના યુદ્ધને સમાપ્ત કરવા માટે ૨૦-મુદ્દાની ગાઝા યોજના તૈયાર કરી છે.

દારૂથી આત્માનો નાશ થાય છે. દારૂની લતથી ગાંડપણ, વ્યાભિચાર, જુગાર વગેરે જેવી બદીઓનો શિકાર બનાય છે. જો આપણે કોઈને દારૂની ખરાબ લત છોડાવીએ તો તેને જેલમાંથી મુક્ત કરાવ્યા જેવું છે. માણસને દારૂની બિલકુલ જરૂર નથી. એ જગજાહેર છે. દારૂડિયો સંયમ ન રાખી શકે તેનાથી કોણ અજાણ છે? તેથી, મને આશા છે કે વિવેકથી, જોર-જુલમ કર્યા વિના, સમજપૂર્વક 'દારૂનું વ્યસન છોડાવવાનો પ્રયત્ન દરેક વ્યક્તિ કરે.'

-મહાત્મા ગાંધી

નિયામક, નશાબંધી અને આબકારી, ગુજરાત રાજ્ય

તા. ૦૨-૧૦-૨૦૨૫ થી તા. ૦૮-૧૦-૨૦૨૫ સુધી નશાબંધી સપ્તાહની ઉજવણી કરે છે.

સત્યમેવ જયતે ગુજરાત સરકાર

હર ઘર સ્વદેશી

સંદેશો

मुझे यह जानकर खुशी हो रही है कि गुजरात सरकार द्वारा इस वर्ष गाँधी जयंती, **२ अक्टूबर से "मद्य निषेध सप्ताह"** मनाया जा रहा है।

गुजरात की मद्य निषेध नीति महात्मा गांधी के आदर्शों और सिद्धांतो पर आधारित है। समाज को नशा-मुक्त और स्वस्थ बनाने की यह प्रतिबद्धता हमारे संविधान द्वारा निर्देशित मादक पेयों के उपयोग का प्रतिषेध करने के प्रावधान में भी स्पष्ट रुप से उल्लेखित है।यह **"मद्य निषेध सप्ताह"** हमारे समाज में नशा-मुक्ति, आत्मसंयम और सामाजिक उत्तरदायित्व के महत्व को रेखांकित करने का एक महत्वपूर्ण अवसर है, जो हमें एक स्वस्थ और समृद्ध समाज की दिशा में आगे बढने के लिए प्रेरित करेगा।मैं सभी नागरिकों, विशेषकर युवाओं से आग्रह करती हूं कि वे हमेशा नशे से दूर रहें और दूसरों को भी इसके लिए प्रेरित करें, ताकि हम एक स्वास्थ्य-युक्त और नशा- मुक्त समाज का निर्माण कर सकें।

मैं गुजरात सरकार और इस अभियान से जुडे सभी लोगों को साधुवाद देती हूं तथा **"मद्य निषेध सप्ताह"** के लक्ष्यों को प्राप्त करने में सफलता की कामना करती हूं।

**श्रीमती द्रौपदी मुर्मु**
राष्ट्रपति, भारत

ગુજરાત સરકાર દ્વારા **૦૨-૦૮ ઓક્ટોબર, ૨૦૨૫ દરમિયાન 'નશાબંધી સપ્તાહ'** મનાવાઇ રહ્યું છે તે સ્તુત્ય પગલું છે.

મહાત્મા ગાંધીના સિદ્ધાંતોને સમર્પિત ગુજરાત રાજ્ય આરંભથી જ સંપૂર્ણ નશાબંધીની નીતિ પર ચાલતું આવ્યું છે. ગુજરાતી પ્રજાની સુખાકારી, સામાજિક સુરક્ષા અને આર્થિક સમૃદ્ધિના ફળદાયી પરિણામ પાછળ નશાબંધી એક મોટું પરિબળ છે.

ગુજરાત સરકાર દ્વારા આરંભાયેલી **નશાબંધી ઝુંબેશ** વધુ અસરકારક નીવડે એવી શુભકામના.

**નરેન્દ્રભાઈ મોદી**
વડાપ્રધાનશ્રી, ભારત

મહાત્મા ગાંધીજીના આદર્શોથી પ્રેરિત નશાબંધીની નીતિ ગુજરાત રાજ્યની સામાજિક અને નૈતિક પરંપરાનું પ્રતિબિંબ છે. આ માત્ર કાયદાકીય વ્યવસ્થા નથી, પરંતુ નાગરિકોના સુખ-સમૃદ્ધિ, આરોગ્યનું રક્ષણ અને સમાજના નબળા વર્ગોના કલ્યાણ માટેની નૈતિક પ્રતિબદ્ધતા છે.

**૨ થી ૮ ઓક્ટોબર, ૨૦૨૫ દરમિયાન ઉજવવામાં આવનાર નશાબંધી સપ્તાહ ગાંધીજીના મૂલ્યોને યાદ કરવાની વધુ એક સુંદર તક છે.** આ અભિયાનને સફળ બનાવવા માટે નાગરિકોની સહભાગિતા અને જનજાગૃતિ અત્યંત આવશ્યક છે.

આ અવસરે **હું ગુજરાત સરકાર અને રાજ્યના તમામ નાગરિકોને હાર્દિક શુભેચ્છાઓ પાઠવું છું.** આ અભિયાનથી સમાજમાં વધુ સ્વસ્થ, સુમેળસભર અને મૂલ્ય આધારિત જીવન માટે સૌને પ્રેરણા મળે તેવી મારી શુભકામનાઓ.

**આચાર્ય દેવવ્રત**
રાજ્યપાલશ્રી, ગુજરાત રાજ્ય

સમાજમાં એક નજર કરીએ તો જોઈ શકાય છે કે સ્વ-પ્રસન્નતા માટે શરૂ કરવામાં આવેલું વ્યસન અનેક વિપરિત પરિણામોનું કારક બની રહે છે. ઘણા લોકો વ્યસનને વ્યક્તિગત નબળાઈની સમસ્યા માને છે. પૂરતી ઇચ્છાશકિતના અભાવને કારણે વ્યસન પર નિયંત્રણ લાવવું કઠિન બને છે. વ્યસનનો અતિરેક વ્યકિતના માનસ, વ્યવહારિક જીવન અને સંબંધો પર ગંભીર અસર પહોંચાડી શકે છે. **રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીએ ભારત ભ્રમણ કર્યું તે સમયે તેમણે પ્રજાની વ્યથાને અનુભવી અને દેશના નાગરિકો સ્વચ્છતા, સાદગી અને નશામુક્તિના માર્ગ તરફ વળે એ માટે હાકલ પણ કરી હતી. નાગરિકો સ્વચ્છતા જાળવે અને સાથે સાથે વ્યસનથી પણ દૂર રહે તેનો આગ્રહ માનનીય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી પણ હંમેશાં રાખતા આવ્યા છે.**

ગુજરાતની સ્થાપનાથી જ રાજ્યમાં નશાબંધી-દારૂબંધીનો કડક અમલ અસ્તિત્વમાં છે. ગાંધીજીનું ગુજરાત નશા-દારૂની બદીથી મુક્ત રહે એવા પ્રયાસો અને કાયદાકીય અમલ કરાય તે આવકાર્ય છે. **નશાબંધી અને આબકારી ખાતા દ્વારા મહાત્મા ગાંધીના જન્મદિન તા. ૨ ઓક્ટોબરથી તા. ૮ ઓક્ટોબર સુધી "નશાબંધી સપ્તાહ"ની ઉજવણી કરવામાં આવી રહી છે,** તેનું આયોજન અભિનંદનીય છે. ગુજરાતમાં નશામુક્ત અને તંદુરસ્ત સમાજના નિર્માણ સાથે વિકાસની વાટને વધુ બળવત્તર બનાવવા સરકાર અને સામાજિક સંસ્થાઓના પ્રયાસોને બહોળી સફળતા મળે એવી શુભકામના સાથે કાર્યક્રમમાં સહભાગી સર્વે હિતધારકોને અભિનંદન.

**ભૂપેન્દ્રભાઈ પટેલ**
મુખ્યમંત્રીશ્રી, ગુજરાત રાજ્ય

વ્યસન એ સમાજ માટે એક એવી ગંભીર સમસ્યા છે, જે દેશના યુવાધન અને પરિવારોને ખૂબ મોટું નુકસાન પહોંચાડે છે. આ પડકારને પહોંચી વળવા માટે, **નશાબંધી અને આબકારી વિભાગ દ્વારા દર વર્ષે યોજાતો નશાબંધી સપ્તાહ એક અત્યંત પ્રેરણાદાયક અને મહત્વપૂર્ણ પહેલ છે.**

મને એ જાણીને ખૂબ જ આનંદ થયો છે કે નશાબંધી સપ્તાહ દરમિયાન આપના વિભાગે સમાજમાં નશાબંધી પ્રત્યે જાગૃતિ લાવવા માટે વિવિધ કાર્યક્રમોનું આયોજન કર્યું છે. ખાસ કરીને, **"નશામુક્ત ભારત અભિયાન"** અંતર્ગત કરવામાં આવેલા પ્રયાસો પ્રશંસનીય છે. આ પ્રકારના કાર્યક્રમોથી સમાજમાં સકારાત્મક પરિવર્તન આવશે અને યુવાનો વ્યસનમુક્તિ માટે પ્રેરિત થશે.

હું આશા રાખું છું કે આપના વિભાગના નિષ્ઠાવાન પ્રયાસોથી આપણે સૌ એક સ્વસ્થ, તંદુરસ્ત અને વ્યસનમુક્ત સમાજનું નિર્માણ કરી શકીશું.

આપની સમગ્ર ટીમની મહેનત અને સમર્પણ બદલ હું હૃદયપૂર્વક આભાર વ્યકત કરું છું અને ભવિષ્યના આવા તમામ પ્રયાસો માટે મારી શુભેચ્છાઓ પાઠવું છું.


**હર્ષભાઈ સંઘવી**
રાજ્યકક્ષાના ગૃહમંત્રીશ્રી, ગુજરાત રાજ્ય

સત્યમેવ જયતે
ગુજરાત સરકાર

સ્વભાવ સ્વચ્છતા - સંસ્કાર સ્વચ્છતા

# સ્વદેશીવ્રત આ યુગનું મહાવ્રત છે

- મહાત્મા ગાંધી



## મહાત્મા ગાંધીજીને જન્મજયંતી નિમિત્તે શત્ શત્ નમન



"ભારતના લોકોની મહેનત અને કૌશલ્યથી બનેલી 'મેઈડ ઈન ઈન્ડિયા' વસ્તુઓ ખરીદવાનો સંકલ્પ કરીએ"

- **શ્રી નરેન્દ્રભાઈ મોદી**, વડાપ્રધાન

## સ્વચ્છતા અને સ્વદેશી અપનાવીએ

: ગરિમામયી ઉપસ્થિતિ :

**શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ**

માનનીય મુખ્યમંત્રી, ગુજરાત

રાષ્ટ્રપિતા **પૂજ્ય મહાત્મા ગાંધીજી**ની જન્મજયંતીના અવસરે

**સર્વધર્મ પ્રાર્થનાસભા**

**તારીખ :** ૨ ઓક્ટોબર, ૨૦૨૫, ગુરુવાર
**સમય :** સવારે ૮-૦૦ વાગે
**સ્થળ :** કીર્તિમંદિર, પોરબંદર



ગાંધી જયંતીના પાવન અવસરે તા.૩૧.૧૨.૨૦૨૫ સુધી ગુજરાતમાં ઉત્પાદિત **ખાદી** અને **પોલીવસ્ત્ર**ના વેચાણ પર **ખાસ વળતર** અપાશે.

**ખાદી ગ્રામોદ્યોગ** સાથે જોડાયેલાં પરિવારોને મળશે **સતત રોજગારી**

## હર ઘર સ્વદેશી ઘર-ઘર સ્વદેશી